MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૨૨-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોના સંકટઃ પેસેન્જર્સે ફ્લાઇટના બે કલાક પહેલા એરપોર્ટ પહોંચવું પડશે

4 આત્મ નિર્ભર બનાવવાની યોજના માત્ર કાગળ પર.? અમુક બેંકોને ફોર્મ જ નથી મળ્યા!!

11 સુરતમાં કોન્ટેક્ટ ટ્રેસિંગ કરતી ટીમને ૩૧૪ કેસ મળ્યા, આઈસોલેટથી ચેપ અટક્યો

12 નાંદોદના ભદામગામમાં કેટલા વર્ષોથી ગેર કાયદેસર સ્ટ્રીટ લાઈટો ચાલતી હતી..? કોની મિલીભગત..?!

છેલ્લા ૨૪ કલાકમાં ૫૬૦૯ નવા પોઝિટિવ કેસ અને ૧૩૨ના મોત

દેશમાં કોરોના બેકાબૂ: દર કલાકે ૨૩૩ કેસ, ૫ લોકોના મોત

સંક્રમિતોની સંખ્યા ૧,૧૨,૩૫૯ પર પહોંચી,૩૪૩૫ લોકોના મોત જ્યારે ૪૫,૨૯૯ લોકો સાજા થયા,હાલ ૬૩,૬૨૪ એક્ટિવ કેસ,કોરોનાના સૌથી વધારે એક્ટિવ કેસના મામલામાં ભારતે ઈટાલી અને સ્પેનને પાછળ છોડ્યા,દેશમાં સૌથી વધુ મહારાષ્ટ્રમાં સંક્રમિતોની સંખ્યા ૩૯,૨૯૭ અને મૃત્યુઆંક ૧૩૯૦

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોના મહામારીનો પ્રકોપ સતત વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૫૬૦૯ નવા કેસ નોંધાયા અને ૧૩૨ દર્દીઓના મોત થયા છે. આ આંકડાઓને પ્રતિ કલાકની રીતે જોઈએ તો દર કલાકે ૨૩૩ કોરોના સંક્રમણના કેસો સામે આવ્યા અને પ્રતિકલાકે પથી વધારે લોકોનાં મૃત્યુ થયા છે. દેશમાં વધી રહેલા કેસોમાં મહારાષ્ટ્રનો ફાળો સૌથી વધારે હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્રમાં સંક્રમિતોની સંખ્યા ૩૯,૨૯૭ અને મૃત્યુઆંક ૧૩૯૦ પર પહોંચી ગયો છે. તો બીજા નંબરે રહેલા તમિલનાડુમાં સંક્રમિતોનો આંકડો ૧૩ હજારની પાર પહોંચ્યો છે. ૩ દિવસ પહેલા જ આ સંખ્યા એક લાખને પાર પહોંચી હતી. આ સપ્તાહ દર્દીઓની સંખ્યા પહેલા કરતા વધી ગઈ છે. હવે દર ૨ દિવસે ૧૦ હજારથી વધુ સંક્રમિત વધી રહ્યા છે, અને રોજ દોઢ હજારથી વધુ દર્દીઓ સાજા થઈ રહ્યા છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના જણાવ્યાં પ્રમાણે, છેલ્લાં ૨૪ કલાકમાં ભારતમાં કોરોના વાઇરસના ૫૬૦૯ કેસ નોંધાયા છે, જ્યારે ૧૩૨ દરદીઓના મૃત્યુ થયા છે.. જો તેને પ્રતિ કલાકની રીતે જોઈએ તો ભારતમાં એક પછી એક લોકડાઉન-૪ સુધી પહોંચવા છતાં પ્રતિ કલાકે ૨૩૩ પોઝીટીવ કેસ નોંધાયા છે અને દર કલાકે ૫ લોકોના મૃત્યુ થયા છે. ગઈ કાલે બુધવારે પણ ૫ હજ્જર કરતાં વધારે કેસો બહાર આવ્યાં હતા. હાલ દેશમાં કુલ કેસની સંખ્યા ૧,૧૨,૩૫૯એ પહોંચી છે, જ્યારે એક્ટિવ કેસની સંખ્યા ૬૩,૬૨૪ છે. કોરોના વાઇરસના કારણે દેશમાં મૃત્યુ પામનારની સંખ્યા ૩,૪૩૫ છે.

ભારતમાં કોરોના વાઇરસનો ફેલાવો સતત વધી રહ્યો છે અને સતત બીજા દિવસે ૫,૬૦૦થી વધુ સંક્રમિત દર્દીઓ સામે આવ્યા છે. ૨૪ કલાક પહેલા જ્યાં ૫,૬૧૧ નવા કેસ સામે આવ્યા હતા તો ગુરૂવારે સવારે ૮ કલાક સુધીમાં વધુ ૫,૬૦૯ પોઝિટિવ દર્દીઓ સામે આવ્યા છે.

લૉકડાઉનના ૫૮મા દિવસે સરકારે આપ્યા રાહતના સમાચાર

સામાન્ય લક્ષણો ધરાવનાર દર્દી કોરોના ફેલાવતો નથી

કોરોના વાયરસને લઈને એક મોટા સમચાર આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી અપાયેલી માહિતી મુજબ જે દર્દીઓમાં કોરોનાના સાધારણ લક્ષણો હોય અથવા જેને તાવ નથી આવતો તે સંક્રમણ ફેલાવી શકતા નથી. આવા દર્દીઓના લક્ષણો શરૂ થયાના ૧૦ દિવસ બાદ ડિસ્ચાર્જ કરવામાં આવે છે. જો તેઓને સતત ૩ દિવસ સુધી તાવ ના આવતો હોય. તેઓને ડિસ્ચાર્જ કરાયા પહેલા ટેસ્ટ કરવાની પણ કોઈ જરૂર નથી. પરંતુ આવા લોકોને ડિસ્ચાર્જ થયા પછી ૭ દિવસ સુધી તેઓએ પોતાના ઘર પર જ આઈસોલેટ રહેવું પડે છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંક મુજબ ભારતમાં ૬૯ ટકા કોરોના મરીજ લક્ષણો વગરના છે.

૧૯ લાખ ખેડૂતોના ખાતામાં ૭૫૦૦ રૂપિયા જમા થશે

છત્તીસગઢ સરકારે રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના શરૂ કરી

રાયપુર

પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની પુણ્યતિથિ પર છત્તીસગઢ સરકાર દ્વારા મહત્વપૂર્ણ યોજના શરૂ કરવામાં આવી છે. કોંગ્રેસની કાર્યકારી અધ્યક્ષ સોનિયા ગાંધી અને મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ દ્વારા રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજના શરૂ કરવામાં આવી છે. જેને લઈને સોનિયા ગાંધીએ કહ્યું કે ન્યાય સ્કીમની શરૂઆતથી પાર્ટીના દરેક કાર્યકર ખુશ છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે રાજીવ જી ના હૃદયમાં ખેડુત, ખાસ કરીને મહિલા અને આદિવાસી ખેડૂતો માટે ઘણો પ્રેમ હતો, જેને લઈને સમય-સમય પર આ બધા વચ્ચે જઈને સીધી વાતચીત કરતા હતા અને મુશ્કેલીઓ અંગેની જાણકારી લેતા હતા. તેઓ માનતા હતા કે ખેડૂત અને ખેતી જ ભારતના વિકાસની મુખ્ય મિલકત છે.

જ્યારે કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે રાજીવ ગાંધી કિસાન ન્યાય યોજનાની ઐતહાસિક શરૂઆત સીએમ ભૂપેશ બઘેલના નેતૃત્વમાં છત્તીસગઢમાં કરવામાં આવી છે. ૧૯ લાખ ડાંગ, મકાઈ, શેરડી ઉત્પન્ન કરનાર ખેડૂતોના ખાતામાં ૭૫૦૦ રૂપિયા જશે.

પશ્ચિમ બંગાળમાં અમ્ફાન તોફાનમાં ૭૨ લોકોના મોત : મમતા બેનર્જી

પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં ભારે તબાહી મચાવ્યા બાદ વાવાઝોડુ અમ્ફાન બાંગ્લાદેશ પર પહોંચી ગયું છે : મૃત્યુ પામનાર લોકોને ૨.૫ લાખની જાહેરાત

મુંબઈ

ચક્રવાત અમ્ફાન પશ્ચિમ બંગાળમાં વિનાશ સર્જ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું છે કે પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધીમાં ૭૨ લોકોનાં મોત નીપજ્યાં છે. મમતા બેનર્જીએ કહ્યું કે તેમણે આટલી ભયાનક વિનાશ કદી જોઈ નથી. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પશ્ચિમ બંગાળ આવીને વિનાશનું દ્રશ્ય પોતાની આંખોથી જોવાની અપીલ કરી છે. અમ્ફાન વાવાઝોડાને કારણે રાજ્યના હજારો મકાનોને નુકસાન પહોંચ્યું છે. આશરે છ લાખ લોકોને ઘરમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. અમ્ફાન વિશે પ્રેસ કોન્ફરન્સમાં બોલતા મમતા બેનર્જીએ કહ્યું, 'પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધી ૭૨ લોકોનાં મોત નીપજ્યાં છે. આજદિન સુધી મેં આવી વિનાશ જોઈ નથી. હું વડા પ્રધાનને બંગાળ આવીને પરિસ્થિતિ જોવાની અપીલ કરીશ. હું મરી ગયેલા લોકોના પરિવારને ૨.૫ લાખ વળતરની જાહેરાત કરું છું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ખુદ અમ્ફાનથી પ્રભાવિત રાજ્યો પર નજર રાખી રહ્યા છે. તેમણે ટ્વિટ કરીને કહ્યું, 'હું અમ્ફાનને કારણે પશ્ચિમ બંગાળમાં સર્જાયેલી વિનાશના દ્રશ્યો જોઈ રહ્યો છું. આ ખૂબ જ મુશ્કેલ સમય છે, આ સમયે આખો દેશ પશ્ચિમ બંગાળની સાથે છે. અમે રાજ્યની જનતાની સુખાકારીની ઈચ્છા રાખીએ છીએ. પરિસ્થિતિને સામાન્ય બનાવવાના પ્રયાસો ચાલુ છે. ગૃહમંત્રી અમિત શાહે ઓડિશાના સીએમ નવીન પટનાયક અને બંગાળના સીએમ મમતા બેનર્જી સાથે અમ્ફાનના સંદર્ભમાં ફોન પર વાત કરી છે. તેમણે ટ્વિટ કર્યું, 'મેં ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક જી અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી જી સાથે ચક્રવાતથી સર્જાયેલી પરિસ્થિતિ વિશે વાત કરી હતી અને કેન્દ્ર તરફથી તમામ શક્ય મદદની ખાતરી આપી હતી. અમે ચક્રવાત અમ્ફાન પર નજર રાખી રહ્યા છીએ અને સંબંધિત અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીએ છીએ. ગૃહમંત્રીએ કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર દરેક નાગરિકની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.

મહારાષ્ટ્રમાં કોરોના વિસ્ફોટ: ૨૪ કલાકમાં ૨૨૫૦ પોઝિટિવ કેસ

મુંબઈ

મહારાષ્ટ્રમાં કોરોના વાઈરસના છેલ્લાં ૨૪ કલાકમાં નવા ૨૨૫૦ કેસ સામે આવ્યા છે. ભારતમાં સૌથી વધારે કોરોના વાઈરસના કેસ મહારાષ્ટ્રમાં સામે આવી રહ્યાં છે. મહારાષ્ટ્રમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોના વાઈરસથી ૬૫ લોકોના જીવ ગયા છે. આ નવા કેસમાં સૌથી વધારે કેસ મુંબઈ શહેરમાં સામે આવ્યા છે. જ્યાં છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૩૭૨ નવા કેસ નોંધાયા છે. મુંબઈમાં કુલ કોરોના પોઝિટિવ દર્દીની સંખ્યા ૨૩૯૩૫ પહોંચી ગઈ છે. જેમાં ૮૪૧ લોકોએ કોરોના વાઈરસના લીધે જીવ ગુમાવ્યો છે. મુંબઈમાં કોરોનાનું હોટસ્પોટ ધારાવી બન્યું છે. આ સ્લમ વિસ્તારમાં કોરોનાના કેસ સામે આવી રહ્યાં છે અને તે તંત્ર માટે પડકારરૂપ બન્યાં છે. બુધવારના દિવસે મુંબઈના ધારાવી વિસ્તારમાં કોરોના વાઈરસના નવા ૨૫ કેસ સામે આવ્યા હતા. આમ આ વિસ્તારમાં કોરોના વાઈરસના કુલ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૧૩૭૮ થઈ ગઈ છે. માટુંગા કોલોની વિસ્તારમાં પણ ૬ નવા કેસ સામે આવ્યા છે. આ જાણકારી મુંબઈ નગર નિગમ દ્વારા આપવામાં આવી હતી. મહારાષ્ટ્ર પોલીસના ૧૩૮૮ પોલીસકર્મી પણ કોરોના વાઈરસની ઝપેટમાં આવી ગયા છે.

રેલવેએ તમામ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી

ઓનલાઈન નહીં પણ સ્ટેશન કાઉન્ટરથી પણ ટિકિટ મળશે

નવી દિલ્હી

આખરે કેન્દ્ર સરકારે લોકડાઉનમાં રાહત આપવાનું શરૂ કરી દીધું છે. ભારતીય રેલ્વેએ ૧ જૂનથી ૨૦૦ થી વધુ ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે. પરંતુ તેનાથી પણ સારી બાબત એ છે કે હવે તમે ઓનલાઈન તેમજ રેલ્વે સ્ટેશન કાઉન્ટરથી ટિકિટ ખરીદી શકશો. કેન્દ્રીય રેલ્વે મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે સામાન્ય લોકોને ખૂબ જ જલ્દીથી રેલ્વે સ્ટેશન કાઉન્ટરથી ટિકિટ મળશે. આ માટે રેલવે વિભાગની ટીમ તમામ સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરી રહી છે. એકવાર તમામ વ્યવસ્થાઓ મળી ગયા બાદ ટિકિટ કાઉન્ટરો સામાન્ય લોકો માટે ખુલી જશે. રેલ્વે મંત્રીએ આશા વ્યક્ત કરી છે કે, આગામી ૧-૨ દિવસમાં કાઉન્ટરથી ટિકિટ ખરીદવાની સેવા પુનઃ સ્થાપિત થઈ શકે છે. ભારતીય રેલ્વેએ કરેલા ટ્વિટ મુજબ ૧ જૂનથી ચાલનારી ટ્રેનોનું બુકિંગ ૨૧ મેની સવારથી શરૂ થઈ ગયું છે. આ ટ્રેનોનો અગાઉથી આરક્ષણ સમયગાળો ૩૦ દિવસનો રહેશે. એટલે કે, તમે ૧ મહિના અગાઉથી ટિકિટ બુક કરી શકો છો. ટ્રેનમાં દરેક વર્ગનું ભાડુ સામાન્ય ભાડુ રહેશે, જે આવી મેઈલ / એક્સપ્રેસ / જન શતાબ્દી પ્રકારની ટ્રેનોમાં હોય છે. આ ટ્રેનોમાં એસી અને નોન એસી બંને કોચ હશે. એટલે કે, તેમની રચના નિયમિત ટ્રેનની જેમ હશે. નોંધનીય છે કે રેલવે મંત્રાલયે આપેલી માહિતી અનુસાર ૧ જૂનથી રેલ્વે રોજ ૨૦૦ જેટલી વધુ ટ્રેનો દોડાવશે. આ ટ્રેનોમાં મુસાફરો ૨૧ મે, એટલે કે આજે સવારે ૧૦ વાગ્યાથી બુક કરાવી શકશે. રેલવે દ્વારા આ તમામ ટ્રેનોની સૂચિ પણ બહાર પાડવામાં આવી છે.

આ સમય રામ મંદિરના નિર્માણનો નથી : શિવસેના

આ સમય રામ મંદિર-ભારત-પાકિસ્તાન જેવા મુદ્દાઓ પર નજર રાખવાનો નથી પણ કોરોના સામે લડવાનો છે

નવી દિલ્હી

એક સમયે રામ મંદિર આંદોલનનો સક્રિય ભાગ બનેલી શિવસેનાએ મંદિર નિર્માણ તરફ એક અલગ અભિગમ અપનાવ્યો છે. શિવસેનાના મુખ્ય વ્યૂહરચનાકાર અને રાજ્યસભાના સાંસદે કહ્યું કે આ સમય રામ મંદિર અને ભારત-પાકિસ્તાન જેવા મુદ્દાઓ પર નજર રાખવાનો નથી, પરંતુ કોરોના વાયરસ સામે લડવાનો છે. શિવસેનાએ થોડા મહિના પહેલા જ ભાજપ છોડ્યો હતો અને કોંગ્રેસની સાથે મહારાષ્ટ્રમાં સરકાર બનાવી હતી. શિવસેનાના સાંસદ રાઉતે કહ્યું, 'અમારું સંપૂર્ણ ધ્યાન કોરોના સામેની લડત પર છે. ત્યાં વધુ લોકો છે જેઓ અવશેષો જુએ છે. અત્યારે રામ મંદિર, ભારત અને પાકિસ્તાન જેવા મુદ્દાઓને અલગ રાખવા જોઈએ. અત્યારે, દેશનો સૌથી મોટો સંકટ એ કોરોના વાયરસ છે અને તેનું સમાધાન કરવું જોઈએ. ખરેખર, લોકડાઉનને કારણે થોડા દિવસો માટે બંધ રહ્યા બાદ અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ ફરી શરૂ થયું છે.

ડોનાલ્ડ ટ્રમ્પના ચીન પર આકરા પ્રહારો

ચીને દુનિયાભરમાં નરસંહાર ફેલાવ્યો છે : અમેરિકી પ્રમુખ

નવી દિલ્હી

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર કોરોના વાયરસથી ચીન પર નિશાન સાધ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે દુનિયાભરમાં ફેલાયેલી 'પીડા અને નરસંહાર' પરથી ધ્યાન હટાવવા માટે ચીન એક વિશાળ પ્રચાર અભિયાન ચલાવી રહ્યું છે. ટ્રમ્પે કોવિડ-૧૯ રોગચાળાને લઈને ચીનના સંચાલન અંગે નિરાશા વ્યક્ત કરી હતી અને એવો દાવો કર્યો હતો કે ચીનની અસમર્થતાના પરિણામે વિશ્વભરમાં મોટા પાયે મૃત્યુ થયા છે. ટ્રમ્પે બુધવારે ટ્વિટ કર્યું હતું કે, 'ચીન એક વિશાળ પ્રચાર અભિયાન ચલાવી રહ્યું છે કારણ કે તે સુસ્ત જો બિડેન રાષ્ટ્રપતિ પદની જીત મેળવવાની ઈચ્છા રાખે છે જેથી તે મારા આગમન સુધી દાયકાઓ સુધી અમેરિકાની જેમ તેમનું શોષણ કરવાનું ચાલુ રાખી શકે. તેમણે અન્ય એક ટ્વિટમાં કહ્યું, 'ચીનનાં પ્રવક્તાઓ મૂર્ખ વાતો કરે છે અને તેમનો દેશ અને દુનિયાની હત્યાકાંડથી દુખાવો દૂર કરવાનો પ્રયાસ કરે છે. તેનો પ્રચાર અને અમેરિકા અને યુરોપ પરનો પ્રચાર હુમલો એ અપમાન છેપ તે બધું ટોચ પરથી થઈ રહ્યું છે. તે મુશ્કેલીને સરળતાથી રોકી શક્યો હોત, પણ તે ન માન્યો. ટ્રમ્પે કોરોના વાયરસના વિશ્વવ્યાપી ફેલાવા માટે ચીનને દોષી ઠેરવ્યું હતું અને તેના પર અસમર્થતાનો આરોપ લગાવ્યો હતો. રાષ્ટ્રપતિએ કહ્યું, ચાઈનામાં કેટલાક બેભાન લોકો નિવેદન જારી કરે છે અને ચીન સિવાયના દરેકને વાયરસ માટે જવાબદાર ઠેરવે છે, જેના કારણે હજારો લોકો માર્યા ગયા છે.

AAIએ સ્થાનિક વિમાન પ્રવાસ માટે માર્ગદર્શિકા જાહેર કરી

કોરોના સંકટઃ પેસેન્જર્સે ફ્લાઈટના બે કલાક પહેલા એરપોર્ટ પહોંચવું પડશે

કન્ટેન્મેન્ટ ઝોનના પેસેન્જરને ફ્લાઈટમાં પ્રવેશ નહીં મળે, ૧૪ વર્ષ સુધીના બાળકોને બાદ કરતા તમામ માટે આરોગ્ય સેતૂ એપ જરૂરી

ન્યુ દિલ્હી

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ સોમવારે ફરીથી શરૂ થઈ રહેલી ડોમેસ્ટિક ફ્લાઈટો માટે એક નવી જીૅ જાહેર કરી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, ૧૪ વર્ષની ઓછી ઉંમરના બાળકો માટે મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ્લિકેશન રાખવી જરૂરી નહી હોય.

આ ઉપરાંત તેમાં કહેવામાં આવ્યું છે કે, મુસાફરોને એરપોર્ટના ટર્મિનલમાં પ્રવેશ કરતા પહેલા ફરજિયાત થર્મલ સ્કીનિંગ ઝોનમાંથી પસાર થવું પડશે. આ સાથે જ એરપોર્ટના અધિકારીઓએ ટર્મિનલ ભવનમાં પ્રવેશ પહેલા મુસાફરોના લગેજને સેનેટાઈઝેશનની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

કોરોના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે દેશમાં લૉકડાઉનનો ચોથો તબક્કો ચાલી રહ્યો છે. આ દરમિયાન સરકાર દેશની થંભી ગયેલી અર્થ વ્યવસ્થાને ધીમે-ધીમે વેગ આપવા માંગે છે. લૉકડાઉન વચ્ચે કેન્દ્ર સરકારે રેલવે બાદ હવે ડોમેસ્ટિક ફ્લાઈટની સેવા શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી હરદીપ સિંહ પુરીએ આ અંગેની જાણકારી આપી છે.

દેશના તમામ એરપોર્ટ અને ડોમેસ્ટિક એરલાઈન્સને ૨૫-મેંની પહેલા તમામ તૈયારીઓ પૂર્ણ કરવાનું કહેવામાં આવ્યું છે. અગાઉ સરકારે ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો. સૌ પ્રથમ એસી ટ્રેન ચલાવવામાં આવી હતી અને હવે રેલવે દ્વારા નોન એસી ટ્રેન ચલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવેની જેમજ ફ્લાઈટમાં મુસાફરી કરતા સમયે પણ સોશિયલ ડિસ્ટન્સિંગ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલી ગાઈડલાઈનના પાલન પર પૂરતુ ધ્યાન આપવામાં આવશે.

કોરોના અસરઃ મલેશિયા જનાર તમામ પર્યટકોએ ક્વારેન્ટાઈન થવું પડશે

કુઆલાલામ્પુર

કોરોના વાયરસને ધ્યાનમાં રાખતા સરકારે તમામ ટુરિસ્ટો માટે એક નવો નિયમ બનાવ્યો છે. સરકારના નવા નિયમ પ્રમાણે મલેશિયા જનાર તમામ પર્યટકોને ક્વારેન્ટાઈન થવું જરૂરી રહેશે. વરિષ્ઠ મંત્રી ઈસ્માઈલ સાબરી યાકૂબે કહ્યું કે જે પણ મલેશિયા આવશે તેમને ક્વારેન્ટાઈન થવું પડશે. પ્રવાસ કરતાં સમયે તેમણે સહમતિ પર હસ્તાક્ષર પણ કરવા પડશે.

ઈસ્માઈલ સાબરી યાકૂબે મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે અહીં ૧ જૂનથી આ નિયમ લાગૂ પડશે. મલેશિયા કોવિડ-૧૯નો ફેલાવો રોકવા માટે વિદેશથી આવતા તમામ લોકોને ફરજીયાત ક્વારેન્ટાઈન કરાશે.

મળતી માહિતી પ્રમાણે મલેશિયન લોકો ક્વારેન્ટાઈન સર્વિસીસનો અડધો ખર્ચ ચૂકવશે. જ્યારે નોન સિટિજન્સને પતિ/પત્ની અને તેમના પરિવારને ક્વારેન્ટાઈન સર્વિસીસનો પૂરો ખર્ચ ચૂકવવાનો રહેશે.

ઈસ્માઈલ સાબરીએ કહ્યું કે ઈમીગ્રેશન ડિપાર્ટમેન્ટ સરકારની નવી શરતોને લોકો સુધી અવગત કરવામાં પોતાની ભૂમિકા નિભાવશે. તેમણે કહ્યું કે ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટ તમામ એરલાઈન કંપનીઓને એક નિર્દેશ રજૂ કરશે કે તેઓ મલેશિયામાં ઉતરનાર પેસેન્જરને પત્ર આપીને શરતોની માહિતી આપે.



કોવિડ-૧૯ દેશવ્યાપી લોકડાઉન દરમિયાન નવી દિલ્હી રેલ્વે સ્ટેશનની બહાર પરિવહનના સાધનની રાહ જોતા ટ્રેનમાં પસાર થતો મુસાફરો પાણી પીવે છે.

યોગી આદિત્યનાથ સરકારના મંત્રીની નિવેદન

ટૂંક સમયમાં જ પીઓકે પર ભારતનો કબજો હશે

વિશ્વના નક્શામાંથી પાકિસ્તાનને ભુંસી નાંખ્યા વિના શાંતિ શક્ય નથી : તમિઝ માટે કોઈ આશા નથી : આનંદ સ્વરુપ

નવી દિલ્હી

એક તરફ, જ્યારે આખું વિશ્વ કોરોના સંકટ સાથે સંઘર્ષ કરી રહ્યું છે ત્યારે પણ પાકિસ્તાન તેની નકારાત્મક વિરોધીતાથી ઉતરતું નથી. પાકિસ્તાન સરહદ પારની આતંકવાદી પ્રવૃત્તિઓ દ્વારા ભારતને આતંક આપવાનું કાવતરું ઘડી રહ્યું છે. હવે ઉત્તર પ્રદેશ સરકારના પ્રધાન આનંદ સ્વરૂપ શુક્લાએ કહ્યું કે, પાકિસ્તાન હસ્તકના કાશ્મીર (પીઓકે) જલ્દીથી ભારતનો કબજો કરશે. ઉત્તર પ્રદેશ સરકારના સંસદીય કાર્ય રાજ્યમંત્રી શુક્લાએ કહ્યું કે, પાકિસ્તાનને વિશ્વના નકશા પરથી ભૂંસી નાખ્યા વિના શાંતિ શક્ય નથી.

શુક્લાએ કહ્યું, ×પાકિસ્તાન હસ્તકના કાશ્મીર પર ટૂંક સમયમાં ભારતનો કબજો થશે અને ત્યાં તિરંગોનો ધ્વજ લહેરાવવામાં આવશે. તે જ સમયે, તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ વાંધાજનક નિવેદનો આપતા પાકિસ્તાની ક્રિકેટર શાહિદ આફ્રિદીને 'અપમાનજનક' ગણાવ્યા હતા અને કહ્યું હતું કે આફ્રિદી જેવા લોકો પાસેથી આશાની અપેક્ષા કરી શકાતી નથી. પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર શાહિદ આફ્રિદીએ હાલમાં જ કાશ્મીરને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે. એક વીડિયોમાં આફ્રિદી કહેતા જોવા મળે છે, 'મોદીજીને હૃદય અને દિમાગમાં કોરોના કરતા મોટો રોગ છે અને તે રોગ ધર્મનો ધર્મ છે. તે ધર્મને લઈને રાજકારણ કરી રહ્યા છે અને આપણા કાશ્મીરી ભાઈ-બહેનો અને વડીલો સાથે મતભેદ છે. પાકિસ્તાનનો ભૂતપૂર્વ ક્રિકેટર શાહિદ આફ્રિદી ભારત વિરુદ્ધ નિવેદનો આપવા માટે હંમેશા ચર્ચામાં રહે છે. આ અગાઉ ફેબ્રુઆરીમાં પણ પૂર્વ કટ્ટીલિરાઉન્ડરે પીએમ મોદીને ભારત અને પાકિસ્તાન વચ્ચેના નબળા સંબંધો માટે દોષી ઠેરવ્યા હતા. આફ્રિદીએ કહ્યું હતું કે નરેન્દ્ર મોદીની માનસિકતા નકારાત્મક છે અને જ્યાં સુધી તેઓ ભારતના વડા પ્રધાન રહેશે ત્યાં સુધી બંને દેશોના સંબંધો સુધરશે નહીં.

સીબીએસઈ-૧૦માં અને ૧૨માની બાકી બચેલી પરીક્ષાઓ છાત્રોની પોતાની સ્કૂલમાં જ લેવાશે

ન્યુ દિલ્હી

કેન્દ્રીય માનવ સંશાધન વિકાસ મંત્રી રમેશ પોખરિયાલે સીબીએસઈ(સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન) બોર્ડની બાકી બચેલી પરીક્ષાઓ વિશે એક મહત્વની માહિતી આપી છે. તેમણે કહ્યુ છે કે ૧૦માં અને ૧૨માની કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની બાકી બચેલી પરીક્ષાઓ વિદ્યાર્થીઓની સ્કૂલોમાં જ આયોજિત કરવામાં આવશે નહિ કે બહારના કેન્દ્રો પર. વળી, પરિણામ જુલાઈના અંતમાં ઘોષિત કરવામાં આવશે.

આ પહેલા આ પરીક્ષાઓ વિશે ગૃહ મંત્રાલયે દિશા-નિર્દેશ જારી કર્યા હતા. જેમાં બધી સ્કૂલોને તેનુ પાલન કરવાના નિર્દેશ આપ્યા. ગૃહ મંત્રાલયના દિશા-નિર્દેશો અનુસાર પરીક્ષા કેન્દ્રમાં સોશિયલ ડિસ્ટંસીંગને ધ્યાનમાં રાખીને પરીક્ષા થશે. બધા માટે થર્મલ સ્કીનિંગ અને સેનિટાઈઝરની વ્યવસ્થા થશે.આ ઉપરાંત કોઈ પણ કન્ટેનમેન્ટ ઝોનમાં પરીક્ષા કેન્દ્ર નહિ હોય. બધા માટે ફેસ માસ્ક પહેરવુ અનિવાર્ય હશે. છાત્રોને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવા માટે વિશેષ બસોનું સંચાલન કરવામાં આવી શકે છે.

નવા નિયમો અનુસાર માસ્ક અથવા કપડાથી બધાએ પોતાના નાક અને મોઢાને ઢાંકીને રાખવાનુ રહેશે. માતાપિતાએ એ સુનિશ્ચિત કરવાનુ રહેશે કે તેમનુ બાળક ક્યાંય બિમાર તો નથી. ઉત્તરપુસ્તિકા સવારે ૧૦.૦૦ વાગ્યાથી ૧૦.૧૫ વાગ્યા વચ્ચે વહેંચવામાં આવશે. પછી પ્રશ્નપત્ર ૧૦.૧૫ વાગે વહેંચવામાં આવશે. છાત્રોને પ્રશ્નપત્ર વાંચવા માટે ૧૫ મિનિટનો સમય મળશે. ૧૦.૩૦ વાગ્યાથી છાત્ર પ્રક્ષોના ઉત્તર લખવાનુ શરૂ કરી દેશે.

'આયુષ્યમાન ભારત'નો લાભ એક કરોડથી વધુને મળ્યોઃ મોદી

ન્યુ દિલ્હી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે 'આયુષ્યમાન ભારત' યોજનાનો લાભ એક કરોડથી વધુ લોકોને મળ્યો છે અને આ યોજનાની અનેકવ્યક્તિના જીવન પર સકારાત્મક અસર પડી હોવાની વાત એમણે નોંધી હતી.

મોદીએ ૨૦૧૮માં પ્રધાન મંત્રી જન આરોગ્ય-આયુષ્યમાન ભારત યોજનાની શરૂઆત કરી હતી. આ યોજનાને સરકાર દ્વારા ચલાવાતી વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય યોજના હોવાનું ગૌરવ મળ્યું છે.

મોદીએ ટ્વિટર પર લખ્યું હતું કે 'આયુષ્યમાન ભારત' યોજનાનો લાભ એક કરોડથી વધુ લોકોને મળ્યો છે અને અનેક વ્યક્તિના જીવન પર આ યોજનાની સકારાત્મક અસર પડી હોવાની વાત જાણીને દેશનો દરેક નાગરિક ગૌરવ અનુભવશે.

આ યોજનાએ અનેક ભારતીયોનો ખાસ કરીને ગરીબો અને તરછોડાયેલી વ્યક્તિનો વિશ્વ્વાસ જીત્યો છે. આ યોજનાનો લાભ મેળવનાર વ્યક્તિ ઉચ્ચ ગુણવત્તાની સ્વાસ્થ્ય સેવા દેશના કોઈપણ હિસ્સામાં મેળવી શકે છે. આ યોજનાનો લાભ જે લોકો પોતાના ઘરથી દૂર કામ કરતા હોય અથવા તો નોંધણી કરાવેલા સ્થળથી દૂર રહેતા હોય એમને પણ મળે છે.

એમણે વધુમાં જણાવ્યું હતું કે લૉકડાઉનને કારણે તેઓ આ યોજનાના લાભકર્તાઓની મુલાકાત લઈ શકે એમ નથી, પણ એમણે મેઘાલયના પૂજા થાપા નામના મહિલા સાથે ટેલિફોન પર વાતચીત કરી હતી પૂજા આ યોજનાની એક કરોડમી લાભકર્તા છે.

પૂજા સૈનિક પત્ની છે અને મોદીએ પૂજા સાથે થયેલી વાતચીતની ઑડિયો ક્લિપ પણ ટ્વિટર પર વહેતી કરી હતી.

સિંગાપોરમાં જજે દોષિતને ઝૂમ પર સંભળાવી ફાંસીની સજા..!!

સિંગાપોર

કોરોના મહામારી વચ્ચે સિંગાપોરમાં માદક પદાર્થોની હેરાફેરી સાથે જોડાયેલા એક કેસની ઓનલાઈન સુનાવણી કરાઈ એટલું જ નહીં, પરંતુ દોષિતોને સજા પણ સંભળાવવામાં આવી. સિંગાપોરનો આ પ્રથમ એવો કેસ છે કે જેમાં જજે વિડીયો કોન્ફરન્સિંગ પ્લેટફોર્મ ઝૂમ મારફત આરોપો સાંભળ્યા અને પોતાનો નિર્ણય સંભળાવ્યો. જો કે, આના માટે સિંગાપોરની ટીકાઓ પણ થઈ રહી છે.દોષિત માનવામાં આવેલા વ્યક્તિનું નામ પુનીથમ ગેનાસન છે અને તે મલેશિયાવાસી કેફી દ્રવ્યોનો દાણચોર છે. કોરોના વાયરસના પ્રકોપને લઈને સિંગાપોરમાં અદાલતોમાં સુનાવણી સ્થગિત કરી દેવામાં આવી છે. આ કારણે પુનીથનને ગત શુક્રવારના રોજ ઝૂમના માધ્યમથી જજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને તેમણે તેને મૃત્યુની સજા સંભળાવી દીધી હતી. પુનીથનને ૨૦૧૧ની સાલમાં હેરોઈનની દાણચોરીના મામલામાં દોષિત ગણવામાં આવ્યો છે. માનવાધિકાર સમૂહોએ વિડીયો કોલના માધ્યમથી અપરાધીને મોતની સજા સંભળાવવા સામે વિરોધ કર્યો છે. પુનીથન ગેનાસનના વકીલ પીટર ફર્નાંડોએ કહ્યું કે, તેમણે ઝુમ પર આપવામાં આવેલા ચૂકાદા પર કોઈ આપત્તિ વ્યક્ત કરી નથી. તેમના ક્લાયન્ટ નિર્ણય વિરુદ્ધ અપીલમાં જવાનો વિચાર કરે છે.

પાકિસ્તાનને મોટો ફટકોઃ ચીને ભ્રષ્ટાચાર કરી અરબો રૂપિયાનો ચૂનો લગાવ્યો

ઈસ્લામાબાદ

પાકિસ્તાન હંમેશા ચીનને પોતાના ખાસ મિત્ર તરીકે ગણાવે છે પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે ચીને રણનીતિની ભાગીદારીની આડમાં પાકિસ્તાનને આર્થિક રીતે નુકશાન પહોંચાડી રહ્યુ છે.

પાકિસ્તાનમા ૬૨ અબજ ડોલરના હિસાબે ચીન-પાકિસ્તાનના આર્થિક કોરિડોર હેઠળ ચીનની કંપનીઓ ઘણો નફો કમાઈ રહી છે.

પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને વીજળીના વધતા ભાવને લઈને એક કમિટીની રચના કરી હતી. આ કમિટીના રિપોર્ટમા ચીન-પાકિસ્તાનના આર્થિક કોરિડોર હેઠળ ચીની કંપનીઓએ કરેલો ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. સીપીઈસીમાં પારદર્શિતાની અછત અને ભ્રષ્ટાચારએ પાકિસ્તાનને અરબો રૂપિયાનુ નુકશાન પહોંચાડ્યુ છે.

પાકિસ્તાનની કમિટિ ફોર પાવર સેક્ટર ઓડિટ, સર્ક્યુલર ડેબ્ટ રિઝર્વેશન એન્ડ ફ્યુચર રોડમેપએ ૨૭૮ પાનાનો રિપોર્ટ તૈયાર કર્યો છે.

આ રિપોર્ટમા કહેવામા આવ્યુ છે કે, વિજળીના ઉત્પાદનના ક્ષેત્રમા અનિયમિતતાઓને કારણે ૧૦૦ અરબ રૂપિયાનુ નુકશાન થયુ છે. આમા એક તૃતીયાંશ નુકસાન તો ચીનની પરિયોજનામાં થયુ છે.

ઈદ નજીક છે મોદીજી, કાશ્મીરમાં કેદ નેતાઓને મુક્ત કરી દોઃ ઓમર અબ્દુલ્લા

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ રાજ્યના તમામ રાજનીતિક કેદીઓની મુક્તિ માટેની માંગ કરી છે. અબ્દુલ્લાએ વડાપ્રધાન મોદીને આવા નેતાઓની મુક્તિની ભલામણ કરતું ટ્વીટ કર્યું છે.

ઓમરે ટ્વીટર પર લખ્યું છે કે, થોડી દિવસોમાં ઈગ છે. વડાપ્રધાન મોદીજીએ રાજનીતિક કેદીઓની મુક્તિ માટેના આદેશ આપવા જોઈએ. પછી તે જેલમાં હોય કે પછી ઘરોમાં નજરબંધ કેમના હોય. આ લોકોએ એવો પણ કોઈ ગુનો નથી કર્યો, કે તેને આટલા દિવસો સુધી કેદમાં રાખવામાં આવે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરમાં આર્ટીકલ ૩૭૦ની જોગવાઈઓ નાબૂદ કર્યા બાદ રાજ્યના ૨૦૦થી વધુ રાજનીતિક લોકોને સરકારે જેલમાં ધકેલી દીધા હતા.

દેશની ૭૦ ટકાથી વધુ કંપની હજી છ મહિના 'વર્ક ફ્રોમ હોમ' ચાલુ રાખશે

ન્યુ દિલ્હી

દેશની ૭૦ ટકાથી વધુ કંપનીઓ આગામી છ મહિના સુધી પોતાના કર્મચારીઓ પાસે 'વર્ક ફ્રોમ હોમ' કરાવે એવી શક્યતા છે, એમ એક સર્વેક્ષણ હેઠળ જાણવા મળ્યું હતું. વિવિધ ક્ષેત્રના અંદાજે ૨૩૦ અધિકારીને આ સર્વેક્ષણમાં આવરી લેવામાં આવ્યા હતા જેઓનું કહેવું છે કે વર્ક ફ્રોમ હોમથી કંપનીની પ્રોડક્ટિવિટી પર કોઈ અસર પડતી નથી. ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીને કારણે દેશમાં લોકડાઉન જાહેર કરાયો છે ત્યારે દરેક ક્ષેત્રની કંપની-ઓફિસો બંધ છે અથવા ઓછા સ્ટાફ સાથે ચાલી રહી છે. ઘણી કંપનીઓના કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે. સર્વેક્ષણમાં ૭૨ ટકા એ કહ્યું હતું કે તેઓ આગામી છ મહિના સુધી વર્ક ફ્રોમ હોમ જ ચાલુ રાખે એવી શક્યતા છે. કંપનીઓનો ૩૦ ટકા સ્ટાફ ઘરેથી કામ કરશે.

કોરોના મહામારીઃ વર્લ્ડ બેંકે ૧૦૦ દેશોને ૧૬૦ અબજ ડોલરની સહાય જાહેર કરી

ન્યૂયોર્ક

વર્લ્ડ બેંકે કહ્યું છે કે કોરોના કટોકટીથી વિશ્વભરના કરોડો લોકો માટે ઘણી મુશ્કેલી ઉભી થઈ છે, જેના પરિણામે છ કરોડથી વધુ લોકો ગરીબીના ચક્કરમાં ફસાઈ જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ગરીબી નાબૂદી તરફ તેમણે તાજેતરના સમયમાં જે પણ પ્રગતિ મેળવી છે તે કોરોના સંકટને કારણે સમાપ્ત થશે.

આ વૈશ્વિક સંકટને દૂર કરવાના અભિયાનના ભાગરૂપે વિશ્વ બેંકે ૧૦૦ વિકાસશીલ દેશોને ૧૬૦ અબજ ડોલરની સહાય આપવાની જાહેરાત કરી છે. આ સંપૂર્ણ સહાય પંદર મહિનાના ગાળામાં આપવામાં આવશે. વિશ્વ બેંકના અધ્યક્ષ, ડેવિડ માલપોઝે ભારપૂર્વક જણાવ્યું હતું કે છ કરોડ લોકો ગરીબીમાં ફસાયા છે, અને કહ્યું, "વર્લ્ડ બેંક ગ્રૂપે ઝડપી પગલાં ભર્યા છે અને ૧૦૦ દેશોમાં કટોકટી સહાય કામગીરી શરૂ કરી છે."

આનાથી અન્ય દાતાઓ આ પ્રોગ્રામ સાથે ઝડપથી આગળ વધવા માટે પરવાનગી આપે છે. ''તેમણે કહ્યું કે વિશ્વ બેંક દ્વારા સમર્થિત આ ૧૦૦ દેશોની વિશ્વની ૭૦ ટકા વસ્તી છે. તેમાંથી ૩૯ આફ્રિકન સબ સહારન ક્ષેત્રના છે. કુલ પ્રોજેક્ટનો ત્રીજો ભાગ અફઘાનિસ્તાન, ચાડ, હૈતી અને નાઈજર જેવા નાજુક અને ઉગ્ર વાદથી પ્રભાવિત વિસ્તારોમાં છે.

વર્લ્ડ બેંકના પ્રમુખે કહ્યું કે હવે અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે ઘણા પ્રયત્નો કરવાના રહેશે કારણ કે કોરોના કટોકટીથી વિકાસશીલ દેશોના અર્થતંત્રને ઊંડે સુધી નુકસાન થયું છે. તેમણે કહ્યું કે ફરી એક વાર આપણે વિકાસના માર્ગ પર પાછા ફરવા લક્ષ્યો નક્કી કરવા પડશે. આરોગ્ય સેવાઓની કટોકટી વ્યવસ્થાની સાથે ઝડપી અને લવચીક અભિગમ અપનાવીને આ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે.

ઓછી આવકવાળા દેશમાં સંક્રમણ ફેલાવાની ચિંતા

વિશ્વ આરોગ્ય સંસ્થાની ચેતવણીઃ દુનિયા કોરોનાના બીજા તબક્કા માટે તૈયાર રહે

જિનિવા

વિશ્વ આરોગ્ય સંસ્થાના ઈમરજન્સી પ્રોગ્રામના પ્રમુખ ડો. માઈક રેયાને કહ્યું કે હાઈડ્રોક્સીક્લોરોક્વીન કે ક્લોરોક્વીનનો ઉપયોગ માત્ર ક્લિનિકલ ટ્રાયલ પૂરતો થવો જોઈએ. આ બન્ને દવાનો ઉપયોગ ઘણી બીમારીની સારવારમાં થઈ રહ્યો છે. તે કોરોના સારવાર માટે પણ અસરકારક સાબીત થઈ છે. પરંતુ સાઈડ ઈફેક્ટને જોતા તેનો ઉપયોગ માત્ર ક્લિનિકલ ટ્રાયલ માટે થવો જોઈએ.

ડો. રેયાને કહ્યું કે ઘણા દેશોમાં આ દવાનો ઉપયોગ મર્યાદિત કરી દેવાયો છે. તેને મેડીકલ એક્સપર્ટની દેખરેખમાં માત્ર કોરોનાની હોસ્પિટલમાં ઉપયોગ થઈ રહ્યો છે. જોકે દરેક દેશની ઓથોરિટીનું કામ છે કે આ દવાનો ઉપયોગ કરવો કે ન કરવો તેનું મુલ્યાંકન કરવામાં આવે. વિશ્વ આરોગ્ય સંસ્થાના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ ગેબ્રિયેસસના કહેવા મુજબ વિશ્વમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. આ સ્થિતિમાં પહોંચીવળવા માટે લાંબો રસ્તો કાપવાનો છે. તેઓએ ખાસ કરીને ઓછી અને મધ્યમ આવક ધરાવનાર દેશો અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે બુધવારે ૨૪ કલાકમાં ૧ લાખ છ હજાર નવા કેસ નોંધાય છે. તેમાંથી ચાર દેશમાં સૌથી વધારે કેસ નોંધાયા છે. રશિયામાં વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રવક્તા મેલિટા વુજનોવિકે કહ્યું કે કોરોના સંક્રમણનો બીજા તબક્કો શરૂ થવાની આશંકા છે. લોકોએ આ વાત સમજી લેવી જોઈએ. લોકોએ સાવધાન રહેવાની જરૂર છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

ચીનમાં હવે વાયરસ વોર

ચીનના વુહાન શહેરથી શરૂ થયેલા કરોના વાયરસનો પ્રકોપ હવે દુનિયાના તમામ દેશોમાં ફેલાઈ ગયો છે. લાખો કેસો અને લાખોના મોત થઈ ચુક્યા છે. ચીનથી શરૂ થયેલા આ વાયરસના કારણે એકબાજુ દુનિયાના દેશો ચીન પર શંકા કરી રહ્યા છે. બીજી બાજુ ચીન પણ પોતાને બચાવવામાં નિષ્ફળ છે. ચીનમાં ઝિનપિંગ સરકારના વર્તનથી પણ ત્યાંના લોકો પરેશાન છે. ચીન માત્ર વિશ્વના દેશોના આરોપોનો સામનો કરી રહ્યુ નથી બલ્કે સ્થાનિક લોકો પણ ચીનના વાયરસને લઈને સ્થાનિક તંત્ર પર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. વાયરસને લઈને અમેરિકા અને ચીન પણ સામ સામે છે. દુનિયાના સૌથી વધારે પ્રભાવિત થયેલા અમેરિકામાં મોતનો આંકડો ૯૦ હજારથી ઉપર પહોચી ચુક્યો છે. ભારતમાં પણ કેસો લાખોમાં છે. ફ્રાન્સ, બ્રાઝિલ, સ્પેન, ઈટાલી અને રશિયા જેવા દેશોમા પણ કેસો લાખોમાં છે. આવી સ્થિતીમાં ચીન પર શંકા વધી રહી છે. દુનિયાના દેશો ચીન સામે એકમત થઈ રહ્યા છે. જે ચીન માટે કોરોના કાળા બાદ મુશ્કેલરૂપ બની શકે છે. આ વાયરસે ૨૦૦૨-૦૩માં ચીનમાં ફેલાયેલા સાર્સની યાદ તાજી કરી દીધી છે. સાર્સ પણ આ જ પ્રકારથી એક વાયરસ હતો. જો કે એ વખતે ચીને કેટલીક બેદરકારી રાખી હતી. લાંબા સમય સુધી ચીનની સરકારે આ વાયરસને લઈને હેવાલોને રદિયો આપ્યો હતો. જેના કારણે વાયરસનો ફેલાવો સતત વધ્યો હતો. જેના કારણે ૩૪ દેશ તેના સંકજામાં આવી ગયા હતા. ૭૫૦થી પણ વધારે લોકોના મોત થઈ ગયા હતા. જો કે આ વખતે ચીને ભુતકાળની ભુલોથી બોધપાઠ લઈને વિવિધ પગલા લીધા છે. આ વખતે માહિતી છુપાવવામાં આવી નથી. સમય રહેતા સમગ્ર દુનિયાના દેશોને આ વખતે જાણ કરવામાં આવી છે. પોતાના દેશમાં પણ શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા હતા.વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા પણ આ વાયરસને ગંભીરતા સાથે લેવામાં આવ્યો છે. આ વાયરસ કેટલો ખતરનાક છે તે સંબંધમાં તમામ માહિતી તો તેના આંકડા પરથી જાણી શકાય છે. દુનિયાના ૨૧૩ દેશો આજે કોરોનાના સકંજામાં આવી ચુક્યા છે. દુનિયાના દેશોમાં લોકડાઉનનો ગાળો ચાલી રહ્યો છે. તમામ લોકો અને દેશ હાલમાં કરોના વાયરસને લઈને સાવધાન થયા છે. ભારતમાં પણ લોકડાઉનનો ગાળો છેલ્લા ૫૦ દિવસથી જારી છે. ભારતમાં પણ કેસોની સંખ્યા એક લાખ કરતા વધારે થઈ ગઈ છે. આરોગ્ય મંત્રાલય પહેલાથી જ સજ્જ છે. આ વાયરસ માટે હાલમાં કોઈ દવા અને રસી ઉપલબ્ધ કરવામાં આવી નથી. જો કે નિષ્ણાંતો, તબીબો અને વૈજ્ઞાનિકો તેની રસી પર કામ કરી રહ્યા છે. બીજી ચિંતાજનક બાબત એ પણ છે કે આ વાયરસના એવા કોઈ લક્ષણ પણ નથી જેના કારણે તેની વહેલી તકે ઓળખ થઈ શકે. અમે સામાન્ય રીતે ખાસી અને શરદી ગરમી તરફ ધ્યાન આપતા નથી. વાયરસના સંબંધમાં વધુને વધુ માહિતી અને જાગૃતિ લોકોમાં ફેલાવવામાં આવે તે જરૂરી છે. હાલમાં નોન વેજ અથવા તો ખાસ કરીને શી ફુડ ખાવાથી બચવાની જરૂર છે. આશા રાખી શકાય છે કે ટુંક સમયમાં જ તેના પર અંકુશ કરી લેવામાં આવનાર છે. કરોના વાયરસને લઈને હાલમાં તો ભારે હોબાળો થયેલો છે. ચીને આ વખતે સાવધાની રાખી છે જેથી ફાયદો થયો છે.

કોરોના કાળા બાદ ચીનને દુનિયાના દેશોની શંકા દુર કરવા માટેના પ્રયાસો કરવા પડશે

મહામારીના સમયમાં પ્રજાને લૂંટાતી રોકવા ક્યારે પગલા લેવામા આવશે....?

ભારત સહિત વિશ્વભરનાં દેશોએ હવે કોરોના સાથે જીવન જીવવાની બાબત સ્વીકારીને પોતપોતાના દેશના અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવવા lockdown ઉઠાવીને કે પછી હળવા કરી દઈને તમામ પ્રકારના ઉત્પાદન કરતા એકમો, ઉદ્યોગો, નાના-મોટા વેપાર-ધંધાને શરૂ કરાવી દેવા સાથે બનતી તમામ રીતે સરકારો દ્વારા સહાય આપવામાં આવી રહી છે. ત્યારે સૌથી અગત્યની વાત અરેબિયાની બહાર આવી છે જેમાં દર્દી સાજો થઈ જતા તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે ત્યારે તેને ગિફ્ટ બેગ આપવામાં આવે છે. જે બેગમાં હાથ ધોવા માટે સેનેટાઈઝરની બોટલ, શક્તિવર્ધક દવા, વિવિધ ચોકલેટો, ઉપરાંત ત્યાના ચલણની ૫૦૦-૫૦૦ ની નોટ હોય છે. તો અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ફ્રાન્સ જેવા દેશોએ તેના નાગરિકોને બેંક ખાતામાં એક એક હજાર ડોલર આપ્યા છે. જેના કારણે લોકોને ખાવા-પીવાની કોઈ તકલીફ ઉભી થઈ નથી. ત્યાંના ટેકનીશીયનો, શ્રમજીવીઓએ સ્થળાંતર કર્યું નથી જે ત્યાંના દેશો માટે સુખદ બાબત છે. પરિણામે વિશ્વના મોટાભાગના દેશોના ઉદ્યોગિક એકમો ધંધા-રોજગાર ધમધમવાની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે ભારતમાં લોકડાઉનમા છૂટછાટ આપ્યા પછી પરિસ્થિતિ વિપરીત બની રહી છે.....! દેશભરમાં ઔદ્યોગિક એકમો નાના-મોટા વેપાર-ધંધા શરૂ થયા છે... પરંતુ પહેલાં જેવી રોનક ક્યારે કે કેટલા મહિનાઓ પછી આવશે તે કોઈ કહી શકે તેમ નથી.....! કારણ શ્રમજેવીઓ...એ કોઈપણ દેશના વિકાસ માટેનું મુખ્ય પરીબળ છે તે વાત ભારત સરકાર કે ભારતના ઉદ્યોગપતિઓ સમજી શક્યા નથી તે હકીકત સ્વીકારવી રહી.....! કારણ હવે નાના-મોટા ઉદ્યોગિક એકમોમા શ્રમજીવીઓ, મજૂરો, ટેકનીશીયનોની અછત ઊભી થવા પામી છે.... અને તે અછત પરપ્રાંતીઓ વતન તરફ રવાના થઈ જવાના કારણે ઊભી થઈ છે.....!!

કોઈ પણ દેશનો વિકાસ મજુરોના સહયોગને કારણે થતો હોય છે... દરેક પ્રકારની કઠિનમાં કઠિન મજૂરી કરવામાં બિહાર, યુપી, કેરાલા, ઉતરાખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાનના શ્રમજીવીઓ પાછા પડતા નથી. આ રાજ્યોમાં ગરીબીનું પ્રમાણ પણ વધુ છે અને રોજગાર પણ પૂરતા પ્રમાણમાં નથી....! જેથી ત્યાના ગરીબો, શ્રમજીવીઓ રોજગારી મળી રહે તેવા રાજ્યોમાં ઉતરી પડે છે. અને કોઈ પણ પ્રકારનું મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાત ચલાવે છે. આ રાજ્યનો મજૂર વર્ગ મોટાભાગે વિવિધ રાજ્યોમાં બાંધકામ ક્ષેત્રે, વિવિધ ઉત્પાદન કરતા ઉદ્યોગો સાથે જોડાયેલો છે. અને lockdown સમયે આ શ્રમજીવીઓને ખાવા પીવાની જરૂરી સગવડો આપી સંભાળવાની જરૂર હતી.... જેમાં સરકાર અને માલિકો બંને નિષ્ફળ ગયા છે.....! એ કારણે જ શ્રમીક વર્ગમાં ભૂખમરાની સ્થિતી ઉભી થતા મોટા ભાગના કામદારોએ વતનની વાટ પકડી.... તેમાં પણ તેમના ઉપર રસ્તામાં જે વીતી છે તે જાણીને રુવાડા ઉભા થઈ જાય..... તેમના વિડિયો વગેરે વાયરલ થતા આમ પ્રજામાં આક્રોશ વ્યાપેલો છે. ત્યારે સરકારને ભારતમાં અર્થતંત્રની ગાડી પાટા પર ચડાવતા લાંબો સમય પસાર થશે તેવી સંભાવના બળવત્તર બની છે.....!

આ કપરા મહામારીના સમયે lockdown નો લાભ વિવિધ પ્રકારના ધંધો કરતા અને વેપારીઓએ પ્રજાથી ચીજવસ્તુના ડબલ ત્રણ ગણા ભાવ લઈ ને રીતસર લૂંટવાનું કામ કર્યું છે... કાળાબજાર ડામવાની કે રોકવાની સત્તા જે તે કલેક્ટરો પાસે કે તેમના તંત્ર પાસે છે.... પરંતુ તેમનું તંત્ર મહામારી રોકવામા અને લોકોને બચાવવા માટેની વ્યવસ્થા કરવા લોકોને, અબોલ પશુઓને માટે અનાજ,ઘાસ વગેરે પહોંચાડવામા વ્યસ્ત હતું તેથી કાળા બજાર કે ભાવો વધુ લેનારા તરફ ધ્યાન જ ન આપી શકે.....!? પરિણામે પ્રજાને ભોગવવાનો વારો આવ્યો જેમાં કોઈપણ જ્ઞાતિ, જાતિ, કે કોમ લૂટાવામાં બાકાત નથી... જે એક હકીકત છે....! નીચેના સ્તરે ખેડૂતો શાક, બકાલા નહીંવત ભાવે આપીને લૂટાતા હતા.... જ્યા શાકભાજી સરેરાશ ૫ રૂપિયે થી ૧૨ રૂપિયે કિલો વ્યાપારી ખરીદતા અને રૂપિયા ૪૦ થી ૧૦૦ રૂપિયે કિલોના ભાવે વેચીને આમ પ્રજાને લૂટતા રહ્યા..... કારણ પ્રજાને ગરજ હતી અને તંત્ર પાસે ત્રાટકવા નો સમય જ ન હતો. તો કરિયાણા બજારમાં પણ એ જ હાલત હતી... એ જ રીતે પાન, બીડી, સિગરેટ, તમાકુ વ્યસનીઓ તો બેહદ લૂટાયા.....તેના અહેવાલો પણ છાપવામાં આવી ગયા છે. ટૂંકમાં મહામારીની તકનો લાભ લઈ પ્રજાને લૂંટવામાં આવી છે એ તો ઠીક મેડિકલ સ્ટોરો તો હાથ ધોવાના સેનેટાઈઝર બોટલની પણ બેહદ કિંમતો લેવામાં આવી રહી હતી... ૧૦૦ ગ્રામ બોટલના રૂ.૧૫૦ સુધી લેવાતા હતા અને તેમાં પણ વેપારી બહાના તો હોય જ કે શું કરીએ અમે પણ ઊંચા ભાવે લાવ્યા છીએ.....! ટૂંકમાં સરકારી તંત્રની નિષ્ફળતા ભવિષ્યે સરકાર માટે કેવી સ્થિતિ પેદા કરશે તે કોઈ કહી શકે તેમ નથી.!? વંદે માતરમ્

વિજય રૂપાણી તમારો આ પોલીસ જવાન કહે છે મારે કોરાનાના યોધ્ધા થવુ નથી

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક અભિયાન શરૂ કર્યુ છે જેનું નામ છે હુ પણ કોરોના વોરીયર,સારી બાબત છે આ અભિયાનના ઈરાદામાં કોઈ ખોટ નથી, ખરેખર આ લડાઈમાં તમામ નાગરિકે યોધ્ધા બનવુ પડશે કારણ એકલી સરકાર જ બધી ચીંતા કરશે તેવુ શકય નથી, પણ છેલ્લાં ૬૦ દિવસથી રોજની પંદર કલાક રસ્તા ઉપર નોકરી કરનાર પોલીસ પણ હવે કોરોનાની ઝપેટમાં આવી ગઈ છે.,છેલ્લાં ૨૪ કલાકમાં બે પોલીસ જવાનોના મોત પણ નિપજયા છે.સામાન્ય માણસ જયારે કોરોનોના ભોગ બને ત્યારે તંત્ર તેની સાથે કેવો વ્યવહાર કરે છે તેની હવે બધાને ખબર છે પણ જે ખરેખર કોરોના યોધ્ધા છે તેવા પોલીસ જવાનને જયારે કોરાના થાય ત્યારે તેની સિવિલમાં જે સ્થિતિ થઈ તે દુખદ છે.

રાજયમાં ઘટતી તમામ અનઅપેક્ષીત ઘટના માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીને જવાબદાર ઠેરવી શકાય નહીં, પણ રોજ સાંજે આંકડાની માયાજાળ રચતા અને પ્રજાને પોઝીટીવ સ્ટોરી કહેતા આરોગ્ય સચિવ જયંતિ રવિએ આવી નેગેટીવ ઘટના ઘટે નહીં તેની પણ તકેદારી રાખવી જોઈએ અમદાવાદ પોલીસમાં ૨૦ વર્ષથી ફરજ બજાવતા અને હાલમાં ટ્રાફિક બ્રાન્ચમાં હેડ કોન્સટેબલ તરીકે નોકરી કરતા વિષ્ણુ ચૌહાણ એક સપ્તાહથી અમદાવાદ સિવિલમાં કોરોનોની સારવાર હેઠળ છે, હેડ કોન્સટેબલ વિષ્ણુ સાથે જે કઈ બન્યુ તે અહિયા તેમના શબ્દોમાં પ્રસ્તુત છે,અહિયા સરકાર અને તંત્રની ટીકા કરવાનો ઈરાદો નથી, પણ આવી ઘટના કઈ ફરી ઘટે નહીં તે દિશામાં પ્રયાસ છે

ગુરવારની સવારે એક પોલીસ મિત્રનો ફોન આવ્યો,તેણે વિષ્ણુ ચૌહાણની ફેસબુક ઉપર રહેલી પોસ્ટ તરફ ધ્યાન દોર્યુ તેમાં વિષ્ણુએ લખ્યુ હતું આઈ એમ નોટ કોરોના વોરીયર.. બહુ આશ્ચર્ય થયુ એક વોરીયર કહી રહ્યો હતો તે યોધ્ધા નથી,વિષ્ણુ કેમ હારી અને થાકી ગયો તે જાણવા અમે તેનો સંપર્ક કર્યો ત્યારે તેની જ વાત હવે તેના જ શબ્દોમાં મુકીએ છીએ

તા ૧૦-૧૧ મેથી મને ગળામાં દુખાવો અને તાવ જેવી લાગતુ હતું, પુર્વ અમદાવાદમાં નોકરી હોવાને કારણે કયાંક કોરોનાનો તો થયો નથી તેવો ડર પણ લાગતો હતો કારણ લક્ષણો બધા કોરોનાના હતા, હું સીધો સિવિલ હોસ્પિટલ ગયો,કેસ કઢાવ્યો અને ડૉકટરને બતાડયુ,તેમણે મારો એકસરે કઢાવ્યો અને કહ્યુ ચીંતા જેવુ નથી કોરાના નથી,મેં કહ્યુ પણ હું સંક્રમણવાળા વિસ્તારમાં નોકરી કરૂ છુ, મને લાગે છે મારો કોરોના ટેસ્ટ થાય તો સારૂ,ડૉકટરે કહ્યુ નવી ગાઈડ લાઈન પ્રમાણે તમામ ટેસ્ટ કરવાની જરૂર નથી, મેં કહ્યુ પણ મારી તકલીફ કોરાના જેવી છે,તેમણે મને કહ્યુ એકાદ બે દિવસમાં સારૂ થઈ જશે, હું ત્યાંથી નિકળી ગયો.

પણ મને લાગી રહ્યુ હતુ ગળા દુખવુ શ્વાસ લેવા માટે પ્રયત્ન કરવો પડે છે.તાવ જેવુ લાગે છે એટલે કોરોના હોઈ શકે છે,પણ સિવિલનાં ડૉકટર તો ટેસ્ટ કરવા જ તૈયાર ન્હોતા, તે દિવસે હું સીધો પ્રાઈવેટ લેબમાં પહોંચ્યો, મે ૪૫૦૦ આપી મારો ટેસ્ટ કરાવ્યો,અને સાંજે મારો રીપોર્ટ આવ્યો હું પોઝીટીવ હતો,ધ્રુજી ગયો,ઘરે જઈશ તો મારી પત્ની અને દસ વર્ષની દિકરીને સંક્રમણ લાગશે તેવા ડરે ઘરે ગયો જ નહીં,રાતે બહાર રોકાયો સવારે મેં મારા એક પોલીસ સાથીને એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફોન કર્યો અને ૧૦૮માં હું એસવીપી હોસ્પિટલ પહોંચ્યો અમે વિનંતી કરી કે મારો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે મને દાખલ કરો

પણ અમને જવાબ મળ્યો એસવીપી ફુલ થઈ ગઈ છે,તમે સિવિલ જાવ હુ ૧૦૮માં સિવિલ પહોંચ્યો, મારો રીપોર્ટ બતાડયો અને કહ્યુ મને દાખલ કરો,ડૉકટરે જવાબ આપ્યો, હોમ કોરોન્ટાઈન થઈ જાવ, મેં કહ્યુ મને તકલીફ પડી રહી છે દવાની પણ જરૂર છે,અને હું બાપુનગર પોલીસ લાઈનમાં એક રૂમના ઘરમાં રહું, મને સારવારની જરૂર છે. પણ ડૉકટર માન્યા નહીં, બહુ વિનંતી કરી, તેમણે મને દાખલ કરવાની ના પાડી,મને સમરસમાં જવાની સલાહ આપી,મને કોઈ સારવાર આપવા તૈયાર ન્હોતા,તે દિવસે ૧૩મી મે હતી,મારા જેવા કોરાના વોરીયરની જો આવી સ્થિતિ હોય તો સામાન્ય માણસ સાથે શુ થતુ હશે.

મે ટ્રાફિક ડીસીપી ચૌહાણ સાહેબને ફોન કરી મારી સ્થિતિ અંગે કહ્યુ, તેમણે તરત કોઈ સચિવને ફોન કર્યો,અને સચિવનો ફોન આવતા મને દાખલ તો કર્યો પણ બેડ ઉપર સુવાડી દીધો,મને હતું કે કોઈ ડૉકટર આવી મને તપાસશે અને દવા આપશે,કારણ હવે મારી તકલીફ વધી રહી હતી,પણ લાંબો સમય મને કોઈ જોવા આવ્યા નહીં,મે ત્યાં જ ડૉકટર અને નર્સને કહ્યુ પણ તેમણે મારી તરફ ધ્યાન આપ્યુ જ નહીં, હું ડરી ગયો મેં મારા એક પોલીસ સાથી જે ક્રાઈમ બ્રાન્ચમાં નોકરી કરે છે તેમને ફોન કરી મારી સ્થિતિ કહી તે પોલીસે સ્પેશીયલ પોલીસ કમિશનર અજય તોમરને કહ્યુ તોમર સાહેબે સિવિલના કોઈ ડૉકટરને ફોન કરતા મારી ઉપર કોઈ ડૉકટર કાપડીયાનો ફોન આવ્યો તેમણે મને કહ્યુ વોર્ડમાં હાજર ડૉકટર સાથે વાત કરાવો પણ વોર્ડમાં રહેલા ડૉકટરે કાપડીયા સાથે વાત કરવાની જ ના પાડી દીધી હું મારી તકલીફની ફરિયાદ કરતો રહ્યો પણ કોઈ સારવાર મળી નહીં,બીજા દિવસે મેં સવારે પોલીસ કંટ્રોલ રૂમને ફોન કરી મને સારવાર મળે તેવી વિનંતી કરી થોડા સમયમાં શાહીબાગ પોલીસના અધિકારીઓ આવ્યા તેઓ ડૉકટરે મળ્યા ત્યાર બાદ મને જોવા માટે ડૉકટરો આવ્યા અને મારી સારવાર શરૂ થઈ, પણ મારી જેમ મારા બીજા સાથીઓ પણ કોરોના પોઝીટીવ છે તેમની સ્થિતિ પણ ખરાબ છે

૨૪ કલાકમાં બે પોલીસવાળા કોરાનાને કારણે મૃત્યુ પામ્યા પણ કોઈ નેતાએ નોંધ સુધ્ધા લીધી નહીં, સરકાર અમને તો પોલીસને તો કોરાના વોરીયર માનતી જ નથી, એટલે મેં લખ્યુ કે હુ કોરાના યોધ્ધા નથી અત્રે ઉલ્લેખનિય છે કે આ સ્ટોરી પબ્લીશ થયા પછી વિષ્ણુ ચૌહાણની ફેસબુક પોસ્ટ ડીલીટ કરવાની તેમના અધિકારીઓ ફરજ પાડશે,પણ અમારી પાસે તેના સ્ક્રીન શોટ છે.

ગુજરાત લોકડાઉનમાં પરમિટવાળા ગ્રાહકો અને હોટલો માટે વાઈન શોપ ખોલવા માંગ

ગાંધીનગર

રાજયમાં કોરોનાની મહામારી યથાવત છે અને તેની વચ્ચે લોકડાઉનમાં આંશિક રાહત આપવામાં આવી છે. રાજ્યને બે ભાગ કન્ટેનમેન્ટ અને નોન કન્ટેનમેન્ટ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે. ત્યારે કન્ટેનમેન્ટ ઝોનમાં જરૂરિયાતની ચીજ વસ્તુઓ સિવાય બધુ બંધ રહેશે. બીજી તરફ નોન કન્ટેનમેન્ટ ઝોનમાં કેટલીક રાહત આપવામાં આવી છે. તેવામાં રાજ્યમાં પરમીટવાળી વાઈન શોપ શરૂ કરવાની તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. પરમીટધારકો અને હોટલોએ સરકારને આ અંગે રજૂઆત કરી છે.

લોકડાઉનને લઈને વાઈનશોપ બંધ છે જેને લઈને પરમીશનવાળી વાઈન શોપમાંથી દારૂનું વેચાણ શરૂ કરવા માટે પ્રોહિબિશન વિભાગ દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. મળતી માહિતી અનુસાર, જેતે શહેરના કલેક્ટર અને કમિશનર પાસેથી આ અંગેની માહિતી અને અભિપાર્ય મેળવવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં લોકડાઉનના કારણે દારૂની પરમીટવાળી શોપ પણ બંધ છે ત્યારે પરમીટ ધારકો અને પરમીટ ધરાવતી હોટલોએ પણ સરકારમાં આ અંગે રજૂઆત કરી છે. તેમણે રજૂઆત કરી છે કે પરમીટના દારૂનું ફરીથી વેચાણ શરૂ કરવા દેવામાં આવે.

વાઈનશોપ બંધ હોવાથી હોટલને નુકસાન થઈ રહ્યું હોવાનું પરમીટ ધારકો જણાવી રહ્યા છે. જેથી વાઈનશોપ શરૂ કરવાની માંગ કરવામાં આવી રહી છે. વ્યકિતઓને વિદેશી દારૂ બિયરની આદતની સાથે હેલ્થ માટે દારૂની પરમીટ આપવામાં આવી હોવાથી આ લોકોની પણ હેલ્થનું ધ્યાન રાખી શરૂ કરવી જરૂરી છે. દારૂ ન મળવાના કારણે કેટલાક લોકોના સ્વાસ્થ્ય પર અસર પડી રહી છે. છેલ્લા બે માસથી વાઈન શોપ બંધ હોવાના કારણે વિદેશી દારૂ ન મળવાના કારણે તેઓના આરોગ્ય ઉપર અસર પડી રહી છે.

આત્મનિર્ભર બનવા લોકો લાઈનોમાં લાગ્યા પણ બેંકોએ કહ્યું- ફોર્મ નથી આવ્યા..!!

આત્મ નિર્ભર બનાવવાની યોજના માત્ર કાગળ પર.? અમુક બેંકોને ફોર્મ જ નથી મળ્યા!!

ગાંધીનગર

ગુજરાત સરકાર તરફથી આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના અંતર્ગત જે ૧ લાખ રૂપિયા સુધીની લોન ૨ ટકાના વ્યાજદરે આપવાની જાહેરાત કરવામાં આવી છે. જેને લઈને આજથી રાજ્યની બેંકો ફોર્મ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે આજથી રાજ્યભરની કો-ઓપરેટિવ બેંક, ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક, સિટી કો-ઓપરેટિવ બેંક મળીને કુલ ૯ હજાર કરતા વધુ આઉટલેટ્સ ઉપરથી આત્મનિર્ભર યોજના માટેના ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. ત્યારે લોન લેવા માટે બેંકો બહાર મોટી સંખ્યામાં લાઈન જોવા મળી. તો કેટલાક શહેરોમાં ફોર્મ આવ્યા નથીની ફરિયાદો પણ ઉઠી છે.

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં આવેલ છઙ્કઝ બેંકની બ્રાન્ચમાં લોકો સવારથી જ લાઈનમાં ઉભા છે. પરંતુ તેમના હાથમાં હજુ સુધી ફોર્મ આવ્યા નથી. બેંક તરફથી તેમને જવાબ આપવામાં આવ્યો કે, ૧૨ વાગ્યા પછી ગાડી ફોર્મ લઈને આવશે. ત્યાર બાદ ફોર્મનું વિતરણ કરવામાં આવશે. જોકે લોકોએ ઝી મીડિયા સાથેની વાતમાં જણાવ્યું કે, સરકારે આત્મનિર્ભર સહાય લોનની જાહેરાત કરી છે તે આશીર્વાદ રૂપ છે અને લોકડાઉન દરમિયાન જે વ્યવસાય ધંધામાં નુકસાન થયું છે તેને માટે મદદરૂપ છે.

તો આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાનું ફોર્મ માટે અમદાવાદની જીજી બેંક ખાતે પણ લાંબી લાઈન લાગી હતી.

લોન માટે ફોર્મ લેવા ગાંધીનગરની બેંકોમાં પણ લાંબી લાઈન જોવા મળી. ગાંધીનગરની સ્ટેટ કો-ઓપરેટિવ બેંક બહાર ફોર્મ લેવા માટે લાંબી લાઈનો લાગી હતી. લાઈનમાં ઊભા રહેલા લોકોમાં નાના ધંધાદારી અને રીક્ષાચાલકોની સંખ્યા વધુ છે. લોન લેનાર ઇચ્છુક દરેકના મનમાં બે મહિનાથી લોકડાઉનને કારણે બગડેલી આર્થિક સ્થિતિને સરભર કરવા લોન જરૂરી છે તેવુ જણાવ્યું.

રાજય સરકારની આત્મનિર્ભર ગુજરાત યોજનાના ફોર્મ ગાંધીનગર નાગરિક બેંકમાં જ વિતરણ કરવામાં આવ્યા છે. આ વિશે બેંકના મેનેજિંગ ડિરેક્ટર વિપુલ પટેલે જણાવ્યું કે, બેંકના બેથી ત્રણ ડિરેકટરો કન્ટેન્મેન્ટ વિસ્તારમાં હોવાથી તેઓને બોલાવી શકાય તેમ નથી. બોર્ડ મીટિંગના કારણે ફોર્મ વિતરણ શરૂ નથી થયું. આગામી દિવસોમાં ગાંધીનગર નાગરિક બેંકની બોર્ડ મીટિંગ બોલાવ્યા બાદ જ ફોર્મનું વિતરણ કરાશે.

તો રાજકોટમમાં ૧ લાખ રૂપિયાની લોન લેવા લોકોએ જિંદગી દાવ પર મૂકી તેવા દ્રશ્યો જોવા મળ્યા. સહકારી બેંકો પર લોન માટે ફોર્મ મેળવવા લોકોએ બેંક બહાર લાંબી લાઈનો લગાવી છે. પરંતુ ફોર્મ લેવા પહોંચેલ લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનું ભૂલી ગયા હતા. પારેવડી ચોક સ્થિત નાગરિક બેંક બહાર લોકોની લાંબી કતાર જોવા મળી હતી.

સુરત શહેરમાં પણ ૧ લાખ રૂપિયાની લોન મેળવવા સવારથી જ બેંકો બહાર લોકોની લાંબી કતાર લાગેલી જોવા મળી હતી. આમ, લોન લેવામાં સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડ્યા. વહેલી સવારથી લોકો બેંકની બહાર ઉભા રહેલા જોવા મળ્યા.

કચ્છમાં હજુ સુધી ભૂજની બેંક પાસે ફોર્મ પણ આવેલા નથી. બેંકના સૂત્રો દ્વારા જાણવા મળ્યું કે, સહકારી બેંકની કારોબારીમાં ઠરાવ કરાશે, તેના બાદ કાર્યવાહી થશે. ૨-૩ દિવસ બાદ કામગીરી શરૂ થઈ શકે.

નાસાના વૈજ્ઞાનિકોને સમાંતર બ્રહ્માંડ હોવાના પુરાવા મળ્યા

વોશિંગ્ટન

દુનિયામાં વૈજ્ઞાનિકો અનેક ચોંકાવનારા આવિષ્કાર કે શોધ કરતા હોય છે. હવે નાસાના વૈજ્ઞાનિકોએ એક સમાંતર બ્રહ્માંડ હોવાના પુરાવા મેળવ્યાં છે. જ્યાંના ભૌતિકી નિયમ અહીંથી બિલકુલ ઉલટા છે. એટલે કે ત્યાં સમય આગળ જવાની જગ્યાએ પાછળ ચાલે છે.

નાસાના વૈજ્ઞાનિકોએ એન્ટાર્કટિકામાં થઈ રહેલા પ્રયોગમાં એન્ટાર્કટિકાથી ઉપર જવા માટે રેડિયો ડિટેક્ટર લાગેલા એક મોટા બલૂનનો ઉપયોગ કર્યો હતો. નાસાના આ રેડિયો ડિટેક્ટરનું નામ એન્ટાર્કટિકા ઈમ્પલ્સિવ ટ્રાન્ઝિઅન્ટ એન્ટિના છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે એન્ટાર્કટિકા પર કિરણોનું આગમન ઓછામાં ઓછા હશે. આ ઉપરાંત ત્યાં વાયુ પ્રદૂષણ કે કોઈ પણ પ્રકારના ધ્વનિ પ્રદૂષણની કોઈ સંભાવના નહતી.

શોધમાં વૈજ્ઞાનિકોને જાણવા મળ્યું છે કે હાઈ એનર્જીના કણ સતત હવા દ્વારા અંતરિક્ષમાંથી ધરતી પર આવે છે. હાઈ એનર્જી કણોની માત્રા અંતરિક્ષથી 'નીચે' આવવા પર ભાળ મેળવી શકાય છે, પરંતુ વૈજ્ઞાનિકોની ટીમે તે ભારે કણોની પણ જાણકારી મેળવી છે જે પૃથ્વીની 'ઉપર'થી આવે છે. જેનો અર્થ એ છે કે આ કણ વાસ્તવમાં ધરતીના એક સમાંતર બ્રહ્માંડનું પ્રમાણ આપે છે. જ્યાં સમય ઉલટો ચાલે છે. જો કે વૈજ્ઞાનિકોની પરિકલ્પના પર બધા લોકો સહમત નથી. રિપોર્ટમાં કહેવાયું છે કે ૧૩.૮ બિલિયન વર્ષ પહેલા બિગ બેંગ સમયે, બે બ્રહ્માંડ બન્યા હતાં. એક એ બ્રહ્માંડ કે જ્યાં આપણે રહીએ છીએ. બીજુ એ બ્રહ્માંડ કે જે સમય કરતા પાછળ ચાલે છે.

કોરોના આગામી વર્ષની ગરમી સુધી રહેશે: અમેરિકન રક્ષા વિભાગના ડોક્યુમેન્ટમાં ખુલાસો

વોશિંગ્ટન

કોરોના સંક્રમણને લઈને એક ચિંતાજનક સમાચાર મળ્યા છે. અમેરિકન રક્ષા વિભાગ પેન્ટાગૉનના લીક થયેલા ડૉક્યૂમેન્ટમાં ખુલાસો થયો છે કે, કોરોના આગામી વર્ષની ગરમી સુધી રહેશે. બીજી એક ચિંતાની વાત છે, તે સમય સુધી કોરોનાની વેક્સિન પણ તૈયાર નહીં થઈ શકે.

આ દસ્તાવેજોમાં એ પણ ચેતાવણી આપવામાં આવી છે કે, આગામી મહિનાઓમાં કોરોનાનો કેર વધી શકે છે. ટેસ્ટિંગને લઈને પણ દસ્તાવેજમાં ગંભીર વાત કહેવામાં આવી છે. તે પ્રમાણે, ટેસ્ટિંગમાં પણ આ વાતની પુષ્ટિ સો ટકા નથી કરી શકાતી કે કોરોના વાયરસ નથી.

અમેરિકન રક્ષા મંત્રાલયની ઓફિસ પેન્ટાગૉન સાથે જોડાયેલા આ દસ્તાવેજો પર કોઈની હસ્તાક્ષર નથી, એવુ કહેવાઈ રહ્યું છે કે, આ દસ્તાવેજો રક્ષા સચિવ માર્ક ઈસ્પર માટે હૉમલેન્ડ ડિફેન્સ એન્ડ ગ્લૉબલ સિક્યૂરિટીના સહાયક સચિવ ઓફ ડિફેન્સ કેનેથ રપુઆનોએ તૈયાર કર્યા છે. પણ મેમોની અધિકારીક રીતે પુષ્ટિ નથી થઈ.

આગામી મહિનાઓમાં વૈશ્વિક સ્તર પર કોરોના ફેલાવવાનો ખતરો મેમોના અનુસાર, આગામી મહિનાઓમાં કોરોનાનો દુનિયાભરમાં મોટા પાયે ફેલાવવાનો ખતરો રહેશે. કોરોના ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી તેની વેક્સિન તૈયાર નહીં થાય. કોરોના વેક્સિન આવવામાં એક વર્ષથી વધુનો સમય લાગી શકે છે, અને કોરોના મહામારી એકવાર ગયા પછી ફરીથી પણ પાછી આવી શકે છે.

સેનાને મળી મોટી સફળતા, કુપવાડામાં લશ્કરના ત્રણ આતંકીની ધરપકડ

જમ્મૂ

આતંકવાદ વિરોધી દિવસ પર જમ્મૂ કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા હાંસલ થઈ છે. ઉત્તર કાશ્મીરના કુપવાડામાં ત્રણ આતંકવાદી પકડાયા છે. આતંકવાદીઓ સાથે પૂછપરછ ચાલી રહી છે. આ આતંકવાદીઓની ધરપકડ બાદ કેટલાય અગત્યના ખુલાસા થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઑપરેશન સેનાની ૨૮ આરઆર દ્વારા સફળ બનાવવામાં આવ્યું છે.

કુપવાડામાં સુરક્ષાદળોને સૂચના મળી હતી કે સોગમ વિસ્તારના જંગલ ક્ષેત્રમાં આતંકવાદી ઘુસ્યા છે. જવાનોએ વિસ્તારમાં તપાસ અભિયાન હાથ ધર્યું. આ દરમિયાન ત્રણ આતંકવાડીઓને ઝડપી પાડ્યા. થોડાક દિવસ પહેલા જ આ ત્રણ આતંકવાદીઓની તસવીર સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ હતી. ત્યારબાદથી સુરક્ષા ટીમ સતર્ક બની હતી. દર વર્ષે મનાવવામાં આવતો આતંકવાદ વિરોધી દિવસ આ વર્ષે આજે બંધ રૂમમાં મનાવવામાં આવશે. કોરોના મહામારીને ધ્યાનમાં રાખતા આ દિવસ પર નિવારક પગલાં લેવામાં આવશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સર્ક્યુલર અનુસાર સૂચિત કરવામાં આવ્યુ છે કે ૨૧મે ના રોજ તમામ સરકારી કાર્યાલય, સાર્વજનિક સંસ્થાઓમાં આતંકવાદી વિરોધની પ્રતિજ્ઞા લેવામાં આવી શકે છે. આયોજકોની સુરક્ષા તેમજ કોરોના મહામારીને ધ્યાનમાં રાખતા સાર્વજનિક સભાને ટાળવા માટે સૂચના આપવામાં આવી છે. આ સાથે જ અધિકારીઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ પોતાના ઘરે અથવા ઑફિસમાં આતંકવાદ વિરોધની પ્રતિજ્ઞા લેશે.

પુલવામામાં આતંકી હુમલોઃ એક જવાન શહિદ

પુલવામામાં પોલીસ અને સીઆરપીફની ટુકડી પર આતંકવાદીઓએ ગુરુવારે બપોરે હુમલો કર્યો હતો. આ હુમલામાં એક જવાનના શહીદ થવાના સમાચાર સામે આવી રહ્યા છે, ત્રણ ઘાયલ થયા છે. ઘાયલોમાંથી એક હાલત ગંભીર છે.



કોવિડ-૧૯ લોકડાઉન દરમિયાન થાણેમાં ઉત્તર-રાજ્યોના સ્થળાંતર કરનારા, મુનિ-નાસિક ધોરીમાર્ગ પરના માલગાહક વાહનોમાં લિફ્ટ લેવાની રાહ જોતા તેઓ આરામ કરે છે.

કેકેઆર એન્ડ કંપની રિલાયન્સ જિયોમાં રોકાણ કરવા તૈયાર

વૉશિંગ્ટન

કોરોના મહામારીના સંકટ વચ્ચે દિગ્ગજ ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે(RIL) બુધવારે દેશના સૌથી મોટા રાઈટ્સ ઈશ્યૂ જાહેર કર્યા હતા. જેની ઓપનિંગ બંપર રહી. ત્યારે હવે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના જિયો પ્લેટફોર્મને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે.

મીડિયા રિપોર્ટ મુજબ અમેરિકાની કેકેઆર એન્ડ કંપની પણ RILના જિયો પ્લેટફોર્મમાં રોકાણ કરવા માટે વાટાઘાટ કરી રહી છે. આ પહેલા ફેસબુક, સિલ્વરલેક, વિસ્ટા પાર્ટનર્સ અને જનરલ અટલાંટિકે જિયોમાં રોકાણ કર્યું હતું. મુદ્દા સાથે જોડાયેલ સૂત્રોએ જણાવ્યું કે હાલ વાતચીત ચાલી રહી છે અને જલ્દી ડીલ પૂરી થશે એવી અપેક્ષા છે. તેમણે જણાવ્યું કે આ ડીલ હેઠળ કેકેઆર એન્ડ કંપની ૭૫ કરોડથી એક અબજ ડોલર વચ્ચે રોકાણ કરી શકે છે. આગામી ટૂક સમયમાં આ અંગે ઔપચારિક જાહેરાત થઈ શકે છે.

સૂત્રોથી એવી પણ માહિતી મળી છે કે સાઉદીનું સરકારી ફંડ PIF પણ જિયો પ્લેટફોર્મ્સમાં રોકાણ કરી શકે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની કેટલાક પક્ષો સાથે વાતચીત ચાલી રહી છે. જેમાં સોવરેન વેલ્થ ફંડ યુએઈ મુબાદલા પણ સામેલ છે. રિપોર્ટ મુજબ કેકેઆર વર્ષ ૨૦૧૪થી ટેક્નોલોજી પર ફોક્સ કરતી કંપનીઓમાં લગભગ ૩ અબજ ડોલરનું રોકાણ કરી ચૂકી છે. ઈન્ડિયામાં તેને ૨૦૧૭માં સુનીલ મિત્તલની કંપની ભારતી ઈન્ફાટેલમાં રોકાણ કર્યું હતું. ત્યારે કંપનીમાં ૧૦.૩ ટકા હિસ્સો ખરીદ્યો હતો.

કોરોના સંકટ વચ્ચે નેપાળમાં ૩.૪ની તીવ્રતાના ભૂકંપના આંચકા

કાઠમાંડૂ

કોરોના સંકટની ભયાનકતા વચ્ચે નેપાળમાં આજે ભૂકંપ આવ્યો છે. આજે સવારે નેપાળનાં ભક્તપુર જિલ્લાનાં અનંતલિંગેશ્વર વિસ્તારમાં ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. સમાચાર એજન્સી એએનઆઈ અનુસાર, નેપાળનાં અનંતલિંગેશ્વર નજીક સવારે ૮:૧૪ મિનિટની આસપાસ ૩.૪ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપથી અત્યાર સુધીમાં જાન-માલને કોઈ નુકસાન થયું નથી. જણાવી દઈએ કે આ પહેલા ૧૫ મે નાં રોજ દિલ્હીમાં આંચકા અનુભવાયા હતા. લોકડાઉનમાં દિલ્હીમાં ચાર ભૂકંપ આવ્યા છે. રાષ્ટ્રની રાજધાનીમાં શુક્રવાર, ૧૫ મે નાં રોજ રાત્રે ૧૧.૨૮ વાગ્યે ઓછી તીવ્રતાનાં ભુકંપનાં આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન સેન્ટરએ અહેવાલ આપ્યો છે કે રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૨ માપવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્ર ઉત્તર દિલ્હીનાં પિતામપુરા ખાતે હતું. ભૂકંપ આઠ કિલોમીટરની ઉંડાઈ પર આવ્યો હતો.

વિવિધ રાજ્યો પર એક નજર....

કોરોનાના રાજ્ય મુજબના આંકડા પર નજર કરો તો મહારાષ્ટ્રની સ્થિતિ સુધરવાનું નામ લઈ રહી નથી. જ્યાં સંક્રમિતોની કુલ સંખ્યા ૨,૧૬૧ નવા સકારાત્મક કેસ સાથે ૩૯,૨૯૭ પર પહોંચી ગઈ છે. આ સમય દરમિયાન ૧૩૯૦ દર્દીઓ મૃત્યુ પામ્યા છે જ્યારે ૧૦,૩૧૮ લોકો સ્વસ્થ થયા છે.મહારાષ્ટ્ર સિવાય, વધુ ત્રણ અસરગ્રસ્ત રાજ્યોમાં તામિલનાડુ (૧૩,૧૯૧), ગુજરાત (૧૨,૫૩૭) અને દિલ્હી (૧૧,૦૮૮) છે, જ્યાં ચેપના ૧૧ હજારથી વધુ કેસ છે. જો કે, અન્ય બેની તુલનામાં તમિળનાડુમાં મૃત્યુઆંક ૮૭ છે અને કુલ ૫,૮૮૨ દર્દીઓ સ્વસ્થ થયા છે.જો કે, ગુજરાતમાં ૭૪૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને ૫,૨૧૯ લોકો સ્વસ્થ છે. દિલ્હીમાં કુલ ૧૭૬ લોકોનાં મોત નીપજ્યાં છે અને ૫,૧૯૨ દર્દીઓ સાજા થયા છે.

આ ઉપરાંત રાજસ્થાનમાં સકારાત્મક દર્દીઓની સંખ્યા ૬ હજારથી વધીને ૬,૦૧૫ પર પહોંચી ગઈ છે. જો કે, તેમાંના અડધાથી વધુ એટલે કે ૩,૪૦૪ દર્દીઓ સાજા થયા છે, જ્યારે ૧૪૭ દર્દીઓ મૃત્યુ પામ્યા છે.મધ્યપ્રદેશમાં ૫,૭૩૫ અને ઉત્તર પ્રદેશમાં (૫,૧૭૫) પાંચ હજારથી વધુ કેસ છે. મધ્યપ્રદેશમાં અત્યાર સુધીમાં ૨૬૭ દર્દીઓનાં મોત નીપજ્યાં છે જ્યારે ઉત્તર પ્રદેશમાં આ સંખ્યા ૧૨૭ છે.વધુમાં વાત કરીએ પશ્ચિમ બંગાળમાં ચેપના કુલ ૩,૧૦૩ કેસ નોંધાયા છે, જેમાં ૨૫૩ દર્દીઓનાં મોત નીપજ્યાં છે. આંધ્રપ્રદેશમાં બંગાળ પછી ૨,૬૦૨ પોઝિટિવ કેસ છે, જેમાં ૫૩ લોકો જીવ ગુમાવ્યા છે.

સરકારે પરત લીધો CAPF કેન્ટીનમાં સ્વદેશી સામાન વેચવાનો આદેશ

ન્યુ દિલ્હી

ગૃહ મંત્રાલયએ ગુરુવારે ૧૫ મેના રોજ આપેલા એ આદેશને હાલ રોકી દીધો છે જેમાં કહેવામાં આવ્યું હતું કે કેન્દ્રીય અર્ધસૈનિક દળો ની કેન્ટીનમાં હવે માત્ર સ્વદેશી સામાન જ વેચવામાં આવશે. ગૃહ મંત્રાલયથી મળેલા આદેશ બાદથી CAPFએ દેશભરમાં ચાલતી કેન્ટીન માટે ૪૦૦થી વધુ વેન્ડરો પાસેથી પોતાની ખરીદીના તમામ ઓર્ડર સ્થગિત કરી દીધા હતા. આ કેન્ટીનથી લગભગ ૫૦ લાખ અર્ધસૈનિક દળના કર્મચારી અને તેમના પરિવાર સામાન ખરીદે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૧૩ ફેબ્રુઆરીએ જાહેરાત કરી હતી કે કેન્ટીન ૧ જૂનથી માત્ર સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ કરશે જેથી ઘરેલૂ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી શકાય.

ચીનની ૮૦૦ કંપનીઓને ડિલિસ્ટ કરવાના પ્રસ્તાવને અમેરિકી સેનેટની મંજૂરી

વોશિંગ્ટન

યુએસ અને ચીન વચ્ચે વેપાર યુદ્ધ અને ઉત્તર કોરિયા પ્રકરણના વમળો શાંત થઈ રહ્યાં હતા ત્યાં જ કોરોના નામના વાયરસે વિશ્વની ટોચની બે મહાસત્તો વચ્ચે સુધરી રહેલા સંબંધોમાં ખટરાગ પેદા કર્યો છે. કોરોના મહામારી ફેલાવવા માટે ટ્રમ્પનું અમેરિકા અને સમગ્ર વિશ્વ માત્ર ચીનને જ જવાબદાર ઠેરવી રહ્યું છે.

કોરોના સામે સૌથી મોટી જંગ અમેરિકા લડી રહ્યું છે અને અમેરિકામાં જ સૌથી વધુ ખુમારી આ મહાવિનાશકે વાયરસે ફેલાવી છે. કોરોનાનો બદલો વાળવા માટે ટ્રમ્પે ચીન સાથે થયેલ પ્રથમ તબક્કાની વેપાર સંધિ અટકાવી દીધી હતી અને ચીન-ચીનની કંપનીઓ પર વધુ પ્રતિબંધ લાદવાની ચિમરી ઉચ્ચારી હતી.

ચીનમાં યુએસ પેન્શન ફંડનું રોકાણ ગત સપ્તાહે પરત ખેંચ્યા બાદ બુધવારે રાત્રે ચીનની કંપનીઓને અમેરિકાના સ્ટોક એક્સચેન્જ પરથ તગેડી મુકવા માટે ટ્રમ્પ સરકારે કાયદો પસાર કર્યો છે.

યુએસ સેનેટે ચાઈનીઝ કંપનીઓના ડિલિસ્ટિંગનો મુસદ્દો બુધવારે મોડી રાત્રે પસાર સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર હચમચી ઉઠ્યું છે. અલીબાબા, બાઈડુ જેવી અંદાજે ૮૦૦ કંપનીઓને ફરજિયાત અમેરિકન બજારમાંથી ડિલિસ્ટ કરવાના પ્રસ્તાવને અમેરિકાની સેનેટે મંજૂરી આપી છે.

કોરોના કહેર યથાવત્

વિશ્વમાં કોરોના દર્દીઓનો આંકડો ૫૦ લાખને પાર, ૩.૨૮ લાખ લોકોના મોત

અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૫.૫ લાખથી વધારે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા,રશિયામાં ત્રણ લાખથી વધુ લોકો સંક્રમિત

વૉશિંગ્ટન

વિશ્વભરમાં કોરોના દર્દીઓનો આંકડો ૫૦ લાખને પાર કરી ચુક્યો છે. અપડેટ અનુસાર, સમગ્ર દુનિયામાં કોરોના દર્દીઓની સંખ્યા ૫૦ લાખ ૩૮ છે, જેમાંથી ૩,૨૮, ૧૭૨ લોકોના મૃત્યુ થઈ ચુક્યા છે. કોરોનાના સૌથી વધારે કેસ અમેરિકામાં છે. અહીં અત્યાર સુધીમાં ૧૫.૫ લાખથી વધારે કોરોના સંક્રમણના કેસ સામે આવી ચુક્યા છે.

કોરોનાથી વિશ્વભરના ૧૮૮થી વધુ દેશ પ્રભાવિત છે. અમેરિકા બાદ સૌથી વધારે રશિયામાં કોરોનાનું સંક્રમણ ફેલાયુ છે. અહીં અત્યાર સુધીમાં ૩ લાખથી વધારે કોરોના સંક્રમણના કેસ સામે આવી ચુક્યા છે. ત્યારબાદ બ્રાઝિલનો નંબર આવે છે. અહીં આંકડો ૩ લાખની નજીક પહોંચી ચુક્યો છે. યૂનાઇટેડ કિંગડમમાં અત્યાર સુધીમાં લગભગ ૨.૫૦ લાખ અને સ્પેનમાં ૨.૩૨ લાખ દર્દીઓ કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યુ છે.

ઇટલીમાં અત્યાર સુધીમાં ૨.૨૭ લાખ, ફ્રાન્સમાં ૧.૮૧ લાખ, જર્મનીમાં ૧.૭૮ લાખ, તુર્કીમાં ૧.૫૨ લાખ, ઇરાનમાં ૧.૨૬ લાખ, ભારતમાં ૧.૧૨ લાખ, પેરૂમાં ૧.૦૪ લાખ, ચીનમાં ૮૪ હજાર, કેનાડામાં ૮૧ હજાર, સાઉદી અરેબિયામાં ૬૨ હજાર, મેક્સિકોમાં ૫૬ હજાર, બેલ્જિયમમાં ૫૫ હજાર, ચિલીમાં ૫૩ હજાર અને પાકિસ્તાનમાં ૪૮ હજાર કોરોના પોઝિટિવ કેસ સામે આવી ચુક્યા છે.

કોરોનાથી થતા મૃત્યુના કેસમાં અમેરિકા પ્રથમ સ્થાને છે. અહીં અત્યાર સુધીમાં ૯૩ હજારથી વધારે લોકોના મૃત્યુ થયા છે. બીજા નંબરે યૂનાઇટેડ કિંગડમ છે, જ્યાં ૩૫ હજારથી વધારે લોકોના મૃત્યુ થયા છે. ત્રીજા નંબર પર ઇટલી છે, અહીં ૩૨ હજારથી વધારે લોકો મૃત્યુ પામ્યા છે. ત્યારે ફ્રાન્સમાં ૨૮ હજાર, સ્પેનમાં પણ લગભગ ૨૮ હજાર, બ્રાઝિલમાં ૧૯ હજારથી વધારે લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. ભારતમાં કોરોના પોઝિટિવ લોકોની સંખ્યા ૧,૧૨,૩૫૯ સુધી પહોંચી ચુકી છે. તેમાંથી ૪૫,૩૦૦ દર્દીઓ સાજા થઈને ડિસ્ચાર્જ થઈ ચુક્યા છે, જ્યારે ૩૪૩૫ દર્દીઓના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫ હજારથી વધારે નવા કેસ સામે આવ્યા છે અને ૧૩૨ લોકોના મૃત્યુ થયા છે.

મોદી સરકાર સંસદના આગામી સત્રમાં સુધારા ખરડો રજૂ કરશે

મિલકત રજીસ્ટ્રેશન માટે આધાર અથવા પાન ફરજિયાત બનશે

ન્યુ દિલ્હી

હવેથી દેશમાં રજીસ્ટ્રેશન માટે લોકોએ પાન કાર્ડ અથવા આધાર કાર્ડ રજુ કરવું પડશે. થોડા સમય પહેલાં કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રકારના નિયમ નો સંકેત આપવામાં આવ્યો હતો અને હવે આ સિસ્ટમ અમલી બનાવવા તરફ સરકારે આગેકૂચ કરી છે.

સંસદના આગામી સત્રમાં આ માટેનો સુધારા ખરડો રજૂ થવાની શકયતા છે. સરકાર એમ માને છે કે આ પગલાંથી દેશમાં જમીનની છેતરપિંડી ને લગતા કેસ પર અંકુશ આવશે અને બેનામી વ્યવહારો ને નિયંત્રિત કરી શકાશે.

આ કામગીરી સાથે સંકળાયેલા સરકારના ટોચના અધિકારીઓએ એવી માહિતી આપી છે કે કેન્દ્રીય ગ્રામિણ વિકાસ મંત્રાલય હેઠળ આવતા જમીન ક્રોત વિભાગ દ્વારા સમગ્ર દરખાસ્ત તૈયાર થઈ રહી છે અને સંસદના હવે પછીના સત્ર માં સુધારા ખરડો રજૂ થશે.

તેમણે કહ્યું કે રજીસ્ટ્રેશન સુધારા ખરડામાં કેટલીક નવી જોગવાઈઓ નો ઉમેરો કરવામાં આવશે અને સંસદમાં આ બારામાં લાંબી ચર્ચા પણ થશે તેમ માનવામાં આવે છે. સુધારા ખરડામાં એવી જોગવાઈ કરવામાં આવશે કે પ્રોપર્ટી રજીસ્ટ્રેશન માટે આધાર કાર્ડ અથવા પાન કાર્ડ અથવા તેના જેવું કોઈ બીજું પ્રુફ જેમકે ડ્રાઇવિંગ લાઈસન્સ વગેરે ફરજિયાત આપવું પડશે.

રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨ માં મોટા પાયે સુધારા—વધારા કરવામાં આવશે અને સમગ્ર મુસદ્દો તૈયાર થઈ ગયા બાદ સંસદમાં તેને મુકવામાં આવશે જોકે તે પહેલા પી.એમ ઓ સમક્ષ આ દરખાસ્તને રજૂ કરવામાં આવશે અને ત્યાંથી કિલયરન્સ મળ્યા બાદ સંસદના આગામી સત્રમાં તેને રજૂ કરવામાં આવશે.



જર્મનીમાં કોવિડ-૧૯ ને કારણે લગભગ ૮૦૦૦ થી વધુ લોકોનો જીવ ગયો છે. ત્યારે તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે ગેર્ટુડ શોપ નામના ૬૦ વર્ષનાં ટેક્સ એડ્વાઇઝરે લગભગ ૮૦૦૦ મીણબત્તીઓ સળગાવીને કોસનું નિશાન બનાવ્યું હતું.

અમદાવાદમાંથી વિજય નેહરાની EXIT બાદ કોરોનાના કેસો છૂપાવવા ધમપછાડા..?

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એકાએક કોરોના દર્દીઓનું વોર્ડ વાઇઝ લિસ્ટ મીડિયાને આપવાનું બંધ કરી દેતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે. ૧૬ મે બાદ કોર્પોરેશને સત્તાવાર રીતે વોર્ડવાઇઝ લિસ્ટ મીડિયાને આપ્યું નથી. મીડિયા પોતાની રીતે કોર્પોરેશનમાંથી માહિતી કાઢી લે તે જૂદી વાત છે પણ કોર્પોરેશન તરફથી નથી અપાતુ.

રાજ્યમાં ગુજરાતના સૌથી વધુ કેસો અમદાવાદમાં નોંધાયા છે. અમદાવાદ વુહાન બનવાની દિશામાં જઇ રહ્યું છે.અને કોરોના બેકાબુ છે.એ સ્થિતિમાં પોતાના ઘરની આજુબાજુમાં કોરોના પોઝિટિવ માહિતિ મળવાની બંધ થઇ ગઇ છે. કોંગ્રેસ નેતા અહમદ પટેલે જે દિવસથી ટેસ્ટિંગના મુદ્દે સવાલો ઊભા કર્યા એ દિવસથી વિગતવાર પ્રેસનોટ આવવાની બંધ થઇ ગઇ અને એક જ પાનામાં મર્યાદિત વિગત આપવામાં આવે છે.

દેશમાં કોરોનાના સૌથી વધુ કેસ ધરાવતા શહેરોમાં અમદાવાદ અગ્રેસર છે ત્યારે નાગરિકોને આસપાસનાં કોરોના પોઝિટિવ કેસની જાણકારી મળી રહે તે માટે કૉર્પોરેશન દ્વારા અધિકારિક રીતે યાદી જાહેર કરવામાં આવતી હતી. કૉર્પોરેશન દ્વારા દરરોજ જાહેર કરવામાં આવતી યાદી મીડિયાને પણ આપવામાં આવતી હતી. જોકે હવે એએમસી દ્વારા આપવામાં આવતી આ યાદી આપવાની બંધ કરી દેવામાં આવી છે. ૧૬મી મેનાં દિવસથી જ કૉર્પોરેશને આ યાદી આપવાની બંધ કરી દીધી છે. એએમસી એ આવો નિર્ણય કેમ લીધો છે તેના પર કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

વડોદરામાં કોરોનાના વધુ ૪ પોઝિટિવ દર્દીઓના મોત, કુલ મૃતાંક ૫૬ થયો

વડોદરા

વડોદરામાં બુધવારે નોંધાયેલા ૨૦ પોઝિટિવ કેસમાં બરોડા મેડિકલ કોલેજના રેસિડેન્ટ ડોક્ટર હાર્દિક પંડ્યાનો પણ સમાવેશ થાય છે. હાર્દિક પંડ્યા પણ અન્ય રેસિડેન્ટ ડોક્ટરોની જેમ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ડેપ્યુટેશન ઉપર મુકાયા હતા અને પરત આવ્યા બાદ તેમને કોરોના પોઝિટિવનું નિદાન થયુ છે. હાર્દિક પંડ્યા મળીને બરોડા મેડિકલ કોલેજના ચાર રેસિડેન્ટ ડોક્ટરોને કોરોનાનું સંક્રમણ અમદાવાદ સિવિલમાંથી લાગ્યુ છે.

બીજી તરફ વડોદરામાં ૨૪ કલાક દરમિયાન નાગરવાડાના કોંગી કાર્યકર્તા સહિત ૪ કોરોના પોઝિટિવ દર્દીઓના મોત નોંધાયા છે. વાડી તાઇવાડામાં રહેતા અને જીઆઇડીસીમાં ફેબ્રિકેશનનો બિઝનેસ કરતા ૪૫ વર્ષના જાવીદ હુસૈન અબ્દુલ હમીદ શેખને ગત રવિવારે કોરોના પોઝિટિવનું નિદાન થયુ હતુ અને આજે સારવાર દરમિયાન તેમનું મોત થયુ હતું.

તો રવિવારની કોરોના પોઝિટિવની યાદીમાં પાણીગેટ ચુડીવાલા મહોલ્લાના ૭૫ વર્ષના વૃધ્ધ મહિલા મરીયમબીબી ઈસ્માઈલભાઈ સારંખાવાલા પણ હતા. તેઓ ઘણા સમયથી ડાયાબિટીસથી પિડાતા હતા તેમની તબિયત લથડતા ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં તેમને કોરોનાનું નિદાન થયુ હતું તેમનું પણ સારવાર દરમિયાન મોત થયુ હતું.

ગીરમાં સિંહના ટોળાએ ૧૦૮નો રસ્તો રોકતા એમ્બ્યુલન્સમાં જ કરાવી યુવતીની પ્રસૂતિ

ગીર ગઢડા

એશિયાટિક સિંહો માટે જાણીતા ગીરના જંગલથી એક અનોખી ઘટન સામે આવી છે. આ ઘટના વાંચીને તમે પણ અંચબિત થઈ જશો. જિલ્લાના ગીર ગઢડામાં રસ્તા પર સિંહનું ટોળું હોવાથી ગર્ભવતી યુવતીને લઈને જતી ૧૦૮ એમ્બ્યુલન્સ અટવાઈ પડી હતી. જેને કારણે યુવતીને એમ્બ્યુલન્સમાં જ પ્રસૂતિ કરાવવી પડી હતી. મળતી વિગતો પ્રમાણે ગીર ગઢડાની ૧૦૮ એમ્બ્યુલન્સને રાત્રે ૧૦:૨૦ તાલુકાના ભાખા ગામથી ૩૦ વર્ષીય અફસાનાબેનને પ્રસૂતિની પીડા માટે કોલ આવ્યો હતો. આ પછી ગીર ગઢડાની ૧૦૮ તે પ્રસૂતાને લેવા જતા હતા અને ત્યાંથી લઈને એમને ગીર ગઢડાની સરકારી દવાખાને જવાનું હતું. અચાનક જ રસુલપરા પાટિયા પાસે પહોચ્યા ત્યાં રસ્તામાં ૪ સિંહનું ટોળું બેઠું હતું.

જેને કારણે ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યાં જ રોકવી પડી હતી અને અંદર પ્રસુતિની પીડાવાળા દર્દીને દુઃખાવો વધવા લાગ્યો અને ૧૦૮માં અંદર રહેલા ઈમરજન્સી સ્ટાફ ઈએમટી જગદીશભાઈ મકવાણા અને પાઈલોટ ભરત ભાઈ આહીર દ્વારા એમ્બ્યુલન્સમાં ડિલિવરી જ કરાવી દીધી હતી અને બેબીનો જન્મ થયો હતો.માતા અને બાળકને એમ્બ્યુલન્સ મા જરૂરી સારવાર આપી હતી અને ત્યાર બાદ પણ તે ૪ સિંહનું ટોળું ત્યાં જ રોડ પર હતું અને એમ્બ્યુલન્સ ફરતે આંટા મારતા હતા. ૨૦ મિનિટ બાદ તે સિંહનું ટોળું સાઈડમાં જતું રહ્યું અને દર્દીને ગીર ગઢડા હોસ્પિટલ ખાતે સલામત રીતે લઈ જવામાં આવ્યા હતા.

આત્મ નિર્ભર નું ફોર્મ લેવા રાજકોટવાસીઓ ભૂલ્યા કોરોના, ગરમી અને સોશિયલ ડિસ્ટન્સિંગ

રાજકોટ

આજથી રાજ્યમાં આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાના ફોર્મ વિતરણની શરૂઆત થઈ હતી. જોકે, કોઈ પણ પ્લાનિંગ અને સૂચના વગર આ જાહેરાત થઈ હોય તેવુંસ્પષ્ટ દેખાઈ આવ્યું હતું. લગભગ દરેક શહેરોમાં ફોર્મ મેળવવા બેંકોની બહાર લાંબી લાઈનો લાગી હતી. ત્યારે રાજકોટમાં સવારે ૧ લાખ રૂપિયાની લોન લેવા લોકોએ જિંદગી દાવ પર મૂકી તેવા દૃશ્યો જોવા મળ્યા હતા. સહકારી બેંકો પર લોન માટે ફોર્મ મેળવવા લોકોએ બેંક બહાર લાંબી લાઈનો લગાવી છે. પરંતુ ફોર્મ લેવા પહોંચેલ લોકો સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવાનું ભૂલી ગયા હતા. પારેવડી ચોક સ્થિત નાગરિક બેંક બહાર લોકોની લાંબી કતાર જોવા મળી હતી. બેંક ખૂલે એ પહેલા લગભગ ૭૦૦થી ૮૦૦ લોકોનું ટોળુ બેંક બહાર ઉભું હતું. તો બીજી તરફ, આ બેંકમાં વધુ ફોર્મ આવ્યા ન હોવાથી પ્રિન્ટર પરથી પ્રિન્ટ કાઢીને ફોર્મ વિતરણ કરવામાં આવ્યા હતા.

તો કેટલાક લોકોને ઓનલાઈન ફોર્મ મેળવી લેવા કહેવામાં આવ્યું હતું. તો બીજી તરફ, રાજકોટના પરાબજાર સ્થિત નાગરિક બેંક પર ફોર્મ આપવાની કાર્યવાહી મુલતવી રખાઈ હતી. બેંક બહાર મેનેજર દ્વારા ફોર્મ વિતરણ મુલતવી રાખવામાં આવ્યું હોવાનું બોર્ડ મૂકી દેવાયું હતું. ફોર્મ માટેફી ની કોઈ માહિતી ન હોવાથી ફોર્મ વિતરણ મુલતવી રાખવામાં આવ્યું હતું. રાજકોટના અર્બન કો ઓપરેટિવ બેંકસ ફેડરેશનના ચેરમેન જ્યોતિન્દ્ર મહેતાએ ઝી ૨૪ કલાકની ખાસ વાતચીતમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ લોન યોજના માટે આજથી ફોર્મ વિતરણ શરૂ કરવામાં આવ્યા છે. સહકારી બેંકો દ્વારા ૮ % થી લોન આપવામાં આવશે. જેમાં ૬%સરકાર સબસીડી આપશે અને ૨ % લોન લેનારે આપવાના રહેશે. ગુજરાતમાં અર્બન કો.ઓપરેટિવ બેંક ૨૧૭છે, જેની ૧૦૦૦ જેટલી બ્રાન્ચ છે. ડિસ્ટ્રીક બેંક ૧૮ છે, જેની ૨૦૦ બ્રાન્ચ છે. તેમજ ૬૦૦૦ જેટલી ક્રેડિટ સોસાયટી છે, જ્યાંથી ધિરાણ આપવામાં આવશે. લોકો બેંકની ઓનલાઈન વેબસાઈટ પરથી પણ ફોર્મ મેળવી શકશે. નાના ધંધા રોજગાર ચલાવતા લોકોને લોન આપવામાં આવશે. ફોર્મ ભરાયા બાદ બેંક ચકાસણી કરીને લોન આપશે. એક જ વ્યક્તિ એક કરતા વધુ વાર લાભ ન લઈ જાય તે બાબતનું ખાસ ધ્યાન રાખવામાં આવશે.

ગુજરાતમાં શહેરોના પેટ્રોલો પંપ સવારે ૮થી ૬ વાગ્યા સુધી અને હાઈવે પર ૨૪ કલાક રહેશે ખુલ્લા

ગાંધીનગર

ગુજરાત સહિત ભારતભરમાં લોકડાઉન ૪ લાગૂ કરવામાં આવ્યુ છે. ૩૧મી મે સુધી આ લોકડાઉન યથાવત રહેશે ત્યારે કેન્દ્ર સરકારે રાજય સરકારને લોકડાઉનમાં છુટછાટ આપવા માટે છુટ આપી છે. એવામાં ગુજરાતમાં શહેરોમાં પેટ્રલો પંપ સવારે ૮થી ૬ વાગ્યા સુધી ખુલ્લા રહેશે જ્યારે હાઈવે ઉપર પેટ્રોલ પંપ ૨૪ કલાક ખુલ્લા રાખતી માર્ગદર્શિકા બહાર પાડી છે. રાજયમાં પેટ્રોલપંપના સમયને લઈ નવી માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

શહેરોમાં સવારે ૮થી સાંજે ૬ વાગ્યા સુધી જ પેટ્રોલપંપ ખુલ્લા રાખી શકાશે. જ્યારે હાઈ-વે પર ૨૪ કલાક માટે પેટ્રોલપંપ ચાલુ રહેશે. આગામી ૩૧મી મે સુધી આ નિયમ લાગુ રહેશે. કોરોના વાયરસ અને લૉકડાઉનની સ્થિતિને ધ્યાને રાખીને રાજ્યમાં પેટ્રોલપંપના સમયને લઈ નવી માર્ગદર્શિકા બહાર પાડવલામાં આવી છે. જેમાં પેટ્રોલપંપ આજથી ૩૧મી મે સુધી પેટ્રોલ સવારે ૮.૦૦થી સાંજે ૬.૦૦ કલાક સુધી જ મળશે.

આ નિર્ણયનું પાલન લૉકડાઉન ૩૧મી મે સુધી કરવાનું રહેશે. રહેશે. પેટ્રોલપંપને પુરતો સ્ટોક રાખવા માટે પણ સૂચન અપાયા છે. હાઈવે ઉપર પેટ્રોલપંપને ૨૪ કલાક ખુલ્લા રાખવાની છૂટ આપવામાં આવી છે. સામાન્ય રીતે પેટ્રોલ પંપને પહેલા સવારે ૮થી ૪ વાગ્યા સુધી ખુલ્લા રાખવાની છુટ હતી જેને વધારવામાં આવી છે. અને હાઈવે માટે ૨૪ કલાક પેટ્રોલપંપ ખુલ્લા રાખવાની છૂટ આપવામાં આવી છે.

વેસ્ટર્ન રેલવે મઝદૂર સંઘ દ્વારા આજે કરાશે વિરોધ પ્રદર્શન

દિલ્હી ખાતે દરેક ટ્રેક યુનિયનો ભૂખ હડતાલ પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરશે

અમદાવાદ

કેન્દ્ર સરકારની કામદાર વિરોધી નીતિઓના વિરોધમાં વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘ દ્વારા હાથે કાળી રિબીન બાંધીને વિરોધ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. મહામંત્રી જે.જી.માહુરકરના જણાવ્યા મુજબ વિવિધ ટ્રેડ યુનિયનો તરફથી આગામી તા.૨૨ મેના રોજ દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરાશે.

લોકડાઉનની આડમાં ટ્રેડ યુનિયન એક્ટને નિષ્ક્રિય કરવા મજૂર કાયદાઓને હંગામી ધોરણે કાઢી નાંખવા, ઔદ્યોગિક તકરાર કાયદો, વ્યવસાયીક સલામતી કાયદો, કોન્ટ્રાક્ટ લેબર એક્ટ, કામના કલાકો વધારવા, શોષણ કરવું વગેરી બાબતે દિલ્હી ખાતે દરેક ટ્રેક યુનિયનો ભૂખ હડતાલ પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરશે.

સુરેન્દ્રનગરના મૂળી તાલુકામાં નોંધાયા કોરોનાના વધુ બે કેસ, તંત્ર દોડ્યું

મૂળી

ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. એમ પણ કોરોના કેસો અમદાવાદ, સુરત અને વડોદરામાં સૌથી વધુ છે. જોકે, અત્યાર સુધી કોરોના અમુક જિલ્લાઓમાં નહોતો ફેલાયો, પરંતુ હવે ગુજરાત અને બીજા રાજ્યોમાંથી લોકો પોતાના વતન પરત ફરવા લાગતાં આ જિલ્લાઓમાં પણ કોરોનાના કેસો વધી રહ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં શરૂઆતમાં એક કેસ નોંધાયો હતો, પરંતુ તે રિકવર થઈ જતાં એક પણ એક્ટિવ કેસ નહોતો. જોકે, બહારથી આવેલા લોકોને કારણે કોરોનાએ ફરીથી એન્ટ્રી કરી હતી.

સુરેન્દ્રનગરમાં થાન પછી મૂળી તાલુકામાં કોરોનાના કેસો નોંધાયા હતા. ત્યારે હવે ફરીથી બે વધુ કેસ મૂળી તાલુકામાં નોંધાયા છે. મુળી તાલુકાના ઉમરડા ગામમાં વધુ બે કોરોના વાયરસના પોઝિટિવ કેસો નોંધાયા છે. અગાઉ કોરોના પોઝિટિવ આવેલ દર્દીઓના પરિવારજનોમાંથી જ વધુ બે કેસ નોંધાયા છે. સગા ભાઈ અને બહેન કોરોના પોઝિટિવ આવતા સારવાર અર્થે સુરેન્દ્રનગર શહેરની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા છે. પ્રાથમિક તપાસમાં બંને દર્દીઓ બે દિવસ પહેલા અમદાવાદથી આવ્યા બાદ હોમ ક્વોરન્ટાઈન હતા. સુરેન્દ્રનગર જિલ્લામાં દર્દીઓની કુલ સંખ્યા ૧૫ ઉપર પહોંચી છે.

અમદાવાદ લોકડાઉન અને દેવાના કારણે એમ્બ્રોઈડરીના વેપારીએ કર્યો આપઘાત

અમદાવાદ

અમદાવાદમાં લોકડાઉન ના પગલે મંદી અને ધંધામાં દેવું થઈ જતા વેપારીએ આપઘાત કર્યો છે. અમદાવાદ ના નિકોલ વિસ્તારના ડી માર્ટ પાસે આવેલ સહજાનંદ રેસિડેન્સીમાં રહેતા વેપારીએ આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું હતું. મયુર યાદવ નામના એમ્બ્રોઈડરીના વેપારી યુવકે ઘરમાં જ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.

નિકોલ પોલીસે અકસ્માતે મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. લોકડાઉનને કારણે છેલ્લા બે મહિનાથી ધંધો વેપાર બંધ થઈ ગયો છે. જેને કારણે લોકોની આવક પર બ્રેક લાગી છે. આવકનું કોઈ સાધન ન રહેતા લોકો અસહાય બની ગયા છે. આવામાં લોકો નાસીપાસ થઈ રહ્યાં છે. એમ્બ્રોઈડરીનો બિઝનેસ લોકડાઉનને કારણે ઠપ્પ થઈ ગયો હતો. ઉલ્લેખનીય છે કે, લોકડાઉનમાં અનેક લોકો નાસીપાસ થઈને આત્મહત્યાનું પગલુ અપનાવી રહ્યાં છે. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા અમદાવાદના એક ખેડૂતે આવા જ કારણોથી આત્મહત્યા કરી હતી. લોકડાઉનને કારણે મહામહેનતે ઉગાડેલી કાકડી ન વેચાતા ખેડૂતે મોતનો રસ્તો અપનાવ્યો હતો.

પિતાથી કંટાળેલી દીકરીએ પિતાને પેટ્રોલ છાંટી સળગાવી દેતા વિસ્તારમાં ચકચાર

અમદાવાદ

રાજ્યમાં લોકડાઉન વચ્ચે હવે ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. તમે સાંભળ્યું હશે કે એક કળિયુગી પુત્ર પોતાના જન્મદાતા પિતાની હત્યા કરી હોય, પરંતુ તમે કદી નહીં સાંભળ્યું હોય કે એક દીકરીએ તેના પિતાની હત્યા કરી હોય. ત્યારે છેલ્લા કેટલાંય સમયથી કામધંધો નહીં કરતા પિતાની પુત્રીએ પેટ્રોલ છાંટી સોનગઢમાં સળગાવી દેતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. સામાન્ય બાબતમાં પિતા અને પુત્રી વચ્ચે રોજબરોજ ઝઘડા થતા હતા. તેમાં પિતા કોઈ કામધંધો નહીં કરતા હોવાથી પુત્રીએ પિત્તો ગુમાવી પિતા પર પંટ્રોલ છાંટી સળગાવી દીધા હતા.

સમગ્ર બનાવની હકીકત એવી છે કે, સોનગઢ નગરના પીપળ ફળિયામાં રહેતા રાજેન્દ્ર મોતીલાલ જૈન (ઉવ.૬૦) ગત તા.૧૯-૦૫-૨૦૨૦ના રોજ બપોરે ૧૨.૧૫ વાગ્યાના અરસામાં પોતાના ઘરના પગથીયા પર બેઠા હતા. ત્યારે તેની પુત્રી તેજલ રાજેન્દ્ર જૈને ત્યાં આવીને પિતા સાથે કામ ધંધો કરવા બાબતે ઝઘડો કર્યો હતો. તેજલ ઉગ્ર થઈને પોતાના પિતાને કહેતી હતી કે, તમે કામ ધંધો કરતા નથી. માટે ઘરે આવો નહીં, અહીંથી જતા રહો, તેમ છતા રાજેન્દ્ર જૈન ત્યાં જ બેસી રહેતા તેજલ ઘરમાં જઈને પેટ્રોલ ભરેલ બાટલો લઈ આવી હતી અને પોતાના પિતાના શરીર પર પેટ્રોલ છાંટી દીવાસળી ચાંપી સળગાવી દીધા હતા.

આ ઘટનામાં રાજેન્દ્ર જૈન ગંભીર રીતે દાઝી જતાં તેને તાત્કાલિક સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ત્યાં રાજેન્દ્ર જૈને ગંભીર રીતે દાઝી જતાં તેને તાત્કાલિક સુરતની સ્મીમેર હોસ્પિટલમાં ખાતે ખસેડાયા હતા. ત્યાં રાજેન્દ્ર જૈને પોતાની પુત્રી તેજલ જૈન વિરુદ્ધ સુરત પોલીસને ફરિયાદ આપતા આજે તા. ૨૦ના રોજ સોનગઢ પોલીસે તેજલ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.આ બનાવ બાદ સમગ્ર સોનગઢ પંથકમાં ભારે ચર્ચા શરૂ થઈ હતી. કારણ કે, એક પુત્રી આ હદ સુધી ક્યારેય જઈ ન શકે તેમ છતાં લોકડાઉનની સ્થિતિમાં પુત્રીએ પોતાનો પિત્તો ગુમાવી આ કરૂણ બનાવને અંજામ આપ્યો હતો.

મહેસાણા જિલ્લામાં કોરોનાગ્રસ્ત ૨૨ સ્થળોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર

મહેસાણામાં ૧૩ નવા કોરોના કેસ નોંધાતા જિલ્લામાં ફફડાટ, એકનું મોત

મહેસાણા

સમગ્ર રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે રાજ્યનાં મહેસાણા જિલ્લામાં ૧૩નવા કેસ નોંધાતા જિલ્લામાં ફફડાટ મચ્યો છે.નવા ચેપગ્રસ્તોની સાથે સાથે એક મહિલાનું મોત પણ નિપજ્યું છે. ત્યારે આ મામલે આરોગ્યતંત્રમાં હડકંપ મચ્યો છે. મહેસાણા જિલ્લામાં કોરોનાગ્રસ્ત ૨૨ સ્થળોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયેલા છે. જેમાં ૪૬૦૭૮ વસ્તીનો સમાવેશ થાય છે. જ્યારે બનાસકાંઠામાં કોરોના પોઝિટીવ કેસના આધારે ૩૪ કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરાયા છે. જેમાં ડીસા, વડગામ, દિયોદર, દાંતીવાડા, ધાનેરા, થરાદ તાલુકાઓનો સમાવેશ થાય છે. જ્યારે પાટણ જિલ્લામાં ૭ કન્ટેન્મેન્ટ જાહેર કરાયા છે. જેમા સિધ્ધપુરમાં ૪, સરસ્વતી૧, ચાણસ્મા૧નો સમાવેશ થાય છે. વળી મંગળવારે જિલ્લામાં સામે આવેલા ત્રણ પોઝિટીવ દર્દીઓ સામે આવ્યા તેઓના રહેણાક વિસ્તારો પૈકી મહેસાણા શહેરના ઉચરપી રોડ ઉપર આવેલ સુર્યનગરી રોહાઉસ તેમજ ધારપુરા ખાંટ ગામને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

ત્યારે જિલ્લામાં ૭૦ થી વધુ કોરોના પોઝિટીવ દર્દીઓ સામે આવ્યા છે. જેના આધારે વહિવટીતંત્ર દ્વારા સતલાસણા, વડનગર, મહેસાણા, ઉંઝા, ખેરાલુ, કડી, બેચરાજી, વિસનગર, વિજાપુર, તાલુકાના ૨૨ સ્થળોને કોરોન્ટાઈન ઝોનજાહેર કર્યા હતા. આ વિસ્તારોમાં ૯૬૫૩ મકાનોમાં વસવાટ ૪૬૦૭૮ લોકો અત્યારે વસવાટ કરી રહ્યા છે. દરમિયાન રાજ્ય સરકાર દ્વારા લોકડાઉનના ચોથા તબક્કામાં ઘણી છુટ છાટો આપવામાં આવી છે.

જેના પગલે મંગળવારે સમગ્ર મહેસાણા જિલ્લામાં સવારના સુમારે લોકોની ચહલપહલ જોવા મળી હતી. મોટાભાગની દુકાનો ખુલતાં ગ્રાહકોની ભીડ ઉમટી પડી હતી. વળી , અત્યારસુધી સુમસામ ભાસી રહેલા માર્ગો ઉપર વાહોનોની કતારો જોવા મળી હતી. જિલ્લાના કન્ટેન્મેન્ટ ઝોનમાં હજુ પણ પૂર્વવત લોકડાઉનો કડક અમલ ચાલુ રહેનાર છે.

સરકારના કન્ટ્રોલરૂમની જેમ મ્યુનિ.એ કઈ હોસ્પિટલમાં કેટલી બેડ ખાલી છે, ત્યાં શું સુવિધા છે વગેરેની બાબતો ઓનલાઈન મુકવાની તાતી જરૂર હોવાની માગણી ઉભી થવા પામી છે. મ્યુનિ.એ દર્દીને હોસ્પિટલના પ્રવેશ માટે માર્ગદર્શન મળી રહે તે માટે સેન્ટ્રલ ડેસ્ક ઉભુ કરવાની સાથે એક જવાબદાર અધિકારીને નોડલ ઓફિસર તરીકે નીમવાની જરૂર છે. દર્દીને ક્યાં દાખલ થવું, ત્યાં ફી કેટલી છે, મ્યુનિ.નો તેમાં કેટલો ફાળો રહેશે વગેરે માહિતીના અભાવથી દર્દી હેરાનપરેશાન થઈ જાય છે. કોઈ સેન્ટ્રલી મજબૂત સિસ્ટીમ ગોઠવવામાં નહીં આવે તો અરાજકતા પેદા થવાની ભીતિ ઉભી થઈ છે.

ચાંદખેડામાં પત્ની અને સાળાના ત્રાસથી પતિએ ગળાફાંસો ખાઈ કર્યો આપઘાત

અમદાવાદ

પતિ કે સાસરિયાના ત્રાસથી પત્નીએ આપઘાત કર્યાના અનેક કિસ્સા બન્યાં છે. પણ, ચાંદખેડામાં રહેતા એક યુવકે પત્ની અને સાળાના ત્રાસથી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. લગ્ન પછી પિયર કાનપુર જતી રહેલી પત્નીને લેવા ગયેલા યુવકને ત્યાં જ રોકી લેવાયો હતો. આ યુવક કમાતો હતો તે પૈસા પત્ની અને સાળા પડાવી લેતાં હતાં. આખરે, ગમે તેમ કરી ચાંદખેડાના ભૂલાભાઈ પાર્કમાં રહેતા પિતાના ઘરે આવેલાં યુવકે સ્યુસાઈડ નોટ લખી પોતાની જિંદગી ટૂંકાવી લીધી છે. આંચકાજનક આપઘાત કેસમાં ચાંદખેડા પોલીસે તપાસ શરૂ કરી છે. ચાંદખેડાના ભુલાભાઈ પાર્ક-૧માં રહેતા અને નિવૃત્ત જીવન ગાળતા લક્ષ્મણપ્રસાદ શાક્યએ ફરિયાદ નોંધાવી છે કે, તેમના મોટા પુત્ર સત્યમના લગ્ન વર્ષ ૨૦૧૬માં સમાજના રિતરિવાજ મુજબ

કાનપુરના સિકહિલા ગામમાં રહેતી પૂનમ કુશવાહ સાથે કર્યાં હતાં. વર્ષ ૨૦૧૭માં રક્ષાબંધન કરવા માટે પૂનમ પિયર ગઈ હતી. ૧૫ દિવસ પછી પતિ સત્યમ તેની પત્નીને લેવા માટે કાનપુર સાસરીમાં ગયો હતો. ઘણા દિવસ સુધી પુત્ર પરત ન ફરતાં પિતાએ તપાસ કરતાં ખબર પડી હતી કે, સત્યમ અને તેની પત્ની પૂનમ કાનપુર ખાતે સાળા અશોકની સાથે રહે છે. એક વખત ફોન પર વાત થતાં પુત્ર સત્યમે જણાવ્યું હતું કે, પૂનમ અમદાવાદ આવવાની ના પાડે છે અને મને પણ આવવા દેતાં નથી. સત્યમ દોઢ વર્ષ સુધી કાનપુરમાં સાળા અશોક અને અંશલ તથા તેમની પત્ની સાથે રહ્યો હતો. સત્યમ અને પૂનમને એક પુત્ર પણ જન્મ્યો હતો. નવેમ્બર-૨૦૧૮ પછી માર્ચ-૨૦૨૦માં સત્યમ કાનપુરથી અમદાવાદ પિતાના ઘરે આવ્યો તે પછી સુનમુન રહેતો હતો. પિતાએ પૂછવા છતાં પૂરી વાત ન કરતાં પુત્ર સત્યમે તા. ૧૬ના રાતે બેડરૂમમાં સીલિંગ ફેન સાથે વાયર બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. સત્યમે સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું કે, 'મેરી મોત કા જીમેદાર પૂનમ, અંશુલ, મમતા, અશોક હૈ.' ચાંદખેડા પી.આઈ. બી.કે. ગમારે જણાવ્યું કે, આપઘાત કરનાર સત્યમે લખેલી મનાતી સ્યુસાઈડ નોટના આધારે તેની પત્ની અને સાળા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

દાહોદ જિલ્લામાં લોકડાઉન ૪.૦માં છૂટછાટ ને લઈ કલેકટરે બહાર પાડ્યું જાહેરનામુ

દાહોદ

કલેક્ટર વિજય ખરાડીએ સમગ્ર દાહોદ જિલ્લામાં અમલમાં આવે એ રીતે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામાંથી લોકડાઉનમાં મહત્વપૂર્ણ છૂટછાટ જાહેર કરાવામાં આવી છે. જેના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે છે.

-તમામ સરકારી અને ખાનગી શૈક્ષણીક સંસ્થાઓ, તાલીમ સંસ્થાઓ, કોચીંગ સંસ્થાઓ વગેરે બંધ રહેશે. તેમ છતાં આ સંસ્થાઓ ઓનલાઈન શિક્ષણ મારફતે શૈક્ષણિક કાર્યક્રમ નિભાવે તે અપેક્ષિત છે.

-સરકારી કામે ઉપયોગમાં હોય એ તે સિવાયના તમામ અતિથિગૃહ (હોટેલ/ગેસ્ટ હાઉસ)ની સેવાઓ પર પ્રતિબંધ રહેશે. રેલ્વે તથા બસ સ્ટેશન ખાતે આવેલી કેન્ટીન શરૂ કરી શકાશે. ભોજનાલય, રેસ્ટોરન્ટ, નાસ્તા-ફરસાણની તથા ખાણીપીણીની દુકાનો સ્થળ પર જમવાની સુવિધા આપી શકાશે નહી.

-તમામ સામાજિક, રાજકીય, રમત ગમત, મનોરંજન, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યો તથા અન્ય મેળાવડા પર પ્રતિબંધ રહેશે. તમામ ધાર્મિક સ્થાનો / પૂજાનાં સ્થળો જાહેર જાનતા માટે બંધ રહેશે. ધાર્મિક સભાઓ પર પ્રતિબંધ રહેશે. સમગ્ર જિલ્લામાં સાંજના ૭ કલાકથી સવારના ૭ કલાક દરમ્યાન રાત્રી કર્ફ્યુ અમલમાં રહેશે.

-અનિવાર્ય કારણો અથવા સ્વાસ્થ્યને લગતા હેતુઓ સિવાય તમામ વિસ્તારોમાં ૬૫ વર્ષથી વધુ વયના વ્યક્તિઓ, વિભિન્ન રોગ ધરાવતી વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ અને ૧૦ વર્ષથી નીચેની વયના બાળકોએ ઘરમાં જ રહેવાનુ રહેશે.

-કુરીયર, આંગડીયા, ઈ-કોમર્સ સંસ્થાઓ તથા રેસ્ટોરેન્ટના હોમ ડીલીવરી કરતાં કર્મચારીઓનું દૈનિક ધોરણે ટેમ્પરેચર સ્ક્રિનિંગ તથા અઠવાડીક ધોરણે હેલ્થ ચેક-અપ સંબંધીત સંસ્થાઓએ કરાવવાનું રહેશે. શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો ધરાવતા કર્મચારીઓને કામગીરી સોંપી શકાશે નહી.

-તમામ જાહેર સ્થળો તથા વેપાર ધંધાના સ્થળોએ પ્રત્યેક વ્યક્તિએ ફરજીયાત માસ્ક - ફેસ કવર પહેરવાનું રહેશે. તેનું ઉલ્લંઘન કરનાર પાસેથી રૂ.૨૦૦નો દંડ વસૂલ કરવામાં આવશે. જાહેરમાં થુકવા ઉપર પ્રતિબંધ રહેશે. તેમ કરનાર પાસેથી રૂ.૨૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવશે.

-લગ્ન સમારંભમાં વર-વધુ, ગોર મહારાજ, કાઝી, ફાધર તથા બંને પક્ષના પરિવારજનો, મહેમાનો વગેરે સહિત મહત્તમ ૫૦ વ્યક્તિઓ હાજર રહી શકશે. અંતિમ સંસ્કાર/મરણ વિધિને લગતી ક્રિયાઓમાં સોશિયલ ડીસ્ટન્સીંગનો ચુસ્ત અમલ કરવાનો રહેશે. તથા ૨૦થી વધુ વ્યક્તિઓએ એકત્રીત થવું નહી.

-પાન, ગુટખા, તમાકુ વગેરે ચીજ વસ્તુઓના જાહેર સ્થળોએ સેવન કરવા ઉપર પ્રતિબંધ રહેશે. તમામ દુકાનો ખાતે ગ્રાહકો વચ્ચે ઓછામાં ઓછું ૬ ફૂટનું અંતર જાળવવાનું રહેશે. તથા પાંચથી વધુ વ્યક્તિઓને એકત્રીત થવા દેવાના રહેશે નહી.

કચ્છમાં એસટી બસના પ૩ રૂટ શરૂ, જિલ્લા બહાર રાજકોટની બસ રવાના થઈ

કચ્છ

એસટીના વિભાગીય નિયામક સીડી મહાજને માહિતી આપતા જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લામાં તાલુકા મથકોને જોડતા પ૩ રૂટ શરૂ કરી દેવાયા છે. આ સાથે જિલ્લા બહાર એકમાત્ર રાજકોટ રૂટ શરૂ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં વધુ રૂટ પણ શરૂ કરવામાં આવશે. આ તમામ રૂટ શરૂ કરતા પહેલા તમામ બસોને સેનિટાઈઝર કરવામાં આવી છે, અને તમામ નિયમોનું પાલન ચુસ્તપણે કરાઈ રહ્યું છે. ખાસ કરીને બસ મથકમાં પ્રવેશતા પ્રવાસીનું થર્મલ સ્કેનિંગ અને માસ્ક તેમજ સામાજિક અંતરના નિયમનું પાલન કરાઈ રહ્યું છે.

કચ્છમાં એસટી બસના પ૩ રૂટ શરૂ જિલ્લા બહાર રાજકોટની બસ રવાના થઈઓનલાઈન બુકિંગ સાથે પ્રવાસીનું આગમન શરૂ થઈ ગયું છે. જો કે, હાલ પ્રવાસીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે. જો કે, આગામી દિવસોમાં સ્થિતિ વધુ યોગ્ય બનશે, દરમિયાન તાલુકા મથકો બાદ ગ્રામ્ય રૂટ પણ શરૂ કરવાની તંત્રએ તૈયારીઓ કરી લીધી છે.

મોરબી નજીક માળિયાના પીપળીયામાં કાર્યરત કપાસ ખરીદી કેન્દ્રમાં રજીસ્ટ્રેશન શરુ કરાયું

મોરબી

ટંકારામાં એક જ કપાસની ખરીદીનું કેન્દ્ર હોવાથી મોરબી માળીયા તાલુકાના ખેડૂતોને કપાસ વહેંચવા જવામાં હાલાકી પડતી હોવાથી મોરબી માર્કેટીંગ યાર્ડના ચેરમેન મગન વડાવીયા, જિલ્લા પંચાયત પ્રમુખ કિશોર ચીખલીયા,ધારાસભ્ય બ્રિજેશ મેરજા, ભાજપ અગ્રણી રાઘવજી ગડારા, સાંસદ મોહન કુંડારીયા સહિતના અગ્રણીઓએ મોરબી અને માળીયા વચ્ચે કપાસની ખરીદી માટે સીસીઆઈ કેન્દ્ર ખોલવાની માંગ કરી હતી. જેના પગલે, મોરબી માળીયા વચ્ચે સીસીઆઈ કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી અપાઈ છે.

મોરબી નજીક આવેલ અને માળિયાના પીપળીયા ચાર રસ્તા પાસે રવિરાજ જીનીગ મીલમાં કપાસની ખરીદી માટે સીસીઆઈ કેન્દ્રને કાર્યરત કરવામાં આવ્યું છે. ખેડૂતોને હાલાકી ન પડે તે માટે આ કેન્દ્રને મંજૂરી આપવામાં આવી છે. હાલના તબક્કે ટેકાના ભાવે કપાસની ખરીદી કરવા માટે ખેડૂતોની રજિસ્ટ્રેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

જેમાં ખેડૂતોએ રજિસ્ટ્રેશન માટે ૯૮૭૯૫ ૩૦૨૪૦, ૯૮૨૫૨ ૨૨૬૮૩ અને ૯૦૯૯૦ ૫૮૮૯૦ પર સંપર્ક કરવાનો રહેશે. જોકે લોકડાઉનને લઈને રૂબરૂ રેજીસ્ટ્રેશન કરાશે નહી અને માત્ર આ મોબાઈલ પર રજીસ્ટ્રેશન થઈ શકશે. ખેડૂતોને મુશ્કેલી ન પડે અને વેપારીઓ ખોટો ગેરલાભ ન ઉઠાવે તે માટે આ રજીસ્ટ્રેશન શરૂ કરાયું છે. અને નોંધણી થયેલા ખેડૂતોને કપાસની ખરીદી માટે બોલાવાશે.

સગર્ભા મહિલા કોરોનાગ્રસ્ત થતા ડૉક્ટર સહિત હૉસ્પિટલ સ્ટાફ થયો ફરાર

કાનપુર

કોરોના રોગચાળાને કારણે દેશભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે. આ દરમિયાન કાનપુરના એક ખાનગી દવાખાનામાં દાખલ એક મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ભાગદોડ થઈ ગઈ હતી. રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ હૉસ્પિટલમાં હાજર ડૉક્ટર અને દવાખાનાનો સ્ટાફ ગર્ભવતી મહિલાને છોડીને ફરાર થઈ ગયો હતો. લાટૂશ રોડ નિવાસી મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ કાનપુરમાં હવે કોરોનાનો ચેપ લાગ્યો હોય તેવા દર્દીઓની સંખ્યા ૩૧૯ થઈ ગઈ છે. નોંધનીય છે કે કોરોનાને કારણે કાનપુરમાં અત્યાર સુધી નવ લોકોનું નિધન થઈ ચુક્યું છે. લાટૂશ રોડ નિવાસી ૩૭ વર્ષીય ગર્ભવતી મહિલા

એક સોનકર પરિવારના સંપર્કમાં આવી હતી. મહિલાને છેલ્લા થોડા દિવસોથી શરદી, તાવ ઉપરાંત શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. મહિલાએ આ વાત તેમના પરિવારના લોકોને કહી ન હતી. એટલું જ નહીં તેણી ડૉક્ટર પાસે પણ ગઈ ન હતી. પરિવારના કહેવા પર ચંદ્રકાંતા બુધવારે હૉસ્પિટલના ડૉક્ટરને બતાવવા માટે પહોંચી હતી. હૉટસ્પોટ વિસ્તારમાં રહેતી હોવાને કારણે તેની તપાસ ખાનગી પેથોલોજી હૉસ્પિટલમાં કરાવવામાં આવી હતી. ડૉક્ટરને જ્યારે માલુમ પડ્યું કે મહિલા કોરોના પોઝિટિવ છે ત્યારે તેઓ સ્ટાફ સાથે ફરાર થઈ ગયા હતા. જે બાદમાં ખાનગી હૉસ્પિટલના સંચાલકે આ અંગેની જાણકારી મુખ્યમંત્રી કાર્યાલયને આપી હતી. જે બાદમાં સ્વાસ્થ્યકર્મીઓ સાથેની એમ્બ્યુલન્સ આવી પહોંચી હતી અને મહિલાને બીજી હૉસ્પિટલમાં દાખલ કરી હતી. આ અંગે મુખ્ય સ્વાસ્થ્ય અધિકારી અશોક કુમાર શુક્લાએ જણાવ્યું કે હૉટસ્પોટ વિસ્તારમાં રહેતી આ મહિલાનો ખાનગી લેબમાં કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મહિલાનો બીજી ટેસ્ટ કરવામાં આવશે. મહિલાની સારવાર શરૂ કરી દેવામાં આવી છે. મહિલાને જચ્ચા બચ્ચા હૉસ્પિટલમાં ખસેડવામાં આવી છે. મહિલાના સંપર્કમાં આવેલા તમામ લોકોને શોધવામાં આવી રહ્યા છે. મહિલાના જણાવ્યા પ્રમાણે તેણીને પણ નથી ખબર કે તે અને તેનો પરિવાર ક્યારે અને કયા કોરોના પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હતા.

સખી મંડળની બહેનોએ બનાવ્યા ૧૪.૭૨ લાખ માસ્ક, રોજગારી સાથે માસ્કની જરૂરિયાત પણ પૂરી પાડી

કચ્છ

જિલ્લામાં ૨૨૩ સખીમંડળની ૮૬૫ જેટલી બહેનો છેલ્લા બે મહિનાથી માસ્ક બનાવવાની કામગીરી કરી રહી છે. આ કામગીરીમાં સખીમંડળ દ્વારા રૂપિયા ૧૦માં કાપડ માસ્ક તૈયાર કરવામાં આવે છે અને આ કામગીરી દ્વારા પ્રતિ બહેન ૩૦૦થી ૩૫૦ રૂપિયા ઘર બેઠા રોજગારી મેળવી રહે છે. લોકડાઉનમાં સખીમંડળની બહેનોને રોજગારી મળી રહે તે માટે વહીવટી તંત્ર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડાયરેક્ટર એમ કે, જોશીએ જણાવ્યું હતું કે, વિવિધ સંસ્થાઓના ઓર્ડર મુજબ સખી મંડળની બહેનો દ્વારા માસ્ક બનાવવામાં આવી રહ્યા છે. ઉત્પાદન સાથે તેનું પહોંચતા પણ કરાઈ રહ્યા છે. જિલ્લામાં માસની કોઈ જ કમી રહેશે નહીં અને લોકોને સરળતાથી યોગ્ય કિંમત પર માસ્ક મળતાં થઈ રહ્યા છે.આ કામગીરી નિયમિત રીતે ચાલે તે માટે તાલુકા અને જિલ્લાની મિશન મંગલમની ટીમ સતત કાર્યરત છે તેમજ જિલ્લા વિકાસ અધિકારી પ્રભવ જોષી દ્વારા પણ આ અંગે સતત ફોલોઅપ લઈ બહેનોને રોજગારની સાથે પ્રોત્સાહન પૂરું પડી રહ્યું હોવાનું તેમણે અંતમાં જણાવ્યું હતું.

સંતરામપુરના જંગલમાં ચૌશિંગા જેવી પ્રજાતિ જોવા મળતા વન્ય પ્રેમીઓમાં હરખ

ગોધરા

મહીસાગર જિલ્લાનાં સંતરામપુર તાલુકાના જંગલમાં ચોશિંગા (હરણ) જેવી પ્રજાતિ જોવા મળી છે. જેથી વન્ય પ્રેમીઓમાં આનંદની લાગણી અનુભવાઇ રહી છે.વનવિભાગ દ્વારા આ પ્રજાતિ માટે ખાડાઓ કરી પાણીની વ્યવસ્થા કરવામાં આવી આવી રહી છે.

મહિસાગર જિલ્લામાં લોકડાઉનમાં વાતાવરણ શુદ્ધ અને અવરજવર ઓછી થતા પ્રાણીઓ રસ્તા પર પણ આવી જતા જોવા મળ્યા છે.તેવી જ રીતે મહીસાગર જિલ્લાના જંગલમાં ચૌશિંગા હરણ જેવી પણ હરણી અલગ કહી શકાય તેવી પ્રજાતિ જોવા મળી છે.મહત્વપૂર્ણ છે કે આ જંગલમાં થોડા સમય પહેલા વર્ષો બાદ વાઘની હાજરી જોવા મળી હતી.કમનસીબે વાઘનું મૃત્યુ થયુ હતું પણ તે વખતે નાઇટ વિઝન કેમેરામાં એક ઇમેજ ચૌશિંગાની પણ મળી હતી.વન વિભાગ દ્વારા આ પ્રાણી માટે કુદરતી રીતે પાણી મળી રહે તે માટે ખાડાઓ કરી પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.

હળવદના રણકાંઠા વિસ્તારમાં તિડનું આક્રમણ, જગતનો તાત ચિંતામાં

મોરબી

હળવદ તાલુકાના રણમલપુર માલણીયાદ ઇશનપુર ધણાદ સહિતના રણકાંઠા વિસ્તારના ગામોમાં મોડી સાંજના અચાનક તિડના ઝુંડ મોટી સંખ્યામાં આવી પહોંચતા ખેડૂતોઓ અને તંત્રમાં દોડધામ થઈ ગી હતી. મોટી સંખ્યામાં તીડનું ઝુંડ આવી ચડતા તલ, મગફળી વગેરે માટી નુકાશાની ખેડુતો વેઠવી પડશે. ખેડુતોએ ઢોલ નગારા ઘોંઘાટ કરી તીડને ભગાડવાના પ્રયત્ન કર્યા હતા.

ખેતીવાડી વિભાગ દ્વારા તીડના લોકેશનનું મોનીટરીંગ કરવામાં આવી રહયુ છે.

જો અન્ય ગામમાં તીડના ઝુંડ ખેતીવાડી કે સેઢે દેખાય તો ગામના સંરપચ કે ગ્રામ સેવક ને તાત્કાલિક જાણ કરવામાં આવે તેવું જણાવ્યુ હતું .ઘટનાની જાણ થતાં હળવદ મામલતદાર વી કે સોલંકી હળવદ તાલુકા વિકાસ અધિકારી અમિતભાઈ રાવલ તથા સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. હળવદ તીડ આક્રમણ મામલે તાત્કાલિક તંત્ર દ્વારા હળવદ તાલુકાના ઈસનપુર ગામ નજીક તીડનાશક દવાનો છંટકાવ કરવામા આવ્યો હતો.

મોરબીથી દવા ભરી ફાયર ફાયટર મંગાવામા આવ્યા હતા. તીડનો નાશ કરવા ફાયર ફાયટરના જવાનો કામે લાગ્યા હતા. તીડ પર દવાનો છંટકાવ કરવામા આવ્યો હતો.જિલ્લા ખેતીવાડી અધિકારી, મામલતદાર, ટીડીઓ સહિતના ઈસનપુર પહોંચ્યા હતા. તીડનો નાશ નહી થાય તો ખેડૂતોના પાકનો મોટુ નુકશાન થાશે.

કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખની ધરપકડ બાદ કોંગ્રેસના દેખાવો પછી ગરમાયું રાજકારણ

કિસાન સેલના પ્રમુખ પાલ આંબલિયાને ધરપકડ બાદ માર મરાયાનો કોંગ્રેસનો આક્ષેપ

રાજ્યમાં હાલ ગાંધીનગરના ઈશારે પોલીસ કામ કરી રહી- કોંગ્રેસ દાવો

રાજકોટ

રાજકોટમાં કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખ પાલ આંબલિયાની ધરપકડ બાદ કોંગ્રેસના દેખાવા બાદ રાજકારણ ગરમાતું જાય છે. આજે કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખને પાલ આંબલિયાને માર માર્યાનો આરોપ પોલીસ પર થઈ રહ્યા છે. ગઈકાલે (બુધવારે) પાલ આંબલિયાની ધરપકડ બાદ તેમને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યા હતા, પરંતુ તેમને પોલીસ દ્વારા ઢોરમાર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા થઈ રહ્યા છે. આજે પાલ આંબલિયાની હાલતને જોતા પોલીસે તેમને ઢોર માર મારવામાં આવ્યો હોય તેવું પ્રાથમિક દૃષ્ટિએ જણાઈ આવતું હતું. પાલ આંબલિયાની આજરોજ હાલત ખરાબ થતા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખ પાલ આંબલિયાની ધરપકડ બાદ તેમને પોલીસ દ્વારા ઢોર મારવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસે જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ગાંધીનગરના ઈશારે પોલીસ કામ કરી રહી છે.

કોંગ્રેસ કિસાન સેલના પ્રમુખને પોલીસે કસ્ટડી દરમિયાન ઢોર માર મરાયો છે. પાલ આંબલિયાએ પણ ઢોર માર માર્યો હોવાનો આરોપ લગાવ્યો છે. તમને જણાવ્યું કે, બુધવારે પાલ આંબલિયાની ધરપકડ કરાઈ હતી. ગુજરાતમાં ડુંગળી-કપાસ-એરંડાના ભાવો સાવ તળીયે બેસી જતા, ખેડૂતોને લાખો-કરોડોની ખોટ જતા અને કેન્દ્ર અને ગુજરાત સરકારે પોષણક્ષમ ભાવો નહિ જાળવતા કે ખરીદી નહિ કરતા તેના વિરોધમાં બુધવારે ગુજરાત કોંગ્રેસના આગેવાનો પાલ આંબલીયા અને અન્ય બે ખેડૂતોએ હંગામો મચાવ્યો હતો. આ ત્રણેય જણાંએ કલેકટર કચેરીએ ડુંગળી-એરંડા અને કપાસ ભરેલા કોથળા સાથે દોડી આવ્યા હતા, અને કોરોનાની ભયાનક બીમારી હોય, આ ત્રણેય જણાંએ પીએમ કેર ફંડમાં આપવા આવ્યાનું અને કલેકટરને આ ત્રણેય વસ્તુ આપવા આવ્યાનું નિવેદન આપતા જ મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. પોલીસ બંદોબસ્તમાં રહેલ પોલીસ પણ તેમની પાસે દોડી ગઈ હતી, પાલ આંબલીયાએ જણાવ્યું હતું કે, આ ત્રણેય વસ્તુના ભાવો સાવ તળીયે બેસી ગયા છે, કપાસ-એરંડાના ભાવો ૫૦ ટકાથી નીચે ઉતરી ગયા છે, હું વડાપ્રધાન રાહત ફંડમાં આ વસ્તુ આપવા આવ્યો છું, ડુંગળીના ભાવો એટલા ઘટી ગયા છે કે, ખેડૂત પાયમાલ થઈ ગયો છે, લાખો-કરોડોની ખોટ ગઈ છે, છતાં સરકારની આંખ ઉઘડતી નથી, અને પોષણક્ષમ ભાવો અંગે કોઈ જાહેરાત કરતી નથી, પોલીસ મારી અટકાયત ન કરે, આમાં કોઈ ગુન્હો બનતો નથી.

મોરબીના રવાપર ધુનડા રોડ પર ચાર પત્તાપ્રેમીઓને પોલીસે ઝડપ્યા

મોરબી

મોરબીના રવાપર વિસ્તારમાં ધુનડા રોડ પર જાહેરમાં જુગાર રમતા ચાર પત્તાપ્રેમીઓને પોલીસે ઝડપી પાડ્યાં છે. તેમની પાસેથી રૂપિયા.૪૧,૭૦૦ રુપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ મોરબી જિલ્લા પોલીસ વડા ડો.કરનરાજ વાઘેલા તથા ડીવાયએસપી રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ મોરબી એ ડીવીઝન પોલીસ મથકના પી.આઈ. આર.જે.ચૌધરીની સુચનાથી પોલીસ સ્ટાફના પી. એસ. આઈ. વી.કે.ગોંડલીયા, નારણભાઈ છૈયા, નાગદાનભાઈ ઈશરાણી, સંજયભાઈ રાઠોડ, વાસુદેવ ભાઈ, મયુરભાઈ ચાવડા અને સિદ્ધરાજભાઈ લોખીલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન મોરબીના રવાપર ધુનડા રોડ પર આવેલા નીતિનપાર્ક નજીક જુગાર રમતા લલીતભાઈ ગંગારામ ભાઈ હાલપરા, નીતિનભાઈ શાંતિલાલ ફેફર, કિરીટભાઈ શાંતિલાલ ફેફર અને અલ્પેશભાઈ ગંગારામભાઈ હાલપરાને રોકડા રકમ રૂપિયા.૪૧,૭૦૦ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોરોનાની સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ઉઘાડી લૂંટને લઈ કોર્પોરેશન ફેર-વિચારણા કરે તેવી માંગ

અમદાવાદ

કોરોનાની સારવાર માટે સરકાર દ્વારા અમદાવાદના ખાનગી હોસ્પિટલો માટે બેડ દીઠ રૂપિયા ૧૦ હજાર થી ૨૩ હજારની રકમ નક્કી કરવામાં આવી છે, જે સામાન્ય માણસને પોસાય શકે તેમ ન હોવાના દાવા સાથે અમદાવાદ મેટ્રો કોર્ટના વકીલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સંબંધિત સત્તાધિશોને આ અંગે પત્ર લખી ફેરવિચારણા કરવાની માગ કરી છે. મેટ્રો કોર્ટના વકીલ દેવેશ શાહ તરફથી કરવામાં આવેલી લેખિત રજુઆતમાં જણાવવામાં આવ્યું છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કોરોનાની સારવાર માટે પ્રતિ-દિન બેડ દીઠ લઘુતમ ૧૦ હજાર વસુલવામાં આવે છે અને દવા,

ઈન્જેક્શન સહિતનો ખર્ચ અલગથી લેવામાં આવે છે, જેથી દર્દી અઠવાડિયાથી વધુ સારવાર લે તો તેનુ બિલ લાખોની સંખ્યામાં થઈ શકે છે. કોરોના મહામારીના કારણે લગાવેલા લૉકડાઉનને લીધે લોકો પાસે ખાવા-પીવાના પૈસા નથી, તેમ છંતા આ રીતની બેફામ લૂંટ થઈ રહી છે, ત્યારે આગામી દિવસોમાં વકીલ દેવેશ શાહ હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી પણ દાખલ કરી શકે છે. નોંધનીય છે કે ગુજરાત હાઈકોર્ટ હાથ લીધેલા સુઓ મોટો અરજીમાં આદેશ કર્યો હતો

કે આ સમય નફો રળવાનો નથી પરંતુ સાથે મળીને કપરી પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો છે. જો કોઈ ખાનગી હોસ્પિટલ દર્દીઓ પાસેથી વધારે રકમ વસુલશે તો તેનુ લાઈસન્સ રદ કરવામાં આવશે. હાઈકોર્ટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને યોગ્ય સત્તાધીશોને કોરોનાની સારવાર માટે ખાનગી હોસ્પિટલો દ્વારા બેડ દીઠ કેટલી રકમ વસૂલી શકે તેનું ચાર્જફ્રેમ નક્કી કરવા આદેશ કર્યો હતો.

અમદાવાદનામાં એક પોલીસ જવાના આપઘાતને પગલે ખળભળાટ, કારણ અકબંધ

અમદાવાદ

અમદાવાદનામાં એક પોલીસ જવાના આપઘાતને પગલે ખળભળાટ મચી ગયો છે. હાલ કોરોના સંકટ ચાલી રહ્યુ છે અને લોકડાઉનની સ્થિતિ ચાલી રહી છે ત્યારે ખડે પગે ફરજ નિભાવતા સાચા સુપરહિરો સમાન પોલીસ સાચા અર્થમાં કોરોના વોરિયર્સ સાબિત થયા છે પણ આ યુવાનની આત્મહત્યાને પગલે સમગ્ર પોલીસબેડામાં સંતાપોનો માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદમાં ત્ન-ડિવિઝન ટ્રાફિકમા ફરજ બજાવતા પોલીસ કર્મચારી એ પોતાનું જીવન ટુંકાવી દીધુ છે. રવિ કાળોતરા નામના પોલીસ કર્મીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો છે.આ આશાસ્પદ યુવાને આપઘાત કેમ કર્યો તેનું કારણ હજુ સુધી જાણવા મળ્યુ નથી. માત્ર અટકળો આ યુવાનના મોત માટે લગાવવી યોગ્ય નથી. પણ આવડી અમથી ઉંમરમાં ચુસ્ત, દુરુસ્ત પોલીસકર્મીના આપઘાતથી શોકનું મોજુ ફરી વળ્યુ છે. પોલીસે પણ પોતાના જ સ્ટાફના માણસના આપઘાતની કાર્યવાહી હાથ ધરી છે. હાલ સંકટ સમયમાં સ્ટ્રેસને કારણે અને સતત પરિવારથી દૂર રહેવાને કારણે જીવનમાં ચાલી રહેલા ક્લેશનો સામનો કરતા પોલીસકર્મીઓ ખરેખર કોરોના વોરિયર્સ સાબિત થયા છે. કેટલાક પોલીસકર્મીઓ તો ખુદ કોરોનાનો શિકાર બની ગયા છે.

સુરતના હબીબસા મહોલ્લામાં કરફ્યૂનુ પાલન કરાવવા ગયેલી પોલીસને સ્થાનિકોએ ભગાડી


સુરત

લોકડાઉનનુ પાલન કરાવવા ગયેલી પોલીસને છેલ્લા બે મહિનામાં અનેકવાર કડવા અનુભવો પણ થયા છે. ત્યારે સુરતના અઠવા વિસ્તારમાં પણ પોલીસ સાથે આવો જ બનાવ બન્યો હતો. લોકડાઉનનું પાલન કરવા સમજાવવા ગયેલી અઠવા પોલીસને લોકોએ ઘેરી લીધી હતી. હબીબસા મહોલ્લામાં કરફ્યુ નું પાલન કરાવવા પોલીસ પહોંચી હતી, જેના બાદ પોલીસને ત્યાંથી ભગાડીને બહાર કાઢવામાં આવી હતી.

હાલ રમઝાન મહિનો ચાલી રહ્યો હોય પોલીસ દ્વારા વારંવાર ભીડ એકઠી ન થવા સૂચના આપવામાં આવે છે. ત્યારે સુરત પોલીસ અઠવા વિસ્તારમાં મોડી રાત્રે પહોંચી હતી. અઠવા વિસ્તારના હબીબસા મહોલ્લામાં લોકડાઉનના નિયમોનું પાલન કરાવવા સમજાવવા ગયેલી પોલીસની વાત કોઈએ માની ન હતી. કરફ્યુ નું પાલન કરાવવા પોલીસ પહોંચી હતી. ત્યારે કેટલાક યુવાનની અટકાયત કરતા સ્થાનિક લોકો પોલીસને ઘેરી વળ્યાં હતા. એટલુ જ નહિ, પોલીસને ત્યાંથી ભગાડ્યા હતા. સુરતની આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં સ્થાનિક લોકો પોલીસને બહાર કાઢી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ અમદાવાદના શાહપુર વિસ્તારમાં પણ રમઝાનમાં બહાર ન નીકળવાનું કહેતા પોલીસ પર હુમલો કરાયો હતો. પેટ્રોલિંગ કરી રહેલ પોલીસ પર પત્થરમારો કરાયો હતો. રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ પણ મામલે વારંવાર પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, પોલીસ સાથે આ પ્રકારની ઘટનાને સાંખી લેવામાં નહિ આવે, અને કડકમાં કડક કાર્યવાહીક કરાશે.

સુરતમાં હીરા ઉદ્યોગના કારખાનામાં ૩૦ ટકા સ્ટાફ સાથે ફરી ધમધમતા થયા



સુરત

રાજ્ય સરકારે લોકડાઉન ૪.૦માં છૂટછાટ આપી છે. ત્યારે સુરત શહેરમાં પણ ઉદ્યોગો શરૂ થયા છે, ત્યારે સુરતમાં કોરોનાના વધી રહેલા કેસ વચ્ચે નોન કન્ટેઈન્મેનટ વિસ્તારમાં હીરાના કારખાના શરૂ થયા. શહેરના વરાછા વિસ્તારમાં એકે રોડ પર હીરાના કારખના ધમધમ્યા. હીરાના કારખાનામાં ૩૦ ટકા સાથે શરૂ કરવામાં આવ્યા તો હીરાના કારખાનામાં સોશિયલ ડિસ્ટન્સનું પાલન અને તમામ કારિગરનું ટેમરેચ માપવામાં આવે છે.

જે બાદ કારીગરોને કારખાનામાં પ્રવેશ આપવામાં આવે છે. મહત્વપૂર્ણ છે કે, સુરતમાં આશરે ૫ હજાર જેટલા નાના-મોટા હીરાના કારખાના આવેલા છે. ત્યારે લોકડાઉન વચ્ચે હીરાના કારખાના શરૂ થતાં કારખાનાના માલિક અને રત્ન કલાકારોએ રાહત અનુભવી છે.

મહેમદાવાદ શહેર ખાતે હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રતિક નો ઉત્કૃષ્ટ કિસ્સોઃહિન્દૂ યુવાને રોજા રાખ્યા



પવિત્ર રમજાન માસમાં ૨૬ તેમજ ૨૭ મા રોજા નું ખુબ મહત્વ હોવાથી વિરાંગ મહેતાએ રોજો રાખેલ હોવાથી મહેમદાવાદ ના ઢાંકની વાડ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા અનેક વસ્તુ દ્વારા રોજા રાખેલ વિરાગ મહેતા નો રોજો ખોલાવ્યો હતો

ઈરફાન વોરા

ખેડા

૨૬ માં રોજો જેની આખી રાત નો ખૂબ જ મહત્વ હોય છે તેમજ ૨૭ નો રોજો જે ઐતિહાસિક પૌરાણિક દંતકથા મુજબ 'હરણ' દ્વારા આ રોજો રાખવામાં આવ્યો હતો જેથી કરીને આબે રોજાનો ખૂબ જ મહત્વ હોય છે ત્યારે મહેમદાવાદમાં રહેતા પત્રકાર વિરાંગ મહેતા દ્વારા જ્ઞાતિ-જાતિના ભેદભાવ ને ભૂલાવીને આ પવિત્ર રોજા રાખવામાં આવ્યા હતા આવી કાળઝાળ ગરમી તેમજ કોરોના વાયરસ ને લઈને ર્ક્ષ્ઠાર્ક્ષુહ ની પરિસ્થિતિમાં પણ મુસ્લિમ બિરાદરો માં નાના મોટા, યુવાનો, વૃદ્ધો, સૌ કોઈ આ રોજા રાખે છે ત્યારે વિરાગ મહેતાને પણ કુદરતી પ્રેરણા થવાથી આત્મવિશ્વાસ સાથે આખો દિવસ પાણી કે ભોજન ગ્રહણ કર્યા વગર સવારે લગભગ ૪,૧૮ ના સમયગાળા થી લઈને સાંજના ૭.૧૫ સુધી આ રોજાનો ઉપવાસ રાખવામાં આવ્યો હતો આ એક હિન્દુ-મુસ્લિમ એકતાનું મહેમદાવાદ શહેરમાં ઉમદા દ્રષ્ટાંત બન્યું હોય તેમ સૌ મુસ્લિમ બિરાદરોએ પત્રકાર એવા વિરાગ મહેતા ના ખુબજ પ્રેમ ભાવપૂર્વક રોજા ખોલાવ્યા હતા.આ સુંદર સત્કાર્યમાં ઢાંકની વાડ ના યુવા કમિટી, ઈમરાન ભાઈ મેમ્બર,નાસીર ભાઈ, મુખી, ચીગુસ ભાઈ,રફિકભાઈ સાથે સૌ યુવાનોએ સાથ સહકાર આપ્યો હતો.

વડોદરાની ભાઈલાલ અમીન હોસ્પિટલ બની કોરોનાનું નવુ સ્પોટ, એક વીક માટે કરાઈ બંધ

વડોદરા

વડોદરામાં આજે વધુ ૩ કોરોના પોઝિટિવ દર્દીઓના મોત થયા હતા તો ૨૦ પોઝિટિવ કેસ પણ નોંધાયા હતાં. આ ૨૦માંથી ૧૧ કેસ ભાઈલાલ અમીન હોસ્પિટલના છે. ભાઈલાલ અમીન હોસ્પિટલ કોરોનાનું નવુ સ્પોટ બન્યુ છે હોસ્પિટલની બેદરકારીના કારણે છેલ્લા ૧૦ દિવસમાં ત્રણ ડોક્ટરો અને સ્ટાફ મળીને ૩૦ લોકો કોરોનાની ઝપટમાં આવી ગયા છે એટલે આજથી મેનેજમેન્ટે હોસ્પિટલને એક સપ્તાહ સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ભાઈલાલ અમીન હોસ્પિટલમાં વધુ ૧૫ સેમ્પલ લેવામા આવ્યા હતા જેમાં ૧૦ કર્મચારીઓ અને એક કર્મચારીનો ૮ વર્ષનો બાળક મળીને ૧૧ લોકો પોઝિટિવ હોવાનું નિદાન થયુ છે.

હોસ્પિટલમાં કામ કરતા ડોકટરો, કર્મચારીઓ ઉપરાંત અહી દાખલ દર્દીઓના પણ હજુ સેમ્પલ લેવામાં આવશે આ દરમિયાન પોઝિટિવ કેસની સંખ્યા વધતા મેનેજમેન્ટ દ્વારા હોસ્પિલને બંધ કરવાનો નિર્ણય લેવાયો છે અને અહી દાખલ દર્દીઓને અન્ય હોસ્પિટલોમાં શિફ્ટ કરાશે અથવા તો ડિસ્ચાર્જ અપાશે. હોસ્પિટલ તા.૨૭ મી મે સુધી બંધ રહેશે. ભાઈલાલ અમીન હોસ્પિટલમાં ૧૦ દિવસ પહેલા સિનિયર ફિઝિશિયન ડો.જાની કોરોના પોઝિટિવ હોવાનું નિદાન થયા બાદ આ હોસ્પિટલમા અન્ય બીમારી માટે દાખલ કરાયેલા ભાયલી વિસ્તારના બે દર્દીઓના ટેસ્ટ પણ પોઝિટિવ આવ્યા હતા

જે બાદ પણ તંત્ર હરકતમાં આવ્યુ ન હતુ પરંતુ ભાઈલાલ અમીન હોસ્પિટલમાંથી રોજ પોઝિટિવ કેસ મળવાનો સીલસીલો યથાવતા રહેતા તંત્ર એક્શનમાં આવ્યુ હતુ અને ગત શનિવારે ત્રણ એક્સપર્ટની કમિટીની રચના કરીને તપાસ કરી હતી આ કમિટીએ આશ્ચર્ય વચ્ચે ભાઈલાલ અમીનમાં સબ સલામતનો રિપોર્ટ આપ્યો હતો. જો કે આ મામલે ભારે હોબાળો થતાં હોસ્પિટલના કર્મચારીઓના સેમ્પલ લેવાની તંત્રને ફરજ પડી છે જેમાં આજે વધુ ૧૧ કેસ નોંધાયા છે.

પોદાર આર્કેડમાં ઓડ-ઈવન પ્રમાણે દુકોન ખુલી

સુરત લોકડાઉન ૪.૦માં પોદાર આર્કેડમાં મોબાઈલ શોપ બહાર લોકોની ભીડ



સુરત

લોકડાઉન ૪.૦માં રાજ્ય સરકારે છૂટછાટ આપી છે. જેને લઈને સુરતમાં વેપાર ધંધા શરુ થયા છે. સુરતમાં મોબાઈલ શોપમાં પણ લોકોની ભીડ જોવા મળી રહી છે. લોકો મોબાઈલ ફોન તેમજ ચાર્જર સહિતની વસ્તુઓની ખરીદી કરી રહ્યા છે લોકડાઉન ૪.૦માં રાજ્ય સરકાર નોન કન્ટેનમેન્ટઝોનમાં ધંધા રોજગાર શરુ કરવાની પરવાનગી આપી છે. ત્યારે સુરતમાં લોકોએ ધંધા રોજગાર શરુ કર્યા છે આંશિક છૂટછાટ મળતા જ પહેલા પાનના ગલ્લા પર લોકોની લાંબી કતારો જોવા મળી હતી. ત્યારે હવે મોબાઈલ શોપની દુકાનો પર લોકોની ભીડ જોવા મળી રહી છે. સુરતના પોદાર આર્કેડમાં આવેલી મોબાઈલ શોપમાં લોકો મોબાઈલ ફોન, ચાર્જર સહિતની વસ્તુઓની ખરીદી કરતા નજરે ચડ્યા હતા. જોકે, મોબાઈલ શોપ ધારકો દ્વારા સોશિયલ ડિસ્ટ્રન્સનું પાલન કરાવવામાં આવી રહ્યું છે.

ઓછા પ્રવાસીઓ સાથે નવસારીમાં ૮૮ ટ્રીપ પર એસટી બસનો પ્રારંભ, ભાડામાં વધારો નહીં

નવસારી

નવસારીમાં ૫૬ દિવસ બાદ એસટી બસ ફરી દોડતી થઇ છે. જેથી ગ્રામીણ પ્રવાસીઓને થોડી રાહત મળશે. જોકે હાલ લોકડાઉનને લઇ ૩૦ પ્રવાસીઓ સાથે એક ડેપોથી બીજા ડેપો સુધી બસ દોડાવવામાં આવશે. તેમજ બસ ભાડામાં વધારો કરવામાં આવ્યો નથી, જે પ્રવાસીઓ માટે રાહત કહી શકાય. ઉલ્લેખનિય છે કે, નવસારીમાં ૭૦૦થી વધુ ટ્રીપો ચાલતી હતી, ત્યાં અત્યારે કોરોના મહામારીને કારણે ફક્ત ૮૮ ટ્રીપો પર જ બસો દોડશે. કોરોનાને કારણે લોકડાઉનમાં લોકો સંક્રમણનો ભોગ ન બને, એ હેતુથી પબ્લિક ટ્રાન્સપોર્ટ બંધ કરવામાં આવ્યું હતુ.

જેમાં ગુજરાત રાજ્ય માર્ગ પરિવહનની એસટી બસો પણ બંધ થઈ હતી. દરમિયાન લોકડાઉન-૪માં રાજ્ય સરકારે એસટી બેસોને શરૂ કરતા



જિલ્લામાં ૫૬ દિવસોથી બંધ પડેલી એસટી બસોનુ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતુ. સાથે જ બસોને ડિસઈન્ફેકટ કરાયા બાદ બુધવારે સવારથી બસ પ્લેટફોર્મ પર મુકવામાં આવી હતી. ત્યારે જિલ્લામાં એસટી ડેપોના ૮૦ શિડ્યુલમાં ચાલતી ૭૦૦થી વધુ ટ્રીપોમાંથી ફક્ત ૧૦ શિડ્યુલમાં ૮૮ ટ્રીપો શરૂ કરવામાં આવી છે,

જ્યાં રોજના ૨૨ હજારથી વધુ પ્રવાસીઓ એસટીનો ઉપયોગ કરતા હોય છે, ત્યાં બુધવારે પ્રવાસીઓ વિના ખાલી બસો પણ દોડાવવી પડી હતી. જેને કારણે રોજની અંદાજે ૬ લાખ રૂપિયાની આવક ધરાવતા નવસારી ડેપોની આવક નહિવત રહી હતી. ઉલ્લેખનિય છે કે એસટી દ્વારા બસમાં ફક્ત ૩૦ જ પ્રવાસીઓને બેસાડાશે, તેમ છતાં ભાડામાં કોઈ વાધારો કરાયો નથી. બુધવારે શરૂ થયેલી બસ સેવા પૂર્વે પ્રવાસીઓનું થર્મલ સ્કિનીંગ કરવા સાથે જ હેન્ડ સેનેટાઈઝ કરાવવામાં આવ્યા હતા. તેમજ માસ્ક પહેરેલુ ન હોય તેમને ડેપોમાં પ્રવેશ આપવામાં આવ્યો ન હતો.

કોરોના સામે સોશિયલ ડિસ્ટન્સિંગ...!? કોણ...કોને સમજાવશે....!?

ગોત્રી હોસ્પિટલમાં લેબના ઉદ્ઘાટન સમયે ડોક્ટરો-મ્યુનિસિપલ કમિશનર ભૂલ્યા સોશિયલ ડિસ્ટન્સિંગ

વડોદરા

ગોત્રી જીએમઈઆરએસ સંચાલીત હોસ્પિટલ કેમ્પસમાં તૈયાર કરવામાં આવેલી કોવિડ હોસ્પિટલમાં કોરોના ટેસ્ટ માટેની લેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતું. પરંતુ જેમના પર વડોદરામાં કોરોનાને કાબુમા કરવાની જવાબદારી છે તે ઉચ્ચ અધિકારીઓ અને ડોક્ટરોએ સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા ઉડાવતા આશ્ચર્ય થયુ હતું. હાલમાં વડોદરા ખાતે માત્ર એસએસજી હોસ્પિટલમા જ કોવિડ ટેસ્ટિંગ થાય છે.

ટેસ્ટિંગ કેપિસિટી વધારવા માટે ગોત્રી હોસ્પિટલમાં પણ લેબની સ્થાપના કરવામાં આવી છે જેનું મંગળવારે ઉદ્ઘાટના કરવામાં આવ્યુ હતું. કોરોના જેવી મહામારી સામે લોકો ઝઝુમી રહ્યા છે ત્યારે ઉદ્ઘાટન જેવા ઔપચારીક પ્રસંગો યોજવાની જરૂર ન હતી તેમ છતા પણ ગાંધીનગરથી મુકાયેલા ખાસ ફરજ પરના અધિકારી વિનોદ રાવની હાજરીમાં ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો જેમાં મ્યુનિસિપલ કમિશનર નલીન ઉપાધ્યાય, ગોત્રી મેડિકલ કોલેજના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. વિશાલા પંડ્યા ડીન ડો. વર્ષા ગોડબોલે, પુર્વ ડીન ડો. મીનુ પટેલ ઉપરાંત સિનિયર ડોક્ટરોનો સ્ટાફ મળીને ૫૦થી વધુ ઉચ્ચ શિક્ષિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ ૫૦ લોકોનું ટોળુ હોસ્પિટલની લોબીમાં સાથે જ ફરતુ હતુ અને લેબના દરવાજા ઉપર લગાવવામાં આવેલી રિબિન કાપીને ઉદ્ઘાટનનો વખત આવ્યો તો ખાસ ફરજ પરના અધિકારી વિનોદ રાવની આસપાસ ટોળુ એકઠુ થઇ ગયુ હતું. સોશિયલ ડિસ્ટન્સિંગનો આ ખુલ્લેઆમ ભંગ હતો અને તંત્ર આ મામલામાં શું પગલા લેશે તે જોવા લોકો રાહ જોઈ રહ્યા છે.

સુરતમાં આત્મનિર્ભર ગુજરાત યોજનાની લોનના ફોર્મ લેવા બેંકો બહાર લાંબી કતારો

સુરત

રાજ્ય સરકાર દ્વારા આત્મનિર્ભર ગુજરાત યોજના બહાર પાડી છે. જેમાં ૧ લાખ સુધીની લોન ૨ ટકાના વ્યાજે મળશે. ત્યારે સુરતમાં સહકારી અને કો-ઓપરેટીવ બેંક બહાર આ લોન લેવાના ફોર્મ માટે લોકોની લાંબી કતારો જોવા મળી હતી.

આ લોન લેવાના ફોર્મ માટે લોકોની બેંકો બહાર લાંબી કતારો જોવા મળી હતી. ૬ મહિના સુધી લોનના હપ્તા ભરવામાંથી મુક્તિ આપવામાં આવી છે. ત્યારે સુરતની સહકારી અને કો-ઓપરેટીવ બેંક બહાર આજે લોકોની લાંબી કતારો જોવા મળી હતી. આ લોન ૩૧ ઓગસ્ટ સુધી મળી શકશે. જેથી બેંકો દ્વારા લોકોને વિનંતી પણ કરી છે કે ફોર્મ લેવા માટે પડાપડી ન કરે. આ ઉપરાંત બેંક બહાર લોન લેવા માટે ક્યાં ડોક્યુમેન્ટ જોઈએ તેની માહિતી પણ આપવામાં આવી હતી.

સુરતના વરેલીમાં એક અને તાપીમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો ધરાવતી મહિલાનું મોત

બારડોલી

સુરત જિલ્લાના વરેલીમાં કોરોના પોઝિટિવનો વધુ એક કેસ સામે આવતા પલસાણા તાલુકામાં કેસની સંખ્યા વધીને ૧૮ થઈ ગઈ છે. બીજી તરફ પાડોશી તાપી જિલ્લામાં કોરોના શંકાસ્પદ એક મહિલાનું મોત નિપજતા તાપી જિલ્લા આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લામાં કોરોનાનો આંકડો સતત વધી રહ્યો છે. પલસાણા તાલુકાનાં વરેલીમાં ૧૫ આરોપીઓના કેસ સામે આવ્યા બાદ વરેલીમાં રહેતા રાધેશ્યામ કનોજિયાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.

રાધેશ્યામ ગુરુવારના રોજ પોતાના વતન જવાનો હોય તૈયારી કરી રહ્યો હતો. પરંતુ તે પહેલા જ તબિયત લથડતા તેને કડોદરા પીએચસી ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં ૨૦મી મેના રોજ તેના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ગુરુવારે રિપોર્ટમાં કોરોના પોઝિટિવ હોવાનું સામે આવતા તેને તાત્કાલિક બારડોલીના ઉકા તરસાડીયા યુનિવર્સિટી ખાતે બનાવવામાં આવેલ કોવિડ ૧૯ સેન્ટરમાં ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ આરોગ્ય વિભાગે તેના સંપર્કમાં આવેલ તમામને ક્વોરોંટાઇન કરવાની સાથે તે જે વિસ્તારમાં રહે છે તે વિસ્તારને પણ ક્વોરોંટાઇન જાહેર કરવામાં આવ્યો છે. બીજી તરફ તાપી જિલ્લામાં ગુરુવારના રોજ કોરોનાના શંકાસ્પદ દર્દીનુ વ્યારાની કોવિડ ૧૯ના આઇશોલેશન વોર્ડમાં મોત થયું હતું.

સોનગઢના બેડી ગામે નિશાળ ફળિયામાં રહેતી ૨૨ વર્ષીય કલ્પનાબેન નૂરિયાભાઈ ગામિતને બુધવારના રોજ કોરોનાના શંકાસ્પદ લક્ષણ સાથે વ્યારાની કોવિડ ૧૯ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં કલ્પના બેનનું સેમ્પલ લઈ ટેસ્ટિંગ માટે મોકલવામાં આવ્યું હતું. જો કે તેનો રિપોર્ટ આવે તે પહેલા જ કલ્પનાબેનનું મોત થતાં તાપી જિલ્લામાં ચકચાર મચી ગઈ હતી.

અમદાવાદ આરટીઓ કચેરી શરૂ કરવા નિર્ણય, ફેસલેસ અને ઓનલાઈન કામગીરી જ હાથ ધરાશે

અમદાવાદ

ગુજરાતમાં લોકડાઉનના ચોથા તબક્કામાં પશ્ચિમ વિસ્તારમાં ભારે છૂટછાટો આપવામાં આવી છે ત્યારે આજથી અમદાવાદ ઈૅની કામગીરી પણ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. જો કે આરટીઓ કચેરીમાં માત્ર કર્મચારીઓની હાજરી દ્વારા જ કામકાજ હાથ ધરાશે.

રાજ્યના વાહનવ્યવહાર વિભાગ દ્વારા લેવાયેલા નિર્ણય પ્રમાણે આરટીઓ કચેરીમાં હાલમાં માત્ર ૫૦ ટકા સ્ટાફ સાથે કામગિરી શરૂ કરાશે. આરટીઓ કચેરીને શરૂ કરતાં પહેલા કચેરી અને તેનાં પરિસરને સેનિટાઈઝ કરવામાં આવ્યું હતું.

અમદાવાદની મુખ્ય સુભાષ બ્રિજ આરટીઓ કચેરી આજથી શરૂ થશે પણ અરજદારોને આરટીઓ કચેરીમાં પ્રવેશ નહીં મળે. ૫૦ ટકા સ્ટાફ સાથે શરૂ થયેલી સુભાષબ્રિજ આરટીઓ ઓફિસમાં માત્ર માત્ર ફેસલેસ અને ઓનલાઈન કામગીરી જ હાથ ધરાશે અને કોઈ અરજદાર રૂબરૂ આરટીઓ જઈ શકશે નહીં. ડ્રાઈવિંગ ટેસ્ટ કે અન્ય ફિઝિકલ હાજરી જરૂરી હોય એવા એક પણ કામ આરટીઓ કચેરીમાં નહીં થાય.

ખાનગી કલીનીકોમાં બાળકોનું રસીકરણ

સુરત

કોરોના વાયરસની આ મહામારીના સમયે કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવાના આશયથી શહેરના અલગ અલગ સ્તિારોમાં કોરોના વાયરસના સંક્રમણની જે સમસ્યા થઈ હતી તે હકીકત ધ્યાને લઈ થોડા સમય માટે શહેરના ૦ થી ૫ વર્ષની ઉંમર સુધીના બાળકોનું રસીકરણ કરવામાં આવ્યું ન હતું. આ સમસ્યાના નિવારણ કરવા માટે સુરત મહાનગર પાલિકા દ્વારા પ્રાઈવેટ પ્રેકટીશનર્સ, પિડિયાટ્રીશિયન, ખાનગી કલીનીકો અને હોસ્પિટલોની મદદ લઈને આજથી એક મોટી ઝુંબેશના આધારે શહેરનું કોઈ પણ બાળક રસીકરણથી વંચિત ન રહે એટલા માટે રસીકરણની કામગીરીનો આજથી પ્રારંભ કરવામાં આવ્યો છે.

ડાંગમાં લોક ડાઉનના નિયમોના પાલન સાથે એસટી સેવાનો આરંભ

૫૭ દિવસ બાદ ૧૨ લોકલ રૂટ પર બસ દોડતી કરાય

આહવા

કોરોના વાઈરસના વિશ્વ વ્યાપી કહેરને પગલે સરકારશ્રી દ્વારા સમગ્ર દેશમાં લોકડાઉન અમલી બનાવવામાં આવ્યું હતું. આ સાથે જ કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતું અટકાવવા ટ્રેન સેવા તેમજ એસ.ટી.બસોની સેવાઓ પણ મોકુફ રાખવામાં આવી હતી.ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા (એસ.ટી.ડેપો) ખાતે ગતરોજ ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ સોશ્યલ ડિસ્ટન્સના પાલન સાથે સરકારશ્રીના દિશાનિર્દેશ અનુસાર એસ.ટી.બસો શરૂ કરવામાં આવી હતી. લોકડાઉન શરૂ થયાને ૫૭ દિવસ બાદ લોકડાઉનની મર્યાદાઓ સાથે એસ.ટી.બસો શરૂ થતા ડાંગના લોકોમાં આનંદ ફેલાઈ ગયો હતો.

ડેપો મેનેજર શ્રી જગદીશભાઈ ગાવિતે જણાવ્યું હતું કે આજરોજ ડાંગ જિલ્લાના આહવા,વધઈ અને સુબીર,સાપુતારા જેવા ૧૨ લોકલ રૂટો શરૂ કરાયા છે. કોરોના વાઈરસથી સાવધાની રાખવાના હેતુસર તમામ એસ.ટી.બસોને સેનેટાઈઝ કરી સ્વચ્છ કરવામાં આવેલ છે. તમામ મુસાફરોએ પણ આરોગ્ય વિભાગની ગાઈડલાઈન અનુસાર મોંઢા ઉપર માસ્ક પહેરવાના રહેશે. સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે તેમજ દરેક મુસાફરનું સ્કીનીંગ કંડકટર દ્વારા કરવામાં આવશે. તમામ રૂટો પરથી પરત આવતી બસોને સેનેટાઈઝ કરવામાં આવશે. આહવા-વધઈ, આહવા, ગલકુંડ, સાપુતારા, આહવા, મહાલ, સુબીર, આહવા જેવા સ્થળોએ એસ. ટી. બસો ચાલુ કરવામાં આવી છે. સોશ્યલ ડિસ્ટન્સ જળવાય તે માટે મોટી બસોમાં ૩૦ મુસાફર અને મીની બસમાં ૧૮ મુસાફરોને બેસાડવામાં આવશે. એસ.ટી.નિગમના જણાવ્યાનુસાર મુસાફરોએ ઈ-ટીકીટ મેળવવાથી સોશ્યલ ડિસ્ટન્સનો અભિગમ સાકાર થશે.

સૌપ્રથમ સાપુતારા રૂટ પર જતા ડ્રાઈવર શ્રી શિરીષકુમાર કાનજીભાઈ રોહિતે જણાવ્યું હતું કે અમે લોકડાઉન થયું ત્યારથી એસ.ટી.બંધ હતી આજથી અમો માસ્ક વિગેરે બાંધી સરકારશ્રીની સૂચનાનું પાલન કરી એસ.ટી.સેવા શરૂ કરીએ છીએ.

મુસાફર શ્રી ઝિણિયાભાઈ મોનાભાઈ ગામીતે જણાવ્યું હતું કે હું ઉમરદા,તા.સોનગઢ જિ.તાપી નો વતની છું. માહિતી અને પ્રસારણ કચેરી,ડાંગમાં ફરજ બજાવું છું. લોકડાઉનના કારણે બસ બંધ રહેતા અમને ખૂબ મુશ્કેલી પડતી હતી. પરંતુ આજે એસ.ટી.બસ શરૂ થતા અમને બહું આનંદ થયો છે. સરકારનો હું આભાર માનું છું.

અંકલેશ્વરના ક્રેડિટ કાર્ડ ધારક સાથે છેતરપિંડી

અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના ભાદી ગામના એક ઈસમના એચડીએફસી બેંક ના ડેબિટ કાર્ડ હેક કરી ને ૪૨૦૦ રૂપિયા ઉપાડી લીધા હતા.

અંકલેશ્વર ના ભાદી ગામે રહેતા વિજય કુમાર ભગવાન દાસ પંચાલ એચડીએફસી બેંકમાં ખાતું ધરાવે છે તેઓને મોબાઈલ ફોન પર મેસેજ આવ્યો હતો કે પોતાના ડેબિટ કાર્ડમાંથી ૪૨૦૦ રૂપિયા ઉપડી ગયા છે તેઓ કોઈજ પૈસા ઉપાડ્યા નહોતા જે અંગે બેન્ક ના કસ્ટમર કેર પર ફોન કરી ખાતું અને ડેબિટ કાર્ડ બંધ કરાવી અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી

અંકલેશ્વર માં વધુ એક કેસ પોઝિટીવ મળતા અંકલેશ્વર માં એક દિવસ માં ત્રણ પોઝિટીવ કેશ મળ્યા.

અંકલેશ્વરમાં કોરોના વાયરસના એક સાથે ત્રણ કેસો પોઝિટિવ

અસર ગ્રસ્ત વિસ્તારને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાયો

અંકલેશ્વર

અંકલેશ્વર ના પીરામણ ગામ ની સોસાયટી તથા કોસમડી ગામ ની સોસાયટી માંથી કુલ ત્રણ કરોના પોઝિટીવ કેશ મળતા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં કોન્ટોમેન્ટ એરીયા જાહેર કરવામાં આવ્યો છે.

અંકલેશ્વર ના પીરામણ ગામ ની હેપ્પી નગર માં મુંબઈ થી આવેલા માતા પૂત્ર નો રીપોટ પોઝિટીવ આવતા પીરામણ ગામ ના હેપ્પી નગર, શ્યામ નગર, જીએન પાર્ક,તથા તળાવ ફળીયા વિસ્તાર ને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકો ની અવરજવર ના કરવા માટે ની અપીલ કરી વિસ્તાર ને સીલ કરાયા છે આ ઉપરાંત તાલુકા ના કોસમડી ગામ ની કુમકુમ બંગલા સોસાયટી માં મુંબઈ થી આવેલી મહીલા ને કરોના રીર્પોટ પોઝિટીવ આવતા સારવાર માટે મહીલા ને કોવિદ હોસ્પિટલ માં દાખલ કરવામાં આવી તથા કુમકુમ બંગલા તથા સરગમ રેસીડેન્સી સોસાયટી વિસ્તાર ને સીલ કરાયા છે

સાંસદ પાટીલ દ્વારા સિવિલમાં ૩૦૦ ઈલેક્ટ્રીક કેટલનું વિતરણ

દર્દીઓને નિયમિત ગરમ પાણી મળી રહેશે

સુરત

સુરત સહિત સમગ્ર દેશમાં કોરોના વાયરસની મહામારીએ હાહાકાર મચાવ્યો છે. આ વિષમ સ્થિતિમાં શહેરની અગ્રણી સેવાભાવી સંસ્થાના સહયોગ થકી સાંસદ સી આર પાટીલ દ્વારા નવી સિવિલ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને નિયમિત ગરમ પીવાનું પાણી મળી રહે તે માટે ૩૦૦ ઈલેક્ટ્રીક કેટલનું વિતરણ કરવામાં આવ્યું છે.

સુરત શહેર - જિલ્લાના કોરોનાગ્રસ્ત દર્દીઓને નવી સિવિલ હોસ્પિટલમાં સઘન સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. આ દર્દીઓમાં ઈન્ફેકશનના ભયની સંભાવનાઓને કારણે શહેરની સેવાભાવી સંસ્થા રૂપા ફાઉન્ડેશનના સુરેશભાઈ અગ્રવાલના સહયોગ થકી સાંસદ શ્રી સી આર પાટીલ દ્વારા ૩૦૦ ઈલેક્ટ્રીક કેટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેને કારણે હવે સિવિલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓ ગરમ પાણી પી શકે અને દરેકને ગરમ પાણીની અલાયદી વ્યવસ્થા મળી રહેશે. જેથી કોરોનાગ્રસ્ત દર્દી જ્યારે ઈચ્છે ત્યારે ગરમ પાણી પી શકશે અને એમને જર્મ્સ લાગી જવાનો ડર પણ નહીં રહે. આ અવસરે મહેન્દ્રભાઈ પટેલ, સિવિલ હોસ્પિટલના ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટ, ડો. કેતન નાયક, ડો. રાગિણીબેન ઉપસ્થિત રહ્યા હતા. જેઓને સાંસદ શ્રી સી આર પાટીલ, ધારાસભ્ય શ્રીમતિ સંગીતા બેન પાટીલ અને પૂર્વ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી પરેશભાઈ પટેલ દ્વારા ઈલેટ્રીક કેટલની સહાય સુપરત કરવામાં આવી હતી.

આયુર્વેદિક હોસ્પિટલ આહવા દ્વારા ઔષધિય ઉકાળાનું વિતરણ

કોરોના વાઈરસના સંક્રમણ સામે રક્ષણાત્મક ઉપાય

આહવા

કોરોના વાઈરસના સંક્રમણ ને અટકાવવા ભારત સરકારના આયુષમાન મંત્રાલયની ગાઈડલાઈન અનુસાર સમગ્ર ડાંગ જિલ્લામાં આયુર્વેદિક ઔષધિય ઉકાળા,સંશમની ટેબ્લેટ તેમજ ડ્રાય ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહયું છે.

ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા કોરોના વાઈરસને અટકાવવા તમામ પગલાઓ લેવામાં આવી રહયા છે. વૈશ્વિક મહામારી એવા કોરોના વાઈરસ કોવિડ ૧૯ ના સંક્રમણને અટકાવવા ભારત સરકારના આયુષમાન મંત્રાલયના દિશાનિર્દેશ હેઠળ આયુર્વેદિક હોસ્પિટલ,આહવા તથા આયુર્વેદિક દવાખાના માનમોડી, રંભાસ, ચિંચલી, ગલકુંડ, પાંડવા, બરડીપાડા અને સરકારી હોમિયોપેથિક દવાખાનુ આહવા દ્વારા ધનિષ્ટ પ્રયાસો કરવામાં આવી રહયા છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી ડી.બર્થા પટેલે જણાવ્યું હતું કે સમગ્ર ડાંગ જિલ્લામાં ઔષધિય ઉકાળાનું વિતરણ ચાલુ છે. તા.૧૮/૦૫/૨૦૨૦ સુધીમાં ૮૪૬ જેટલા કેમ્પો યોજીને ૩,૪૨,૫૮૫ લોકોએ લાભ લીધો છે. ૧૬,૧૧૨ લોકોને સંશમની ટેબ્લેટ વિતરણ કરાઈ છે. તથા ૧,૪૯૬ લોકોને ડ્રાય ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લામાં ૬ જેટલા સરકારી આયુર્વેદિક દવાખાનાઓના સહયોગથી ગ્રામ્ય વિસ્તારોના લોકોને પણ આવરી લેવામાં આવ્યા છે. જાહેર સ્થળોએ અને કવોરન્ટાઈન હેઠળના વિસ્તારોમાં પણ આયુર્વેદિક ઉકાળો લાભાર્થીઓ સુધી પહોંચે તે પ્રકારનું આયોજન કરવામાં આવે છે.

વાપીના ચલા વિસ્તારમાં કોરોના વાયરસના બે કેસ મળી આવ્યાં

કોરોના પોઝિટિવ આવતા બફર અને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરાયા

વાપી

વલસાડ જિલ્લાના ચલા-વાપી વિસ્તાનરમાં કોરોના પોઝીટીવ કેસ જણાતાં આ વાઈરસના ઝડપી સંક્રમણને ધ્યામને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે જિલ્લા મેજિસ્ટ્રેાટ સી.આર.ખરસાણે એપેડેમીક ડીસીઝ એકટ અન્વધયે મળેલી સત્તાની રૂએ તાત્કાબલિક અસરથી કલસ્ટર કન્ટેઈનમેન્ટ અને બફર ઝોન નક્કી કરી તા.૧૫/૦૬/૨૦૨૦ સુધી કેટલાક કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જે અનુસાર ચલા-વાપી ખાતે આવેલી સત્તાધાર સોસાયટી નંબર-૧ના પ્લોતટ નં.૨૨, મુક્તાઅનંદ રોડ ખાતે કોરોના પોઝીટીવ કેસ આવતાં તેને એપી સેન્ટેર તરીકે જાહેર કરવામાં આવતાં સત્તાધાર સોસાયટી નં.૧ના પ્લોછટ નં.૧ થી ૩૬ના કોમન પ્લોટટ સાથે કન્ટા ઈનમેન્ટર જાહેર કરી અવરજવર બંધ કરવામાં આવી છે. તેમજ માધવન એપાર્ટમેન્ટસ પણ અવરજવર માટે બંધ કરવામાં આવે છે. તથા પોઝીટીવ આવનાર વ્ય ક્તિવના ધંધાનું સ્થેળ વાઈબ્રન્ટવ શાકભાજી માર્કેટ ને.હા.નં.૪૮ની બાજુમાં આવલું હોય તેને કલસ્ટટર કન્ટાતઈનમેન્ટ ઝોન જાહેર કરી અવરજવર ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યોર છે. આ વિસ્તાહરના રહેવાસીઓને રાશન વગેરે સામગ્રી વાપી નગરપાલિકા હોમ ડીલીવરીથી પુરી પાડશે.

ચલા-વાપી શહેરના સત્તાધાર સોસાયટી ભાગ-૨ અને ભાગ-૩, સનરાઈઝ સોસાયટી, વાપી પબ્લિકક સ્કૂહલના સમગ્ર વિસ્તીારને બફર ઝોન તરીકે સમાવેશ કરાયો છે. આ વિસ્તાારમાં આવશ્યસક વસ્તુ ઓ ખરીદી માટે સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી સોશિયલ ડીસ્ટ ન્સીનું પાલન કરવાની શરતે અવરજવર માટેનો માર્ગ ખુલ્લો રખાશે. આ સમયગાળા દરમિયાન દ્વિચક્રિય વાહન ઉપર એક વ્યક્તિક અને ત્રણ/ચાર ચક્રીય વાહનમાં બે થી વધુ વ્ય?ક્તિ ઓ પ્રવાસ કરી શકશે નહીં.

સદરહુ વ્યએક્તિ ના સંપર્કમાં આવેલા તમામ વ્ય ક્તિયઓએ આરોગ્યઝ કંટ્રોલરૂમનો સંપર્ક કરવા અથવા તાલુકા હેલ્થ૦ ઓફિસરને માહિતી આપી કોરોન્ટાતઈન કરવાનો આદેશ પણ કરાયો છે.

આ હુકમ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે અન્યે સરકારી અને અર્ધ સરકારી, ખાનગી દવાખાના સ્ટાફ તથા ઈમરજન્સીય સેવા સાથે સંકળાયેલા વ્યસક્તિધ કે જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તથા ભારત સરકારના ગૃહ મંત્રાલયના અગાઉ ઈસ્યુા કરેલા હુકમોથી જાહેર કરવામાં આવેલ આવશ્યયક સેવાઓ કે જે માટે અધિકૃત અધિકારી દ્વારા પાસ ઈસ્યુ કરવામાં આવ્યાા છે તેઓ તથા સ્મહશાનયાત્રાને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ કરના વ્યાક્તિ ભારતીય દંડ સંહિતા તેમજ નેશનલ ડિઝાસ્ટજર મેનેજમેન્ટી એકટની જોગવાઈ મુજબ સજાને પાત્ર થશે.

નવસારી જિલ્લામાં વધુ ત્રણ કોરોના વાયરસ પોઝિટિવ

આરોગ્ય વિભાગ દ્વારા ઘેર ઘેર સર્વે

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૨૦/૦૫/૨૦૨૦ના રોજ ૭૮ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૪, જલાલપોર-૧૪, ગણદેવી- ૧૫, ચીખલી- ૧૬, ખેરગામ-૦૫ વાંસદા-૧૪ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૨૩૭૯ સેમ્પલ પૈકી ૨૨૮૯ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. ૭૮ સેમ્પલના રીઝલ્ટ બાકી છે. જિલ્લામાં તા.૧૯/૦૫/૨૦૨૦ ના રોજ ત્રણ (કુકેરી-૦૧ અને વાંદરવેલા-૦૨) કેસ નોંદ્વધાયા છે.

જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ચોથા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૨,૭૨,૩૭૧ વસ્તીને આવરી લેવામાં આવી છે. નવસારી જિલ્લામાં આજદિન સુધીમાં કુલ-૧૧ પોઝીટીવ કેસ નોદ્વધાયાના અહેવાલ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

ચીખલી તાલુકાના કુકેરી ગામમાં કોરોનાનો એક કેસ પોઝિટિવ

કુકેરી ગામમાં કન્ટેન્ટમેન્ટ ઝોન

નવસારી

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહયાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. ચીખલી તાલુકાના કુકેરી ખાતે એક કોરોનો પોઝીટીવ કેસ નોદ્વધાયો છે

જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ ચીખલી તાલુકાના કુકેરી ગામના માહયાવંશી ફળિયાના વિસ્તારને કોવિડ-૧૯ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કવોરન્ટાઈ ઍરિયામાં ઉત્તરે વિપુલભાઈ દિનેશભાઈ રાઠોડની વાડી, દક્ષિણે દિલિપભાઈ હરીભાઈ રાઠોડના ઘર સુધી, પૂર્વે વિનોદભાઈ મગનભાઈ બારોટના ઘર સુધી, પશ્ચિમે અમરતભાઈ શંકરભાઈ રાઠોડના ઘર સુધી આ વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ ઍરીયામાં કુકેરી ગામનો રોહિતવાસ, માહયાવંશી ફળિયું, ગાંધી શેરી, વાણિયાવાડ તથા સુરખાઈ ગામનો આહિરવાસ, કણબીવાસ અને હળપતિવાસ વિસ્તારમાં હેરફેર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. આ વિસ્તારના તમામ લોકોને દુધ-શાકભાજી, કિરાણા જેવી જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ સવારે ૮-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધીમાં મેળવી લેવાની રહેશે. ત્યારબાદ ઘરેથી બહાર નીકળી શકશે નહિ. આ જાહેરનામા તા.૦૧/૦૬/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઍકટની કલમ-૫૧ થી ૫૮ ની જાગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

અંફામ વાવાઝોડાની અસરથી સુરતના તાપમાનમાં ઘટાડો થયો

સુરત

બંગાળની ખાડીમાં સર્જાયેલા અંફામ ચક્રવાત બાદ દક્ષિણ ગુજરાતમાં વાદળછાયુ હવામાનથી પલટો અનુભવાઈ રહ્યો છે. આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વાદળછાયુ વાતાવરણ વચ્ચે દક્ષિણ પશ્ચિમ દિશાથી દરિયાઈ પવન ફૂંકાઈ રહ્યો છે. સાંજ સુધી ગરમીનો પારો બે થી ત્રણ ડિગ્રી ઘટી જાય તેવી પૂરી શક્યતા છે .

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૪.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૮૦ % અને હવાનું દબાણ ૧,૦૦૬.૮ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે વાતાવરણ મા વાદળો છવાયા હોવાથી અને ભારે પવન ફૂંકાતા અસહ્ય ગરમી અને બફારાથી રાહત અનુભવાઈ રહી છે. મે મહિના દરમિયાન તાપમાન નો પારો ૬ ડિગ્રી ઘટી જતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીથી હંગામી રાહતનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન વાતાવરણમાં પલટા નો અનુભવ થશે. આજે ગુરુવારે સુરત શહેર સહિત જિલ્લામાં અસહ્ય ઉકળાટ અને બફારાથી રાહત અનુભવાઈ છે.

હવામાન વિભાગ દ્વારા વધુમાં મળતી માહિતી અનુસાર બંગાળની ખાડીમાં સર્જાયેલા અંફામ વાવાઝોડાની અસર પૂર્ણ થઈ છે. દરમિયાન અંફામ ચક્રવાત બાદ ની અસર દક્ષિણ ગુજરાતમાં ભારે પવન ફુંકાઈ રહયો છે.

વાંદર વેલા ગામમાં કેસ નોંધાતા પ્રતિબંધક હુકમ

નવસારી

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહયાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના વાંદરવેલા ખાતે એક કોરોનો પોઝીટીવ કેસ નોદ્વધાયો છે જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ વાંસદા તાલુકાના વાંદરવેલા ગામના વાંગળી ફળિયાના વિસ્તારને કોવિડ-૧૯ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કવોરન્ટાઈ ઍરિયામાં ઉત્તરે મહેશભાઈ દાજીભાઈ પટેલના ઘરથી શરૂ કરી કોતર કિનારે આવેલ જયેશભાઈ અર્જુનભાઈ, વાંગળી ફળિયાના ઘર સુધી, દક્ષિણે રમેશભાઈ જીવણભાઈ પટેલના ઘરથી શરૂ કરી જગુભાઈ વૈરાગભાઈ પટેલ વાંગળી ફળિયાના ઘર સુધી, પૂર્વે રવજીભાઈ બાબરભાઈ પટેલના ખેતરથી શરૂ કરી છીતુભાઈ બરજુલભાઈના ખેતર સુધી, પશ્ચિમે જગુભાઈ ઢેડાભાઈ પટેલના ઘરથી શરૂ કરી જયેશભાઈ ઠાકોરભાઈ પટેલ, વાંગળી ફળિયાના ઘર સુધીનો વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. કન્ટેઈનમેન્ટ ઍરીયામાં વાંદરવેલા, વાંસદાના આ વિસ્તારના તમામ લોકોને દુધ-શાકભાજી, કિરાણા જેવી જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ સવારે ૮-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધીમાં મેળવી લેવાની રહેશે. ત્યારબાદ ઘરેથી બહાર નીકળી શકશે નહિ. આ જાહેરનામાનો અમલમાં તા.૦૧/૦૬/૨૦૨૦ સુધી રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઍકટની કલમ-૫૧ થી ૫૮ ની જાગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ત્રણ દિવસના જનતા કરફ્યુના એલાનનો ફેક વીડિયો વાયરલ

સોશિયલ મીડિયામાં બોગસ વીડિયો ફરતો થતા લોકો ચિંતામાં

સુરત

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે દેશભરમાં ચાર વખત લોકડાઉનનો અમલ કરવો પડ્યો છે. સુરત સહિત સમગ્ર દેશનું તંત્ર કોરોના વાયરસની સામે જંગ લડી રહ્યું છે. આવા સમયે સુરતની પ્રજા પાસે લોકડાઉન-૪ના નિયમોનું કડક પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. તેમ છતાં પણ આ કોરોના મહામારીમાં પણ સોશિયલ મીડિયાના ફાલતુ લોકો અફવા ફેલાવવામાંથી બાજ આવતા નથી. સુરતમાં સોશિયલ મીડિયામાં એક જૂનો વીડિયો કરફ્યુના નામે ફરતો કરી દેવામાં આવ્યો છે. એક ન્યૂઝ ચેનલના નામે સુરત, અમદાવાદ, વડોદરા સહિત પાંચ શહેરોમાં આવતીકાલથી તા.૨૫મી સુધી જનતા કરફ્યુ રહેશે. તેવો વીડિયો વાયરલ કરવામાં આવ્યો છે. હાલ રમજાનનો પવિત્ર મહિનો ચાલી રહ્યો છે. તા.૨૫મીએ ઈદ છે. સુરત શહેરમાં લોકડાઉન-૪ના અમલ સાથે વ્યાપક છુટછાટ આપવામાં આવી છે. ત્યારે આવતીકાલથી પાંચ દિવસ માટે જનતા કરફર્યુના આ વાયરલ ફેક વીડિયોથી લોકોમાં ગભરાહટ વ્યાપી ગયો છે. આ ફેક વીડિયો એક મોબાઈલમાંથી બીજા મોબાઈલ ફોનમાં ફરી રહ્યો છે. આવી ગંભીર પરિસ્થિતિમાં સોશિયલ મીડિયાના પ્લેટફોર્મનો ગેરઉપયોગ કરનારા અનેક લોકો સામે પોલીસ ફરિયાદો પણ દાખલ થઈ ચૂકી હોવા છતાં પણ વિકૃત આનંદ માણતા લોકો સુધરવાનું નામ લેતા નથી અને જૂના વીડિયો કે પછી ફેક વીડિયોને વાયરલ કરી રહ્યા છે. જે ખૂબ જ ચિંતાજનક બાબત છે.

લોક ડાઉનમાં હેલ્પ લાઈનમાં ૧૯ હજારથી વધુ લોકોએ મદદ માંગી

હેલ્પ લાઈન પર હજારો લોકોની સમસ્યાનું નિરાકરણ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે લોકોને મદદરૂપ થવા માટે રાજયના તમામ જિલ્લાઓમાં કંટ્રોલરૂમો શરૂ કરવામાં આવ્યા છે. આવા સમયે સુરત શહેર-જિલ્લામાં વસતા લોકોને યોગ્ય સલાહ-સૂચન અને મદદ મળી રહે તે માટે સૂરત શહેરના અઠવાલાઈન્સ ખાતે આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રમાં ૨૮ માર્ચથી જિલ્લા કંટ્રોલરૂમ રાતદિવસ ધમધમી રહ્યો છે. જિલ્લા કલેકટર શ્રી ડો. ધવલ પટેલની સીધી દેખરેખ હેઠળ રાઉન્ડ ધ ક્લોક ચાલતાં કંટ્રોલ રૂમના હેલ્પલાઈન નંબર ૧૦૭૭ પર લોકોની રજૂઆતો, સમસ્યાઓનું યથાયોગ્ય નિરાકરણ કરાઈ રહ્યું છે.

જિલ્લા વહીવટીતંત્રના તમામ વિભાગોની સાથે સુરત જિલ્લામાં ૨૪૮૭ કાર્યરત ડિઝાસ્ટર કંટ્રોલ રૂમમાં નાયબ કલેકટર, મામલતદાર સહિતના અધિકારીઓ તેમજ ૩૦ કર્મયોગીઓ કાર્ય કરી રહ્યા છે. લોકડાઉનના પરિણામે અનેક સમસ્યાઓ અંગેના કોલ લોકો દ્વારા કરવામાં આવ્યા છે. જેનું કર્મચારીઓ દ્વારા યોગ્ય સલાહ સુચન અને માર્ગદર્શન આપીને સમસ્યાઓનું સકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું છે. પ્રથમ પાળીમાં સવારના ૮.૦૦ થી ૩.૦૦, બીજી પાળીમાં ૩.૦૦ થી ૧૧.૦૦ તથા ત્રીજી પાળીમાં રાત્રિના ૧૧.૦૦ થી સવારના ૮.૦૦ એમ ૨૪૮૭ કંટ્રોલરૂમ કાર્યરત છે.

વધુ વિગતો આપતા મામલતદાર ડો.દિપલ ભારાઈએ જણાવ્યું કે, લોકડાઉન બાદ શરૂ કરવામાં આવેલા કંટ્રોલ રૂમમાં ૩૦ અધિકારી-કર્મચારીઓ ત્રણ પાળીમાં ૨૪ કલાક ફરજ બજાવી રહ્યા છે. કંન્ટ્રોલ રૂમની ૧૦૭૭ નંબરની હેલ્પલાઈન પર આવતા કોલ માટે પાંચ હન્ટીક લાઈનો આપવામાં આવી છે. રોજના ૫૦૦ થી ૭૦૦ જેટલા કોલ કંટ્રોલરૂમમાં આવી રહ્યા છે. જેમાં ૫૪ દિવસ દરમિયાન ૧૯,૦૯૪ જેટલા ફોન રિસીવ કરીને જરૂરી માર્ગદર્શન આપીને લોકોની સમસ્યાઓ દુર કરવામાં મદદરૂપ થયા છીએ. જેમાં ખાસ કરીને ભોજન સંબધિત ૯૫૬૨, વ્હીકલ સંબધિત પાસ માટે ૫૯૨૦, દવાઓ મેળવવા માટે ૧૯, મેડિકલ જરૂર માટે ૪૭, પોલીસ સંબધિત ૨૮ તથા અન્ય ૧૫૯૫ જેટલી ફરિયાદોમાં માર્ગદર્શન તથા સંબધિત વિભાગોમાં ફરિયાદ ટ્રાન્સફર કરવામાં આવી છે. જેમ કે, ભોજન સંબંધિત ફરિયાદ હોય તો જે તે વ્યકિતના નજીકના ભોજન કેન્દ્રના સ્થળની વિગતો તેમને આપવામાં આવે છે. તથા વતન જવા માટેના બસ, ટ્રેન અંગેની પૂછપરછના અંગેના કોલ રિસીવ કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

તેમણે કહ્યું કે, શરૂઆતમાં ભોજન સંબધિત ત્યાર બાદ રાજયમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ અથવા અન્ય રાજયમાં જવા માટેની શુ પ્રક્રિયા કરવી તથા અરજી ઓનલાઈન કેવી રીતે કરવી તે અંગેની માહિતી મેળવવા માટે હેલ્પલાઈન નંબરોનો લોકો દ્વારા બહોળો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઘણી વાર પોલિસ દ્વારા ડિટેઈન થતાં વાહન, દૂધ અને શાકભાજી, મેડિકલ ઈમરજન્સી પાસ, સામાજિક સંસ્થાઓ દ્વારા મદદની ભાવના વ્યક્ત કરતાં કોલ પણ મોટી સંખ્યામાં પ્રાપ્ત થાય છે, જેને યોગ્ય રીતે માર્ગદર્શન આપી સહાયરૂપ બની રહ્યા છીએ.

કોલ કરનાર વ્યક્તિના નામ સરનામાં અને સંપર્ક નંબર જેવી પ્રાથમિક વિગતો રજીસ્ટરમાં નોંધવામાં આવે છે, જેથી જરૂર પડ્યે તે વ્યક્તિનો સંપર્ક સાધી શકાય છે.

સરકારી કચેરી પાસે ઉપવાસ આંદોલન કરી શકાશે નહીં

ઓચિંતુ આંદોલન કરી શકાશે નહીં

વલસાડ

વલસાડના કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રે ટ સી.આર.ખરસાણે વલસાડ જિલ્લા ના જિલ્લા/ તાલુકા સેવાસદનમાં પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઇ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે હેતુસર જિલ્લા સેવા સદન, વલસાડ, તથા જિલ્લાના તમામ તાલુકા સેવાસદનની બહાર કે જિલ્લા/ તાલુકા સેવાસદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં તાત્કાલિક અસરથી તા.૩૧/૦૫/૨૦૨૦ સુધી અનઅધિકૃત/ ગેરકાયદેસર રીતે કોઇપણ વ્યકિતઓ/ વ્યકિતઓને એકી સાથે કોઇપણ જગ્યાએ ભેગા થઇને કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભૂખ હળતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા માટે મનાઇ ફરમાવી છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

આ જાહેરનામું ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓને, ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને, લગ્નના વરઘોડા, સ્મયશાનયાત્રા અને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ પરવાનગી તેમજ સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનના કિસ્સામાં લાગુ પડશે નહીં.

નવસારીમાં ઔદ્યોગિક એકમ સાંજ છ વાગ્યા સુધી ચાલુ રહેશે

નવસારી જિલ્લામાં તા. ૩૧ મી મે સુધી લોકડાઉન અંગે જાહેરનામું

નવસારી

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવી છે. જે સંદર્ભે કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટે સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું, જે તા.૩૧/૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવ્યું છે. નવસારી જિલ્લામાં કોરોના વાઈરસનું સંક્રમણ ફેલાય નહીં તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ કે.જે.રાઠોડે મળેલી સત્તાની રૂએ કેટલાક નિયંત્રણો જાહેર કર્યા છે.

જાહેરનામામાં જરૂરી સુધારા કરી પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે. જે અંતર્ગત કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તમામ દુકાનો/ ઓફિસો સવારે ૮-૦૦ થી સાંજના ૪-૦૦ વાગ્યા સુધી જ ખુલ્લી રાખી શકાશે. બે વ્યકિતઓ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટનું અંતર રાખવાનું રહેશે તથા પાંચ વધુ વ્યકિતઓએ દુકાન ઉપર એકઠા થવું નહિ. આંતર જિલ્લા આવન-જાવન માટે કોઈ જ પાસ/મંજૂરીની આવશ્યકતા રહેશે નહિ. તથા આંતર જિલ્લા આવન-જાવન માટે ચેકપોસ્ટ કાર્યરત રાખવાની રહેશે. ચેકપોસ્ટ પર આરોગ્ય ચકાસણી માટે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી દ્વારા ટીમ તૈનાત રાખવાની રહેશે. તે દરમિયાન જા કોઈપણ વ્યકિતઓ કોવિડ-૧૯ ના લક્ષણો ધરાવતી જણાશે તો તેમને તાત્કાલિક ધોરણે હોસ્પિટાલાઈઝ કરવામાં આવશે. તથા આગળ મુસાફરી કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ. કન્ટેઈનેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં પ્રતિબંધિત ન હોય તે સિવાયની તમામ અન્ય આર્થિક પ્રવૃત્તિઓ ચાલુ રહેશે. ઉદ્યોગો તથા પેટ્રોલપંપ સવારે ૮-૦૦ થી સાંજે ૬-૦૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. તે દરમિયાન કોઈ પાસની મંજૂરીની આવશ્યકતા નથી. ઔદ્યોગિક વસાહતો ધરાવતાં કારખાનાં અને સતત પ્રક્રિયા જરૂરી હોય તેવા કારખાના કોઈપણ જાતની બાહય અવર-જવર વિના ચાલુ રાખી શકાશે.

કોરોના વાયરસની સ્થિતિ વચ્ચે સુરતમાં થાળે પડતુ જનજીવન

નોન કન્ટેન્ટમેન્ટ વિસ્તારોમાં ધંધા-રોજગારમાં લોકો વ્યસ્ત બન્યા

સુરત

લોકડાઉન-૪ના અમલ સાથે સુરત શહેરમાં નોન-કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તારમાં જનજીવન રાબેતા મુજબ ધબકતુ થઈ ગયું છે. શહેરના માર્ગો ઉપર ટ્રાફિકની અવર જવર રાબેતા મુજબ થઈ ગઈ છે. કોરોના વાયરસની મહામારી સાથે સુરતીજનો જીવતા શીખી ગયા હોય તેમ નોન કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તારમાં ધંધા રોજગાર ધમધમતા થઈ ગયા છે.

લોકડાઉન-૪માં જયાં છૂટછાટ આપવામાં આવી છે. તેવા તમામ વિસ્તારોમાં લોકડાઉન-૪ની માર્ગદર્શિકાનું પાલન ફરજીયાત કરવાનું રહે છે. પરંતુ હજુ પણ કેટલાક વાહન ચાલકો કે ખરીદી કરવા નીકળતા લોકો મોઢા ઉપર માસ્ક લગાવતા નથી કે પછી સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરતા નથી. આજે પણ સુરત શહેરમાં કોરોના વાયરસ પોઝિટિવ ધરાવતા દર્દીઓ મળી રહ્યા છે. ત્યારે લોકોએ સ્વયંભૂ આ મહામારી સામે સરકારી નિયમોનું ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી છે.

સુરત ગ્રામ્ય વિસ્તારમાં ૮૬ દર્દીઓ પૈકીના ૪૭ લોકો સ્વસ્થ બન્યા

સુરત જિલ્લામાં સર્વે અને આરોગ્યની ૧૬૬ ટીમ કાર્યરત

સુરત

સુરત જિલ્લામાં આજે ગઈ કાલે ૧૦ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૪૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૮૪ હતી, જેમાં ૦૨ કેસનો વધારો થવાથી આજે કુલ ૮૬ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસ પૈકી કામરેજ તાલુકાના નનસાડ ગામના ૦૧ તેમજ મહુવા તાલુકાના કરચેલિયા ગામના ૦૧ મળી આજે ૦૨ કેસો મળી કુલ ૮૬ કેસો આવ્યા છે. કુલ ૭૭૮૯ ટેસ્ટીગ કરવામાં આવતાં ૮૬ પોઝિટીવ અને ૭૬૫૮ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૩૭ એક્ટિવ ક્લસ્ટર જેમાં, બોરીયા, અંધાત્રી, બડતલ, સરકુઈ, જુના કાકરાપાર, ચોખવાડા, ખોડાંબા, કાની, સાંધિયેર, દખણવાડ(દેવધ), ઝંખવાવ, નસારપુરા, કડોદરા, પાલી (સાંઈભુપત), દિહેણ, પાલી (ડી.એમ.નગર), લાજપોર, ઈચ્છાપોર, વેગી, વરેલી (ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ (શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લિંડીયાત, કલ્લેથા, લાજપોર (કોળીવાડ), લાજપોર (પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર (ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૬,૬૩૪ ઘરો અને કુલ વસ્તી ૭૦,૯૬૮ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૬૬ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૩૪૮ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૬૬ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૫૧૪ લોકો હોમ કોરન્ટાઈન છે. જ્યારે આજે ૧૨૪ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૩૯૦ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

સુરતમાં ૧૧,૪૭,૬૨૬ લોકોએ આરોગ્ય સેતુ એપ ડાઉન લોડ કરી

ઈન્ડસ્ટ્રીયલ યુનિટ શરૂ કરવા માટે એપ ડાઉન લોડ કરવી ફરજીયાત છે

સુરત

વૈશ્વિક મહામારી કોરોના વાયરસની પરિસ્થિતિને ધ્યાને લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા લોકડાઉન ૪.૦માં આર્થિક પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે વ્યાપાર ઉદ્યોગોને કેટલીક છૂટછાટ સહિત વ્યાપાર ઉદ્યોગ શરૂ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

હાલમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના ભાગરૂપે ×આરોગ્ય સેતુ× એપ બનાવવામાં આવી છે. આ એપ એક એવુ સુરક્ષા કવચ છે કે, જો કોરોનાગ્રસ્ત વ્યકિત તમારી નજીક પણ આવશે તો તરત જ તમારા મોબાઈલમાં બીપ-બીપ અવાજ આવશે અને તમને સચેત કરી દેશે જેથી કોરોના વાયરસના સંક્રમણથી આપ બચી શકશો. ×આરોગ્ય સેતુ× એપ ડાઉનલોડ કરી એમાં તમારે પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. જેથી એ તમને સચોટ માર્ગદર્શન આપશે. કોરોના વાયરસના લક્ષણો ૮૦% લોકોમાં જોવા મળતા નથી. ફકત ૨૦% લોકોમાં જ એના લક્ષણો જોવા મળે છે. જેથી આપણે કોઈ કોરોના પોઝીટીવ વ્યકિતના સંપર્કમાં છીએ કે કેમ તે જાણી શકાતું નથી. કોરોના વાયરસ અત્યંત જીવલેણ અને અદ્રશ્ય ચેપી રોગ છે.

આજ દિન સુધીમાં સુરત જિલ્લામાં કુલ ૧૧,૪૭, ૨૬ ×આરોગ્ય સેતુ× એપ ડાઉનલોડ કરવામાં આવી છે.હાલમાં સુરત શહેરમાં દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસ શરૂ કરવામાં આવેલ છે. એ તમામને ×આરોગ્ય સેતુ× એપ ફરજીયાતપણે ડાઉનલોડ કરવાની રહેશે. આગામી દિવસોમાં દુકાનો, શોપીંગ કોમ્પલેક્ષ, ઈન્ડસ્ટ્રીયલ યુનિટસમાં તમામ કામદારોએ તથા તેમની આજુબાજુના તમામ લોકોએ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરેલ છે કે નહી? તેની ચકાસણી હાથ ધરવામાં આવશે. હાલના તબકકે કોવિડ–૧૯ સંબધિત માહિતી માટે 'આરોગ્ય સેતુ' એપ ડાઉનોડ કરવી એ જ સૌથી શ્રેષ્ઠ વિકલ્પ છે.

બિન વારસી મળેલા યુવકનું વલસાડ સિવિલમાં મોત

વલસાડ

રામબ્રીજ શ્યાશમલાલ ચૌહાણ, જેના સરનામા તથા વાલી વારસોની ખબર નથી. જેને તા.૧૩-૦૫-૨૦૨૦ના રોજ લીલાપોર, મંગળીયા મોરા ફળીયા, બંદર રોડ ઉપરથી બિમાર-બીન વારસી હાલતમાં વલસાડ જિલ્લાની ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેઓને એચઆઈવી તથા ટીબી હોવાની જાણકારી મળી હતી તથા જેનું સારવાર દરમિયાન તા.૧૯-૦૫-૨૦૨૦ના રોજ મરણ થયું છે. મૃતકની ઉ.વ આશરે ૩૫, શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઊંચાઈ આશરે ૫.૪ ફુટ, જમણા હાથના પંજા ઉપર ૐ કોતરાવેલું છે. તથા શરીરે કમરે બ્યુ કલરનો ટુંકો ચડ્ડો પહેર્યો છે. આ મૃતકના વાલી વારસોએ વલસાડ રૂબલ પોલીસ સ્ટે શનનો સંપર્ક સાંધવા પોલીસ ઈન્પેકટર, વલસાડ રૂરલ દ્વારા જણાવાયું છે.

યોગી ચોક વિસ્તારમાં લોકોને ઘરે ઘરે ઉકાળો પિવડાવાયો

૫૦ સોસાયટીમાં ઉકાળાનું વિતરણ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે રોગપ્રતિકારક શકિત વધારવા માટે કેન્દ્ર સરકારના આયુષમાન મંત્રાલય દ્વારા જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે. જેથી જિલ્લા પંચાયતના આયુર્વેદિક દવાખાના, કુંભારીયાના મેડિકલ ઓફિસર ડો.ઘનશ્યામભાઈ પટેલની આગેવાની હેઠળ સૂરત શહેરના સણીયા-કનડે, સણીયા-હેમાદ, સાબરગામ, સારોલી, દેલાડવા, ખરવાસા, મોહિની, દેવધ, પુના ગામ, યોગી ચોક, પરવત ગામ અને કુંભારિયા ગામની આજુબાજુની ૫૦ કરતા વધારે સોસાયટીમાં દોઢ માસ દરમિયાન ૧.૫૦ લાખ લોકોને આયુર્વેદિક ઉકાળા વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાપોદ્રા, સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ મિત્રોને પણ રોગ પ્રતિકારક શકિત વર્ધક આયુર્વેદીક ઔષધી સંશમની વટી અને ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સુરત અને ઉધના રેલ્વે સ્ટેશનથી વધુ ૯ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો ઉપડી

સુરત

સુરતમાંથી ગઈ કાલે ૩૨ શ્રમિક ટ્રેનોમાં ૫૨ હજાર પરપ્રાંતિ કામદારો વતન રવાના થયા બાદ આજે વધુ ૨૪ જેટલી ટ્રેન ઉપાડવાનું સવારથી શરૂ થઈ ગયું છે. અને મોડી રાત સુધી ઉત્તર પ્રદેશ બિહાર ઉપરાંત તમિલનાડુ માટે પણ ટ્રેન રવાના થશે. અને ૨૪ ટ્રેનો મારફતે ૩૭ હજાર જેટલા શ્રમિકો વતન તરફ રવાના થયા છે.

લોક ડાઉન દરમિયાન તા. ૨ મે થી દર રોજ સુરતથી અનેક ટ્રેનો, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન , ઝારખંડ, બિહાર, મધ્ય પ્રદેશ જેવા રાજયો માટે ઉપડી રહી છે. દરમિયાન ગઈ કાલે સુરતમાંથી સૌથી વધુ ૩૨ ટ્રેનો બિહાર અને ઉત્તર પ્રદેશ માટે સુરત તેમજ ઉધના રેલવે સ્ટેશન પરથી કુલ ૨૪ શ્રમિક ટ્રેનો ઉપડી રહી છે. આજે ગુરુવારે સવારથી બપોર સુધીમાં ૯ ટ્રેનો ઉપડી ગઈ હોવાનું જાણવા મળે છે. જ્યારે અન્ય ટ્રેનો ઉપડવાની તૈયારી થઈ રહી છે. મોડી રાત્રિ સુધી કુલ ૨૪ શ્રમિક ટ્રેનોમાં ૩૭ હજાર જેટલા શ્રમિકો આજે વતન રવાના થઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આજે અમદાવાદથી ઉપડતી શ્રમિક ટ્રેન રાત્રે સુરત આવશે અને આ ટ્રેન તમિલનાડુ રવાના થશે. સુરતથી તમિલનાડુ માટે ૩૫૫ યાત્રી નોંધાયા છે.

પ્રતિદિન હજારો શ્રમિકો વતન જઈ રહ્યાં છે અને તેથી ઔદ્યોગિક એકમોને શરૂ કરવાની મંજૂરી મળી હોવા છતા મજુરોની અછતને પગલે ઉદ્યોગો કાર્યરત થાય તેવી શકયતા જણાવી નથી.

ઝગડીયાના સુથારપુરા ગામે ૨૩૦૦૦ની કિંમતનો વિદેશી દારુ ઝડપાયો

એલ.સી.બી.ની રેઈડ દરમિયાન દારુનો જથ્થો પકડાયો

નિમેષ ગોસ્વામી : ઝઘડીયા

ઝઘડીયા તાલુકાના સુથારપુરા ગામે ભરુચ એલસીબી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક મકાનમાંથી રુ.૨૩૦૦૦ ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારુ ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ ભરુચ એલસીબીને પેટ્રોલિંગ દરમિયાન મળેલ બાતમીના આધારે સુથારપુરા ગામે રહેતા સુરેશભાઈ નગીનભાઈ વસાવાને ત્યાં જઈને તપાસ કરતા ઘેરે સુરેશ ના માતા કમળાબેન હાજર હોઈ,મહિલા પોલીસને સાથે રાખીને સોસિયલ ડિસ્ટન્સ જાળવીને તપાસ કરી હતી.

તપાસ દરમિયાન ઘરમાં મીણીયા કોથળામાં છુપાવેલ ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો મળી આવ્યો હતો .પોલીસના જણાવ્યા મુજબ પકડાયેલ દારુનો જથ્થો રુ.૨૩૦૦૦ ની કિંમતનો છે.

પોલીસે તપાસ કરતા દારુનો આ જથ્થો સંજાલીના સંજય વસાવાને ત્યાંથી છુટક વેચાણ કરવા સુથારપુરાના સુરેશ વસાવા દ્વારા લાવવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છેકે હાલમાં કોરોનાની મહામારી ચાલી રહી છે, ત્યારે દારુ જેવી પ્રતિબંધિત અને ગેરકાયદેસર વસ્તુ તાલુકામાં છુટથી મળી રહી છે.

લોક ડાઉનમાં કર્મકાંડી બ્રામહદેવ બેકાર બનતા સહાય જાહેર કરો

સુરત

ભારતીય બૌદ્ધ મહાસભાના અગ્રણી સુરેશભાઈ સોનવણે એ સુરત જિલ્લા કલેકટરને પાઠવાયેલા આવેદન પત્રમાં જણાવ્યું છે કે વિશ્વવ્યાપી કોરોના મહામારીમાં લાખો કરોડો લોકોને પોતાના વેપાર ઉદ્યોગ-ધંધા એ નોકરીઓ ગુમાવી છે. આજે રસ્તે આવી પોહચ્યાં છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે આવા લોકો અને પરિવારો માટે કેટલાક પેકેજ જાહેર કર્યા છે જે આવકાર દાયક છે.

પરંતુ રોજે રોજ કમાવીને ખાનારા લોકોની હાલત ખુબજ ગંભીર છે. ગીરના સોમનાથ મંદિર ખાતે તેમજ અન્ય મંદિરો પર પુજા અર્ચના કરી તેમજ લગ્ન વિધિ અને અન્ય ધાર્મક કર્મકાન્ડ કરી જીવન નિર્વાહ કરનાર કર્મકાન્ડી બ્રામ્હણ સમાજની રોજી રોટી વિના હાલ બેકાર-બેરોજગાર સ્થિતિમાં છે. માટે રાજ્ય સરકારે તેમને વિના વિલંબે રાહત પેકેજ ફાળવી આપવા તથા રાજ્ય સરકારે નિર્ધારિત કરેલા નિતી નિયમો મુજબ એક લાખ સુધીની લોનની સુવિધા યુદ્ધના ધોરણે ચુકવી આપવા હમારી આપ સાહેબશ્રી રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી છે.



ઔદ્યોગિક વસાહત માં પરપ્રાતી કામદાર ને પોતાના માદરે વતન પોહચડવા માટે દુવાઘપુરા ના ડે.સરપંચ શ્રી નરેન્દ્ર ભાઈ વસાવા ના પ્રયાસથી ઝગડીયા તાલુકાના દુ. વાઘપુરા થી બસ મારફતે રેલવે સ્ટેશન પોહચાડી ત્યાર બાદ ટ્રેન મારફતે પોતાના માદરે વતન પોહચડવા કવાયત હાથ ધરવા માં આવી હતી. આજ રોજ જગડીયા ના નાયબ કલેકટર દ્વારા ઝગડીયા ના અલગ અલગ વિસ્તાર મા કામ કરતા પરપ્રાતિયો ને જરુરી માર્ગદર્શન આપી પોતાના વતન માં મોકલવા ની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં UP ના કાનપુર, નાગપુર જવા રવાના કરવામાં આવ્યા.

(નિમેષ ગોસ્વામી ઝઘડીયા)

નવસારી પોલીસે વધુ ૧૩૦ વાહનો જપ્ત કર્યા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૧૯ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ ત્મ્ધ્ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ ઍક્ટ ૧૯૫૧ હેઠળ ૨૧૨ સામે ઍફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૨૪ ની અટકાયત કરવામાં આવી છે. જિલ્લામાં ૧૩૦ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા. તા.૧૯ મે સુધીમાં કુલ ૯૯૫૭ ઍફઆઈઆર તેમજ કુલ ૧૧૦૨૧ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે.

શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના

કેટલીક બેંકોએ ફોર્મ વિતરીત કર્યા કેટલીક બેંકો તા.૧ જૂને વિતરણ કરશે

સરકાર પોર્ટલ શરૂ કરે પછી જ લોનના ફોર્મ સ્વીકારવાનું શરૂ કરાશે

સુરત

આજથી આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની સહાય ફોર્મ લેવા માટે સુરત શહેરમાં લોકોએ સહકારી બેંકો, ક્રેડીટ સોસાયટી અર્બન બેંકો ઉપર લાંબી લાઈન લગાવી દીધી હતી.

કોરોના મહામારી વચ્ચે લોકો આત્મનિર્ભર એ માટે રાજ્ય સરકારે પાંચ હજાર કરોડની આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાની જાહેરાત કરી હતી. સહકારી બેંકો, અર્બન કો.ઓ. બેંકો તથા ક્રેડીટ સોસાયટીઓ એક લાખ સુધીની લોન ૨ ટકાની વ્યાજે આપશે. આ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાના ફોર્મનું આજથી વિતરણ શરૂ થવાનું હોવાથી ઠેર-ઠેર બેંકોમાં ફોર્મ લેવા માટે લોકોએ લાંબી લાઈન લગાવી દીધી છે. જોકે આજે મોટાભાગની બેંકો ક્રેડીટ સોસાયટી પાસે ફોર્મ તૈયાર ન હોવાથી આગામી તા.૧લી જૂનથી ફોર્મ વિતરણ કરવાના બોર્ડ લગાવી દીધા હતા. જ્યારે જે બેંકો પાસે ફોર્મ તૈયાર હતા તેઓએ વિતરણ કરી દીધા હતા. પરંતુ સાથે સાથે સૂચના પણ આપવામાં આવી હતી કે બેંક તરફથી સૂચના મળ્યા બાદ ફોર્મ જમા કરાવવાનું રહેશે.

દરમિયાન વરાછા કો.ઓ. બેંકના ચેરમેન કાનજી ભાલાળાના જણાવ્યા મુજબ આજથી ફોર્મ વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. જેની પાસે ફોર્મ તૈયાર થઈ ગયા છે તેઓ વિતરણ કરી રહ્યા છે. હાલ ગુજરાત સરકાર દ્વારા આ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજનાના નામનું એક પોર્ટલ તૈયાર કરી રહ્યું છે. આ પોર્ટલ થયા બાદ સહાયના ફોર્મની વિગતો જે તે બેંકોએ અપલોડ કરવાની રહેશે. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા જે તે અરજદારની લોન મંજૂર થયા બાદ લોનની રકમ ઈસ્યૂ કરવામાં આવશે. આ તમામ પ્રક્રિયા સંપૂર્ણ થતા દસથી પંદર દિવસ લાગી શકે છે.

સુરતમાં કોન્ટેક્ટ ટ્રેસિંગ કરતી ટીમને ૩૧૪ કેસ મળ્યા, આઈસોલેટથી ચેપ અટક્યો

સુરત

પાલિકા દ્વારા કોરોના વાઈરસના ચેપને અટકાવવા માટે અપનાવાયેલી કોન્ટેક્ટ ટ્રેસિંગની સિસ્ટમ ઘણી સફળ રહી છે. કોન્ટેક્ટ ટ્રેસિંગ માટે ૨૧૬ ટીમ બનાવી છે. આ ટીમની કીમગીરીથી ૩૧૪ જેટલા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. કોન્ટેક્ટ ટ્રેસિંગ કરીને ૩૧૪ પોઝિટિવ લોકોને પહેલાં જ આઈસોલેટ કે ક્વોરન્ટીન કરી દેતા અન્ય લોકોમાં ચેપ પ્રસરતો અટકી ગયો છે. પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું રે, સુરતમાં કોરોના દર્દીઓને ઝડપથી શોધવા માટે કોન્ટેક્ટ ટ્રેસિંગની કામગીરી વધુ સઘન બનાવવામાં આવી રહી છે. પોઝિટિવ દર્દી મળી આવે ત્યારબાદ તેના કોન્ટેક્ટને શોધીને તેમને ક્વોરન્ટીન અથવા આઈસોલેટ કરવાની કામગીરી અત્યંત જરૂરી છે. કોરોના પોઝિટિવ દર્દી મળી આવ્યા બાદ તેની સાથે પાલિકાની ટીમ દ્વારા વાતચિત કરી હિસ્ટ્રી લેવામાં આવે છે. પોઝિટિલ થયેલો દર્દી નજીકના ભુતકાળમાં કોની સાથે સીધો સંપર્કમાં આવ્યો હતો તેની માહિતી મેળવીને ટીમ તે વ્યક્તિ સુધી પહોંચતા હતા.

પોઝિટિવ દર્દી સાથે સંબંધ ધરાવતાના કોન્ટેક્ટ ટ્રેસ કરીને તેમને શોધીને સજાજાવી આઈસોલેટ કરવા કે ક્વોરન્ટીન કરવાની કામગીરી કરવામાં આવતી હતી. સુરત પાલિકાએ કોન્ટેક્ટ ટ્રેસિંગ માટે ૨૧૬ ટીમ બનાવી હતી. આ ટીમે કોન્ટેક્ટ ટ્રેસ કરીને ૩૧૪ જેટલા પોઝિટિવ કેસ શોધીને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યા છે. પાલિકાની કોન્ટેક્ટ ટ્રેસિંગ સિસ્ટમ સફળ થતા ઝડપભેર પોઝિટિવ દર્દી અન્ય લોકોથી દૂર થતા ચેપ પ્રસરતા બંધ થયા છે. પાલિકાની આ કામગીરી દરમિયાન પોલિકાના પાંચથી વધુ કર્મચારીઓ પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું કે,

અગર કોઈ કન્ટેઈનમેન્ટ ઝોનમાંથી નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં જઈ દુકાન-ઓફિસમાં કામકાજ કરે છે તો સંક્રમણ વધુ ફેલાઈ શકે છે. આ ખૂબ જ ગંભીર બાબત છે. દરેક લોકોએ આ અંગે તકેદારી રાખવી પડશે. કોરોના વાઈરસનું સંક્રમણ રોકવાની સુરત મહાનગર પાલિકા સાથે શહેરના તમામ નાગરિકની પણ પોતાની નૈતિક જવાબદારી છે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં તમામ આંતરિક રસ્તા બેરીકેડ કરવામાં આવ્યા છે. એન્ટ્રી અને એક્ઝીટ પર પોલીસનું ચેકિંગ કરવામાં આવે છે. કન્ટેઈનમેન્ટ ઝોનમાં રહેનાર નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં દુકાનો ખોલે છે તો ગ્રાહકે પણ જાગૃતતા દાખવી પડશે.

લોટસ હોસ્પિટલનો તબીબ સહિતના સ્ટાફ કવોરેન્ટાઈન

વલસાડ

વલસાડની લોટસ હોસ્પિટલમાં કોવિડ-૧૯ના બે પોઝીટીવ કેસ હોવાની વાત માત્ર એક અફવા છે. બનાવની વિગત એવી છે કે, તા.૨૦/૫/૨૦૨૦ના રોજ વાપી પ્લોનટ નં.૨૨, સતાધાર સોસાયટી, મુક્તાનંદ માર્ગ, ચલા, વાપી ખાતે કોવિડ-૧૯ના બે પોઝીટીવ કેસ નોંધાયેલા છે. જેઓ વલસાડની લોટસ હોસ્પિકટલ ખાતે ચેક-અપ માટે ગયા હોવાથી હોસ્પિટલના ડૉકટર તથા અન્ય સ્ટાફ એમના સંપર્કમાં આવ્યાક હોવાથી તકેદારીના ભાગરૂપે બે દિવસ માટે હોમ કવોરેન્ટારઈન કરવામાં આવ્યા છે. હાલ લોટસ હોસ્પિટલમાં કોવિડ-૧૯ પોઝીટીવનું કોઈ દર્દી હોસ્પિટલમાં દાખલ નથી કે કોઈ ડૉક્ટર કે સ્ટાફ કોરોના પોઝીટીવ તરીકે નોંધાયેલા નથી કે હોસ્પિટલ સીલ કરવામાં આવી નથી. જેથી આવી ખોટી અફવાથી દૂર રહેવા વલસાડના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અનિલ પટેલ દ્વારા જણાવાયું છે.

નવસારી જિલ્લાના ઢોલુમ્બર ગામે મનરેગા યોજના અંતર્ગત ૧૪૮ શ્રમિકોને ઘરઆંગણે રોજગારી મળી

નવસારી

નવસારી જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા મનરેગા હેઠળના કામો શરૂ કરવાની મંજૂરી મળતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન હેઠળ જિલ્લાની ૨૪૯ ગ્રામ્ય પંચાયતોમાં આ કામો શરૂ કરી દેવામા આવ્યા છે અને જેના થકી હાલ ૧૨,૮૬૭ શ્રમિકોને જિલ્લામાં રોજગારી મળી રહી છે.

લોકડાઉનની પરિસ્થિતિમાં ગામડાનાં શ્રમિકો માટે રાજ્ય સરકારની મનરેગા અંતર્ગત કામો શરૂ કરવાની પહેલ શ્રમિકોને ઘર આંગણે રોજગારી આપતા આર્શીવાદરૂપ બની ગઈ છે. કોરોનાની વિકટ પરિસ્થિતિ હોવા છત્તાં રાજ્ય સરકારનાં સકારાત્મક પગલાઓનાં કારણે નવસારી જિલ્લાનું ગ્રામ્ય જીવન ફરી ગતિશીલ બની રહયું છે. અને હાલમાં જિલ્લા ગ્રામ વિકાસ ઍજન્સી દ્વારા જિલ્લામાં મનરેગા અંતર્ગતના કામોમાં જરૂરીયાત મુજબ ત્વરીત રોજગારી આપવામાં આવી રહી છે.

લોકડાઉન ની પરિસ્થિતિમાં મનરેગા દ્વારા ઘર આંગણે રોજગારીનો અવસર મળ્યો છે તેનો હરખ વ્યક્ત કરતા ચીખલી તાલુકાના ઢોલુમ્બુર ગામના કમળાબેન પટેલ જણાવે છે કે સામાન્ય દિવસોમાં તો અમોને છૂટક રોજગારી મળતી હતી.પરંતુ લોકડાઉનની પરિસ્થિતિમાં રોજગારીનો પ્રશ્ન ઊભો થયો. કોરોના કહેર વચ્ચે સરકારે અમારા ગામમાં મનરેગા યોજનામાં તળાવ ઉંડુ કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ગામના શ્રમજીવીઓ રોજગારી મેળવી રહયાં છે. લોકડાઉનમાં ક્યાંય બહાર જવાય એવી સ્થિતિ નથી ત્યારે અમોને ઘરે બેઠા રોજગારી મળી રહી છે. સંકટની આ ઘડીમાં સરકાર સાચે જ અમારી વ્હારે આવી રોજગારી પૂરી પાડી છે તેમ જણાવીને કમળાબેને સરકારશ્રીનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

ચેતનભાઈ પટેલે પ્રતિભાવ આપતા જણાવ્યું કે, લોકડાઉનના સમયમાં કોઈ રોજગારી ન હતી. અમારું જીવન ગુજરાન મુશ્કેલ બન્યું હતું તેવા સમયે અમારા ગામમાં તળાવ ઉંડું કરવાની કામગીરી શરૂ થતા અમને ઘર આંગણે રોજગારી મળી છે. અમે અહી સામાજીક અંતર જાળવી માસ્ક પહેરી કામગીરી કરીએ છીએ. કપરા સમયમાં રોજગારી આપવા બદલ સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ.

નશીમાબેન શેખ કહે છે કે, લોકડાઉનની કપરી પરીસ્થિતિમાં કામધંધો ન હતો તેવા સમયે ગામમાં તળાવ ઉંડું કરવાની કામગીરી શરૂ કરાવી તેથી ગામમાં જ રોજગારીનો સહારો મળ્યો છે તેથી પરીવારનું ભરણપોષણ કરી શકાશે. અગાઉના વેતન કરતા સરકારે ૨૫ રૂપિયાનો વેતન વધારો પણ કર્યો છે. જે આ બેરોજગારીના સમયે ઘણો જ કારગત નિવડશે. સરકારશ્રી દ્વારા કઠીન સંજોગોમાં અમને રોજગારી આપતા સરકારની સામે આભારની લાગણી પ્રગટ કરૂ છું.

સચિન-રેલવે સ્ટેશન રોડ પર ફર્નિચર અને ઈલેકટ્રીકના શો રૂમના ગોડાઉનમાં લાગી આગ



સુરત

શહેરના સચિન-રેલવે સ્ટેશન રોડ વચ્ચે આવેલા ફર્નિચર અને ઈલેકટ્રીકના શો રૂમના ગોડાઉનમાં આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઈ છે. ગોડાઉનનો બીજો અને ત્રીજો માળ આગની ઝપેટમાં આવી ગયો છે. હાલ ફાયર વિભાગ દ્વારા આગને કાબૂમાં લેવામાં આવી છે.

સચિન-રેલવે સ્ટેશન રોડ વચ્ચે આવેલા કુમકુમ નામના ફર્નિચર અને ઈલેકટ્રીકના શો રૂમના ગોડાઉનમાં આગ ફાટી નીકળી છે. ધુમાડાના ગોટે ગોટા અને આગની જવાળાઓને જોઈને મોટી સંખ્યામાં લોકો એકઠાં થઈ ગયા છે. ઘટનાની જાણ થતા હોજીવાળા અને સચિન જીઆઈડીસી ફાયર ઘટના સ્થળે પહોંચ્યા છે. ફાયર વિભાગ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર ભારે જહેમતે કાબૂ મેળવ્યો છે. આગમાં શો રૂમમાં મોટું નુકસાન થયાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે.

અમરોલી પોલીસ દ્વારા ઉત્રાણ સ્ટેશન પાસેથી વિરોધ કરે તે પહેલાં ભૂતપૂર્વ ઝેડઆરયુસીસી મેમ્બરની અટકાયત

ભૂતપૂર્વ ઝેડઆરયુસીસી મેમ્બર કલ્પેશ બારોટ સહિત ચારની અટકાયત કરવામાં આવી : ભાજપના નેતાઓને રેલવે સ્ટેશન પર આવવા દેવામાં આવતા વિરોધ

સુરત

અમરોલી પોલીસ દ્વારા ઉત્રાણ સ્ટેશન પાસેથી વિરોધ કરે તે પહેલાં ભૂતપૂર્વ ઝેડઆરયુસીસી મેમ્બરની અટકાયત કરી હતી. ભૂતપૂર્વ ઝેડઆરયુસીસી મેમ્બર દ્વારા ભાજપના નેતાઓને શ્રમિકની ટ્રેનની વિદાય સમયે રેલવે સ્ટેશન પર આવવા દેવામાં આવે છે. જ્યારે કોંગ્રેસના નેતાઓને આવવા દેવામાં આવતા નથી. જેનો વિરોધ કરે તે પહેલા ભૂતપૂર્વ ઝેડઆરયુસીસી મેમ્બર કલ્પેશ બારોટ સહિત ચારની અટકાયત કરવામાં આવી હતી.

ભૂતપૂર્વ ઝેડઆરયુસીસી (ઝોનલ રેલવે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટી) મેમ્બર કલ્પેશ બારોટે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીના સુરત શાસક પક્ષના નેતા ગિરિજાશંકર દ્વારા શ્રમિક ટ્રેન ઉપડવાની હતી ત્યારે કોરોના મહામારીની સરકારની ગાઈડલાઈન, પશ્ચિમ રેલવેના જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ કરતા જોવા મળે છે. જેથી તાકીદે શાસક પક્ષના નેતા સામે જાહેરનામા ભંગ અને પેડેમિક એકટ હેઠળ ગુનો નોંધી તેઓ સામે કાયદેસર શિક્ષાત્મક કાર્યવાહી તાકીદે કરે. રેલવે પોલીસ ભાજપના ઈસારે કામ કરે છે એવી છબી પ્રજામાં ઉદભવી છે તેની નાબુદી માટે જો ઉપરોક્ત બાબતમાં તાકીદે કાર્યવાહી કરવા ચિમકી આપી હતી. અને સુરત રેલવેની હદમાં આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાનું આયોજન કર્યું હતું. દરમિયાન ઉત્રાણ સ્ટેશન પાસેથી વિરોધ કરે તે પહેલાં ભૂતપૂર્વ ઝેડઆરયુસીસી મેમ્બર સહિત ચારની અટકાયત કરી લીધી હતી.

ડુમસમાં પાલિકાનો કચરાનો ટેમ્પો બેકાબૂ બન્યો, ત્રણ વાહન, બે વ્યક્તિને અડફેટે લઈ થાંભલામાં ઘૂસી ગયો

સુરત

શહેરના ડુમસ વિસ્તારમાં પાલિકાનો કચરાનો ટેમ્પો બેકાબૂ બન્યો હતો. ત્રણ-ચાર વાહન બાદ મહિલા પુરુષને અડફેટે લીધા ત્યારબાદ જીઈબીના વીજ પોલ સાથે ભટકાયો હતો. ટેમ્પો ચાલક અને સફાઈ કર્મચારી ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડુમસ વિસ્તારમાં આવેલી નાની બજારમાં એક પાલિકાનો કચરાનો ટેમ્પો ચાલકે સ્ટિયરીગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેથી ત્રણ-ચાર વાહનોને અડફેટે લીધા બાદ બે મહિલા પુરૂષને પણ અડફેટે લીધા હતા અને ત્યારબાદ જીઈબીના થાંભલામાં ઘૂસી ગયો હતો. જેથી વીજપોલ નમી ગયો હતો. અડફેટે આવેલા મહિલા અને પુરૂષને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ટેમ્પો ચાલક અને સફાઈ કર્મચારી ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

સમગ્ર સુરતમાં કોરોના વાયરસ ડિટેક્ટ કરવા વધુમાં વધુ સેમ્પલો લેવાય છે

તાકીદે સારવાર ઉપલબ્ધ બનતા સૌથી વધુ દર્દીઓ સ્વસ્થ બન્યા

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૦ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, કોરોના વાઈરસને કાબુમાં લેવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના દરેક ઝોનમાં અસરકારક અને ઘનિષ્ઠ સર્વેની કામગીરી, વધુમાં વધુ સેમ્પલ લેવા અને સ્ક્રિનીંગની કામગીરી જેવા જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે. કોરોના સાજા થઈ રહેલા દર્દીઓની સંખ્યા વધી રહી છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૫૨૦૬ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૬૮ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૫૩ લોકો છે. ૧૭૭૫ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. અત્યાર સુધી ૧૪ લાખ ૮૩ હજાર કરતા વધુ લોકોનુ સર્વેલન્સ કરવામાં આવ્યા છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૩૯ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. ૭૫ જેટલા રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે.

પ્રિમોનસુનની કામગીરી ખુબ જ ઝડપથી કરવામાં આવી રહી છે. ડ્રેનેજની ૬૦ ટકા જેટલી કામગીરી અને બાગબગીચાની ૮૦ ટકા કામગીરી કરવામાં આવી રહી છે. લોકડાઉનમાં રાહત આપતાં ખોલવામાં આવેલી તમામ દુકાનો અને ઉદ્યોગોના કામદારોને આરોગ્ય સેતુ એપ્લીકેશન ડાઉનલોડ કરવી ફરજિયાત છે. લોકડાઉન ૪.૦ માં વડિલો સુધી સંક્રમણ ન ફેલાય તેનું ખુબ જ ધ્યાન રાખવાનું છે, આ માટે પાલિકાએ વડિલોને વંદન નામનો કાર્યક્રમ શરૂ કર્યો છે.

અત્યાર સુધી ૨૩૭ ટ્રેન દ્વારા ૩,૩૭,૦૦૦ કરતા વધુ લોકોને સુરતથી પ્રવાસીઓને પોતાના ઘરે મોકલવામાં આવ્યા હતા. તેમણે શહેરીજનોને લોકડાઉનનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૮૬ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૧૧૫૩ અને જિલ્લાના ૮૬ મળીને કુલ ૧,૨૩૯ કેસો નોંધાયા છે.

સુરતમાં નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં શરુ થયેલી દુકાનોમાં આરોગ્ય વિભાગની તપાસ

સુરત

શહેરના નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં શરુ થયેલી દુકાનોમાં મનપાના આરોગ્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. એક્સપાયરી ડેટવાળી ખાદ્ય ચીજ વસ્તુઓનો નાશ કરવામાં આવી રહ્યો છે. બે મહિના પછી મિઠાઈ, માવા, ફરસાણ તથા બેકરીની દુકાનો શરૂ થતાં સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગે ચેકિંગ હાથ ધર્યું છે. આજે દુકાનોમાંથી ૨૦૦ કિલો અખાદ્ય પદાર્શનો નાશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નોન કન્ટેનમેન્ટ ઝોનમાં ધંધા રોજગાર શરુ કરવાની પરવાનગી આપવામાં આવી છે. બીજી તરફ સતત ૬૦ દિવસથી બંધ રહેલી દુકાનોમાં એક્સપાયરી ડેટવાળી ખાદ્ય ચીજવસ્તુઓનું વેચાણ ન થાય તે માટે આરોગ્ય વિભાગ દોડતું થયું છે. આરોગ્ય વિભાગ દ્વારા તમામ ઝોનમાં તપાસ હાથ ધરવામાં આવી છે અને અત્યાર સુધી ૨૦૦ કિલો અખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરવામાં આવ્યું છે અને આગામી દિવસોમાં પણ આ કામગીરી શરુ રહેશે. ગત રોજ આરોગ્ય વિભાગે કુલ ૪૬ દુકાનમાંથી ૭ હજાર કિલો અખાદ્ય પદાર્થનો નાશ કર્યો હતો.

નાંદોદના ભદામગામમાં કેટલા વર્ષોથી ગેર કાયદેસર સ્ટ્રીટ લાઈટો ચાલતી હતી..? કોની મિલીભગત..?!

લગભગ ૨૦૦૦ ના વર્ષ નું સ્ટ્રીટ લાઈટો નું મસમોટું બીલ બાકી હોય વીજ કંપની એ કનેકસન કટ કર્યું હતું જેથી ગેર કાયદેસર વાયરો નાંખી લાઈટો ચાલતી હોવાની જાણ થતાં વાયરો જપ્ત કરાયા

ભદામ ગામમાં ગેરકાયદેસર વાયરો નાંખી સ્ટ્રીટ લાઈટો ચાલતી હોવાનો ભાંડો ફૂટતા ગત અઠવાડિયે જ વીજ કંપનીની ટીમે વાયરો કાઢી નાંખતા અંધારપટ



અઠવાડિયા પહેલા વીજ કંપનીની ટિમ ગામમાં અન્ય કામ અર્થે જતા ગેર કાયદેસર વાયરો નજરે પડતા જપ્ત કર્યા

લગભગ ૧૦ વર્ષ પહેલાં કટ કરાયેલા કનેકસન બાદ કેટલા વર્ષ થી ગેરકતદેસર સ્ટ્રીટ લાઈટો ચાલતી હશે એ તપાસ નો વિષય શુ આટલા વર્ષો સુધી વીજ કંપની ના કોઈ અધિકારી કે કર્મચારી નું ગેર કાયદેસર કનેકસન પર ધ્યાન જ ન ગયું...?કે કોઈ અંગત ફાયદા માટે આંખ આડા કાન કરાયા...??

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા ને અડીને આવેલા ભદામ ગામ માં એકાદ અઠવાડિયા થી સ્ટ્રીટ લાઈટો બંધ થતાં ગામ માં અંધારપટ છવાઈ ગયું છે. જાણવા મળ્યા મુજબ અગાઉનું વીજ બીલ બાકી હોય ઘણા વર્ષો થી સ્ટ્રીટ લાઈટો નું કનેકસન વીજ કંપની એ કટ કર્યું હતું પરંતુ ગેર કાયદેસર વાયરો નાંખી લાઈટો ચાલતી હોવાની જાણ થતાં જ ગત અઠવાડિયે વીજ ટીમે ગેર કાયદેસર નંખાયેલા વાયરો જપ્ત કરતા હાલ ગામ માં અંધારપટ છવાઈ ગયું છે.

આ બાબતે અમારા પ્રતિનિધિ એ ગામના સરપંચ શૈલેષભાઈ સાથે ટેલિફોનિક વાત કરતા તેમણે જણાવ્યું કે અગાઉ લગભગ ૧૯૯૦ ના વર્ષ માં સ્ટ્રીટ લાઈટ નું મોટું બીલ બાકી હતું માટે આ તકલીફ ઊભી થઈ હતી પરંતુ આ બાબતે વધુ પૂછતાં સરપંચે ગોળ ગોળ જવાબ આપી અન્ય એક વ્યક્તિ ને ફોન પકડાવતા એ મહાસાય તો તમને જેણે માહિતી આપી તેને વિગત પૂછો કહી અકળાઈ ઉઠ્યા હતા ત્યારે સવાલ એ થાય કે ગામની સ્ટ્રીટ લાઈટો ની માહિતી શુ સરપંચ પાસે ન હતી કે અન્ય કોઈ બાબત ના કારણે ગોળ ગોળ જવાબ અપાયા...?

સરપંચ નો સંતોસ્કારક જવાબ ન મળતા અમારા પ્રતિનિધિ એ સીધો વીજ કંપની ના એક અધિકારી નો સંપર્ક કરતા સત્ય હકીકત જાણવા મળી તેમના જણાવ્યા મુજબ લગભગ ૨૦૦૦ ના વર્ષ માં આ ગામનું સ્ટ્રીટ લાઈટ નું અંદાજે ૯૦ હજાર રૂપિયા જેવું બીલ બાકી હોવાથી વીજ કંપની એ એ સમયે સ્ટ્રીટ લાઈટ કનેકસન કાપી નાખ્યું હતું.ત્યાર બાદ ગત સમાહે વીજ કંપની ની ટિમ ગામ માં અન્ય કામે ગઈ ત્યારે સ્ટ્રીટ લાઈટ માટે નાંખેલ ગેર કાયદેસર વાયરો પર નજર પડતા વીજ ટિમ આ વાયરો કાઢી લાવી જેના કારણે ગામ માં અંધારપટ થઈ ગયો

લગભગ દસ વર્ષ પહેલા સ્ટ્રીટ લાઈટ નું કનેકસન કપાયું હતું ત્યારબાદ કોઈ એ બાકી બીલ ભર્યું જ નથી..? અને કનેકસન કટ કર્યા બાદ ગેર કાયદેસર સ્ટ્રીટ લાઈટો નું જોડાણ કેટલા વર્ષો થી ચાલતું હશે...?શુ આટલા વર્ષો માં વીજ કંપની ના કોઈ અધિકારી કે કર્મચારી ની નજર આ ગેર કાયદેસર કનેકસન પર ના ગઈ...? જો ઘણા વર્ષો થી ગામની સ્ટ્રીટ લાઈટો ગેર કાયદેસર ચાલતી હશે તો તેનું બીલ કે ગેર કાયદેસર કનેકસન બાબતે ની કાર્યવાહી કોણ કરશે...? આ બાબતે ઘણા સવાલો ઉભા થાય છે પરંતુ તાળી એક હાથે ના વાગે એમ કદાચ વીજ કંપની ના કોઈ ની મિલીભાગ ની પણ શંકા આમાં સેવાઈ રહી હોઈ કોણ અને ક્યારે પગલાં લેશે...?

કેવડિયા ઝેર ગામ પાસે લાકડા કાપતા વિરપ્પનો ઝડપાઇ જતા વન વિભાગની ટિમ પર હુમલો: બે કર્મીઓને ઈજા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં જંગલ માંથી લાકડા ચોરી નું પ્રમાણ વધતા વન વિભાગ સતત સચેત રહેતા લાકડા ચોરો દ્વારા વન વિભાગ ની ટિમો પર એક બાદ એક હુમલા વધી રહ્યા છે જેમાં ગતરોજ કેવડિયા નજીક પણ લાકડા ચોરી કરનાર ને ઝડપી લેતા ટોળાં એ વન વિભાગ ની ટિમ ઉપર પથ્થર મારો કરતા બે કર્મચારીઓને ઈજા થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ગતરોજ કેવડિયા નજીક ઝેર ગામ નર્સરી પાસે વન વિભાગ ના ફોરેસ્ટર ઉમેશભાઈ ભલુભાઈ તડવી પોતાના સ્ટાફ સાથે જંગલ રાઉન્ડ માં નીકળેલા તે વખતે ઝેર ગામની નર્સરી આગળ જતા જંગલમાં લાકડા કાપવાનો અવાજ આવતા એ ટિમ સાથે ઘેરો ઘાલી લાકડા ચોરો ને પકડવા જતા રમણભાઈ રામાભાઈ તડવી સાગી સોરસી નંગ-૪ સાથે પકડાઈ ગયો હતો જ્યારે અન્ય એક અમરેશ નામક વ્યક્તિ ભાગી છૂટ્યો હતો.



પકડાયેલ લાકડા ચોર રામણ તડવી ને લાકડા સાથે ઝેર ગામની નર્સરી ઉપર લાવતા બીજા લોકોનું ટોળું ત્યાં ધસી આવી ફોરેસ્ટર અને ટીમના કર્મી ઓને ગાળો બોલી આરોપી ને છોડાવી લઇ ગયા હતા જેમાં વન વિભાગ ના ડ્રાઈવર અજયભાઇ ગુરજીભાઈ તથા રોજમદાર રાજેન્દ્ર ભાઇ કાનજીભાઈ ને આ ટોળા એ ભેગા મળી ગે.કા મંડળી રચી ઝપાઝપી કરી બન્ને સ્ટાફ ના શર્ટ ફાડી છુટા પથ્થરો મારી ઈજા કરતા ડ્રાઈવર અને રોજમદાર ને ગરુડેશ્વર સરકારી દવાખાને સારવાર હેઠળ દાખલ કરાયા હતા .આમ આ વિરપ્પનો અને ટોળા એ સરકારી કામમાં અવરોધ ઉભો કરતા ફોરેસ્ટર ઉમેશ તડવી ની ફરિયાદ ના આધારે કેવડિયા પોલીસે આરોપીઓ માં રમણ રામાભાઈ તડવી,દશરથ સોમાભાઈ તડવી,અમરેશ રમણભાઈ તડવી, અર્જુન રામાભાઈ તડવી,રમેશ વેચાણભાઈ તડવી, ભુપેન્દ્ર અશ્વીનભાઈ તડવી,વીનુ મુળજીભાઈ તડવી,ઈશ્વર તડવી, સોમા ભવનભાઈ તડવી,અનીલ દલસુખભાઈ તડવી, તમામ રહે,ઝેર તા.ગરુડેશ્વર વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

નર્મદા જીલ્લામા કોરોનાના નવા બે પોઝીટીવ દર્દી આવતા ગ્રીન ઝોન પર બ્રેક લાગી

રાજપીપળા દરબાર રોડ પર રહેતા દીપકભાઈ બુદ્ધિ સાગર રાવલ (૪૮)અને નાંદોદ ના મયાસી ગામનો ૧૦ વર્ષીય બાળક સાગર સુરેશભાઈ વસાવા નો બ્લડ રીપોર્ટ પોઝીટીવ આવ્યો

ગત ૧૧ મેં ના દિવસે અશોક ચાવડા નામના આરોગ્ય કર્મચારી નો બ્લડ રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ આજે સવારે તે સ્વસ્થ થતા રજા અપાયા બાદ બીજા બે નવા પોઝીટીવ કેસ આવ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા માં ગત ૧૧ મેં એ એક કોરોના પોઝીટીવ કેસ આવ્યા બાદ આજે એ દર્દીને રજા આપવામાં આવી હતી ત્યારે ટેસ્ટિંગ માં ગયેલા બ્લડ સેમ્પલ નો રિપોર્ટ બપોર બાદ આવતા એક બાળક સહિત બે નવા પોઝીટીવ કેસ નિકળતા નર્મદા જિલ્લો ગ્રીન ઝોન માં જશે તે વાત પર બ્રેક લાગી છે.

સરકાર ના લોકડાઉન-૪ માં થોડા દિવસો થી વેપાર ધંધા બાબતે રાહત હતી, લોકોનુ જન જીવન થાળે પડતું દેખાઈ રહ્યુ હતું.બે દિવસ થી નર્મદા જીલ્લા પૂરતી એસટી બસો પણ શરૂ થઈ હતી સાથે ગુરુવારે સવારે કોવિડ-૧૯ માં સારવાર લઈ રહેલા છેલ્લા પોઝીટીવ આવેલા આરોગ્ય કર્મચારી અશોક ચાવડા સ્વસ્થ થતાં તેમને પણ રજા અપાઈ હતી પરંતુ ટેસ્ટિંગ માં મોકલાયેલા બ્લડ સેમ્પલ નો બપોર બાદ રિપોર્ટ આવતા તેમાં એક રાજપીપળા દરબાર રોડ પર રહેતા દીપકભાઈ બુદ્ધિ સાગર રાવલ (૪૮)અને નાંદોદ ના મયાસી ગામનો ૧૦ વર્ષીય બાળક સાગર સુરેશ ભાઈ વસાવા નો રીપોર્ટ પોઝીટીવ આવતા ફરી નર્મદા નું ગ્રીન ઝોન માં જવાના સપનું રોળાયુ હતું.

અત્યાર સુધી શહેરમાંથી ૩૯ લોકો કોરોનાને હરાવી સાજા થયા છે

સુરતમાં વધુ ૩૭ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૧૨૩૯ પર પહોંચ્યો, વધુ એકનું મોત

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૩૭ કેસ નોંધાતા શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૧૨૩૯ થઈ ગઈ છે. જ્યારે વધુ એકનું મોત થતા મૃત્યુઆંક ૫૫ થઈ ગયો છે. શહેરમાં વધુ ૩૯ દર્દીઓ કોરોનાને હરાવી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે. આ સાથે શહેર જિલ્લામાં કુલ ૮૨૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. આજથી જિલ્લામાં એસટી બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં સવારે ૮થી સાંજે ૬ સુધીમાં ૨૦૦ ટ્રીપ અને ૮૪૦૦ કિમી રોજ ચલાવવામાં આવશે. સુરત જિલ્લામાં મૃત્યુ આંક ૫૫ પર પહોંચી ગયો છે.

આજે વધુ એકનું મોત થયું છે. જેમાં લિંબાયત ઝોનના ડુંભાલ ખાતે આવેલી ઓમનગર સોસાયટીમાં રહેતી ૩૮ વર્ષીય બાનુબેન હમીઝ પઠાણને ૧૮ મેના રોજ રિપોર્ટ પોઝિટિવ આવતા દાખલ કરી હતી. જેનું આજ રોજ મોત થયું છે. જેમને ડાયાબિટીસ અને માનસિક રોગની બીમારી હતી. ઉધના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોમગાર્ડના જવાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હોમગાર્ડ જવાન મહેન્દ્ર યાદવ પીસીઆર નંબર ૧૦માં ફરજ બજાવતાં હતાં.

મહત્વપૂર્ણ છે કે ગઈકાલે પણ ઉધના પોલીસ સ્ટેશનના એક કોન્સ્ટેબલનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો ત્યારે આજે હોમગાર્ડના જવાનમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સુરત સિટીમાં ૩૫ કેસ નોંધાયા છે. જ્યારે જિલ્લામાં બે કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ હોટ સ્પોટ લિંબાયત ઝોનમાં ૧૬ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૩, વરાછા-એ ઝોનમાં ૪, વરાછા-બી ઝોનમાં ૧, કતારગામ ઝોનમાં ૩, ઉધના ઝોનમાં ૫ અને અઠવા ઝોનમાં ૩ કેસ નોંધાયા છે.

નર્મદા જિલ્લા માંથી બિહારના ૧૪૪ પરપ્રાંતિય શ્રમીકો-ધંધાર્થીઓ વતન જવા રવાના



રાજપીપળા થી ૪ બસો મારફતે વડોદરા અને ત્યાંથી સ્પેશીયલ ટ્રેન મારફતે બિહાર જશે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ભારત સરકાર અને રાજ્ય સરકારના સંકલનમાં રહીને જિલ્લા કલેક્ટર મનોજ કોઠારીના માર્ગદર્શન હેઠળ આજે બિહારના ૧૪૪ પરપ્રાંતિય શ્રમીકો અને ધંધાર્થીઓને વતન બિહાર જવા રવાના કરાયા હતા.

ગુરુવારે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામા રહેતા -૧૩૬ શ્રમીકો અને ધંધાર્થીઓ તમેજ દેડીયાપાડામાં રહેતા-૬ અને સાગબારા તાલુકાના-૨ મળી કુલ ૧૪૪ શ્રમીકોને જિલ્લા વહિવટીતંત્ર દ્વારા તેમના વતન બિહાર જવા રવાના કરવામાં આવ્યા હતા. આ તમામ પરપ્રાંતિય પ્રવાસી શ્રમીકો અને ધંધાર્થીઓને રાજપીપળા બસ સ્ટેશનથી ૪ બસો દ્વારા વડોદરા રેલવે સ્ટેશને પહોંચાડવા માં આવ્યા હતા.જ્યાથી તેઓ સ્પેશીયલ ટ્રેન મારફતે બિહાર જવા રવાના થશે.

આ બાબતે નાંદોદ તાલુકાના મામલતદાર ડી.કે.પરમારે જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં રહી ધંધો રોજગાર કરતાં બિહારના કુલ ૧૪૪ શ્રમીકો,ધંધાર્થીઓને આજે રાજપીપલાથી ૪ બસ મારફતે વડોદરા અને વડોદરાથી સ્પેશીયલ ટ્રેન મારફતે બિહાર રવાના કરવામાં આવ્યા છે. આ તમામ શ્રમીકોનું મેડીકલ ચેકઅપ પણ કરવામાં આવ્યું છે અને સુકો નાસ્તો,પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.



રાજપીપળા દરબાર રોડ પાસે ની ગલી સિલ કરાઈ Dysp રાજેશ પરમાર P.I. આર .એન.રાઠવા સહિત આરોગ્ય ની ટિમ સ્થળ પર.

કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવતા મહિધરપુરા હીરા બજારમાં ખુલેલી ઓફિસોને પોલીસે બંધ કરાવી

ઓફિસોમાંથી હાજર લોકોને બહાર કાઢી બંધ કરાવી : મંજુરી ન હોવા છતાં સંચાલકો ઓફિસો ખોલી બેઠા હતા

સુરત

લોકડાઉન ૪.૦ની શરૂઆત છૂટછાટ સાથે થઈ છે. જેમાં સુરત શહેરમાં કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગને પરવાનગી આપવામાં આવી છે. જોકે, આજે કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવતા મહિધરપુરા હીરા વિસ્તારમાં ઓફિસો ખુલી હતી. જેથી સ્થાનિક પોલીસ દ્વારા ઓફિસોમાં હાજર લોકોને બહાર કાઢી ઓફિસો બંધ કરાવવામાં આવી હતી.

લોકડાઉન ૪.૦ની શરૂઆત થતા જ હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગને નોન કન્ટેઈનમેન્ટ ઝોનમાં ખોલવા પરવાનગી આપવામાં આવી છે. વરાછા-કતારગામ વિસ્તારમાં આવેલી ફેક્ટરીમાં સાફસફાઈનું કામકાજ શરૂ થયું છે. મિનીબજાર અને મહીધરપુરા હીરા બજારને બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. જોકે, આજે કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવતા મહિધરપુરા હીરા બજારમાં ઓફિસો ખુલી હતી. જેની જાણ સ્થાનિક પોલીસને થતા ઓફિસમાંથી લોકોને બહાર કાઢી ઓફિસ બંધ કરાવી દીધી હતી. ત્યારબાદ લોકોને હવે મંજૂરી મળ્યા બાદ ઓફિસ ખોલવા કહેવાયું હતું.